
[illegible] સં. [illegible] અડતાલીસમું [illegible]

કુમાર

તંત્રી · બચુભાઈ રાવત



પાર્શ્વનાથ [illegible]

અનુક્રમણિકા

માર્ચ ૧૯૭૦ • અંક ૫૫૫

તંત્રી: બચુભાઈ રાવત ~ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૫-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫.


નૃત્યાંગના


આધુનિક શૈલીનું કાષ્ઠશિલ્પ

શિલ્પી: સી. પી. રાજારામ

વાસ્તવદર્શી કલાના અતિસ્પષ્ટતાના પ્રત્યાઘાત તરીકે માત્ર માનસ-છાપને અસ્પષ્ટ વ્યંજના રૂપે રજૂ કરવા માટે આધુનિક કલાકારો જે નિજી સ્વૈર અભિવ્યક્તિઓ યોજે છે તેનું આ દૃષ્ટાંત છે. એમાં વાસ્તવની વિગતો નહિ પણ ભાવનો અભિનિવેશ જ દર્શાવવામાં આવે છે. એ રીતે વૃક્ષના થડિયામાંથી સર્જેલા આ શિલ્પમાં ભલે નૃત્યાંગનાનાં દેહરૂપ કે વસ્ત્રાભૂષણોની વિગતો નથી, પણ નૃત્યછટા નિર્દેશતા તેના બાહ્યાકારથી, અને તેની લીસી સપાટી પર પડતા તેજછાયાના પલટા તથા થડના વળિયાથી તેનું ભાવલાલિત્ય નીતરી રહે છે. ઝાડના એક થડના કુદરતી ઘાટ અને વળાંકામાં આમ નૃત્યાંગનાની દેહછટાનું દર્શન કરીને કલાકારે તેનો પ્રશસ્ય વિનિયોગ કર્યો છે. અરૂઢ આકારમાંથી ઊપસતી એ નૃત્યભંગિ પણ આ નીચે આપેલા શ્રી જગન્નાથ અહિવાસીના એ જ ઢબના રેખાંકન જેટલો જ આસ્વાદ આપી રહે છે.







મેઘદર્શન

(૧૯મી સદીના આરંભની કાંગડા કલમનું ચિત્ર)

ગ્રીષ્મના બળતા તાપ અને વિરહની આગ પછી વર્ષાનું અને પ્રિયતમનું આગમન નાયિકાને પ્રફુલ્લિત જ કરે. તનને ને મનને શાતા આપતા આ આગમનથી ઉત્સાહિત નાયિકા સ્વાગતની ફૂલમાળા પણ દાસીના હાથમાં રહેવા દઈને, નાયકને ઘરની અગાસીમાં ખેંચી લાવીને મેઘ-આગમનનું દર્શન કરાવે છે. અગાસીમાં મોર, દાસીને ખભે ચંબી ગએલો હવે બિનજરૂરી વીંઝણો ને નાયક-નાયિકાના મુખભાવ વગેરે દ્વારા, ચિત્રકારે પ્રસંગાનુરૂપ રંગો વાપરીને વાતાવરણમાં પ્રસરેલી ભીની ફોરમથી સર્વત્ર ફેલાએલા આનંદને વ્યક્ત કર્યો છે. પ્રેમીઓના હૃદયને એકબીજાની વધુ નજીક લાવતી જીવનની આવી કેટલીક નાની નાની પળોની મીઠાશને કાંગડા કલમે જે વાચા આપી છે એ કદાચ ભારતીય ચિત્રશૈલીઓમાં અનન્ય છે.

(શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના કલાસંગ્રહમાંનું એક ચિત્રરત્ન: તેમના સૌજન્યથી)

વાચકો લખે છે

અંક૫૫૩માં શ્રી હરિનારાયણ આચાર્યે સંસ્કૃત કવિ રાજશેખરકૃત 'બાલ રામાયણ'ના એક શ્લોક કાવ્યરસિકોમાં વધુ આકર્ષક અને પ્રભાવકારી હોવાનું જણાવ્યું એ આનંદની વાત છે. બરાબર એ જ પ્રસંગ અને એ જ ભાવને રજૂ કરતો એક છંદ ગોસ્વામી તુલસીદાસજીએ પોતાની 'કવિતાવલી'માં લખ્યો છે. મારા સાહિત્યશાસ્ત્રના ગુરુવર્ય વાગીશ્વરજી વિદ્યાલંકારે બન્ને રચનાઓની તુલનાત્મક આલોચના કરતાં બતાવ્યું હતું કે તુલસીદાસજીની રચના ભાવનિરૂપણ, શબ્દશિલ્પ અને લયની દૃષ્ટિએ વધુ ઉદાત્ત અને પ્રભાવોત્પાદક રીતે ઊપસી આવે છે. 'કુમાર'ના સહૃદય વાચકોના આસ્વાદન માટે ગોસ્વામીજીની રચના અત્રે રજૂ કરી છે:

पुर ते निकसी रघुबीर-बधू
धरि धीर दये मग मेँ डग द्वै
झलकी भरि भाल कनी जल की
पुट सूख गए मधुराधर वै।
फिरि बूझति है चलनो अब केतिक
पिय पर्नकुटी करिहौ कित ह्वै
तिय की लखि आतुरता पिय की
अँखियाँ अति चारु चलीं जल च्वै॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર



હું ચી. ન. કલાવિદ્યાલયમાંથી ડી. ટી. સી. થયો છું અને 'કુમાર'નો વાચક છું. અહીં વીણા પાસે સીંધાલી ગામ(તા. નડિયાદ)માં શિક્ષક છું. મને જૂની કલા-કોતરણીઓનો ખૂબ શોખ છે.

આ સાથે જે ફોટો મોકલું છું તે શિલ્પ વસોના રામનાથ મહાદેવની દક્ષિણ તરફની ભીંત પર નવેક ફૂટ ઊંચે મધ્યભાગમાં આવેલું છે. એમ કહેવાય છે કે આ મહાદેવ બંધાયે ૪૦૦ વર્ષ ઉપર થયાં છે. આવાં બીજાં શિવનાં બે શિલ્પો છે, પણ તેનો ફોટોગ્રાફ લેવો મુશ્કેલ છે. કેટલાંક ભીંતચિત્રો પણ છે.

હું નોકરી કરું છું તે ગામમાં જે ઘરમાં રહું છું તે ઘર પર પૂતળીઓની ઘણી સરસ કોતરણી છે. એક બારીનો ઉમરો પણ હાથીના મુખનો છે. કોઈ માણસ અહીંથી રૂ. ૨૦૦૦) આપીને લઈ જવા કરતો હતો, પણ કાંઈ બન્યું નહિ.

(વસો) —અશોકકુમાર સો. પુરોહિત

ઑક્ટોબર અંકમાં ૪૧૦મા પાને ગાંધીજીના સ્કેચ નીચે કવિ શ્રી નાનાલાલના કાવ્યના 'પ્રભાતના તપસ્વી' લેખે જે ઉલ્લેખ થયો છે તે 'ગુજરાતનો તપસ્વી' હોવું જોઈએ. 'પ્રભાતનો તપસ્વી' તો, તેની 'પૅરડી' તરીકે કવિ શ્રી ખબરદારે કૂકડા પર કાવ્ય લખ્યું હતું તે.

[એ સંપાદકીય ભૂલ માટે અમને ખેદ છે.]

જાન્યુ. અંકના આરંભમાં અમદાવાદના કોઈ હરીશ અ. વટાવવાળાના નામે છપાયલી મારી જ કૃતિ 'નવે વર્ષે' જોઈ તાજ્જુબ થયો. એની છેલ્લી પંક્તિમાં એક શબ્દ જ ઊડી ગયો છે અને તેની પહેલાંની ઉપાન્ત્ય પંક્તિ તો આખી જ રહી ગઈ છે. છેલ્લાં બે ચરણ નીચે પ્રમાણે છે અને તો જ એનો અર્થબોધ થાય છે:

માથું પામરતા ના'વે, દુ:ખમાં યે હસી શકું,
ભૂલું ના હું નિયન્તાને, એની હૂંફે સહુ સહું.

આમાં અનુસ્વાર છેલ્લા સહુંમાં છે, આગલો શબ્દ સહુ છે. અહીંના 'જનશક્તિ'ની દીપોત્સવી પૂર્તિમાં એ ત્રણેક વર્ષ પર છપાયું હતું. એની રચના પાછળ પણ થોડોક ઇતિહાસ છે. મારા એક મિત્ર કરોડરજ્જુનો છેલ્લો મણકો સ્થાનભ્રષ્ટ થવાથી ૮-૧૦ વર્ષોથી માધુકરીમાંના શ્રી ભીમરાવ (પ્ર. હી.) મહેતા માફક પથારીવશ હતા. આ કૃતિ એમને સંબોધીને રચી હતી.

ત્યારે આમ વાત છે! પ્રસિદ્ધિનો મોહ શું નથી કરાવતો? ૧૩મી પંક્તિમાં પણ 'હૈયે કયમે' ને બદલે 'ક્યમે' કરી છે.


(મુંબઇ) —લક્ષ્મીનારાયણ મો. પંડયા

જાન્યુ. અંકમાં કોઈ વાચક ઊપસેલા સ્તનના ભાગ માટે ઉપાય માગે છે તેમને લખશો કે મને મળે. મેં એવા કિસ્સાની સારવાર કરતાં ઘણો ફાયદો થયો હતો. ક્દાચ તેમને પણ થાય. ઉપર ઉમર ઘણો આધાર છે.—ડૉ. હરીલાલ હ. પંડયા, 'શ્રી કુંજ' ૧૪, કેવડાવાડી, રાજકોટ-૨.

લસી-પ્રવાહ (કાયાની કરામત-૨૮) લોહીની કેશવાહિનીઓની અતિ પાતળી દીવાલોમાંથી વાયુઓ સાથે સતત રક્તજલ પણ બહાર આવી શરીરના કોષો વચ્ચેની જગ્યામાં પ્રસરે છે. કોષો તેમાંથી પ્રાણવાયુ અને પોષણ મેળવે છે તથા કાર્બન ડાયોક્સાઈડ વગેરે વ્યયદ્રવ્યો તેમાં ઠાલવે છે. કોષો અને લોહી વચ્ચે વિનિમય કરાવનારું એ પ્રવાહી તે લસી. કોષોની વચ્ચેની જગ્યામાં આ અતિ સૂક્ષ્મ ગીચ લસી કેશવાહિનીઓ આવેલી છે તે એકઠી થઈ મોટી લસીવાહિની બને છે જે ઝીણા સૂતર જેટલી પાતળી હોય છે. લસીવાહિનીઓમાં પણ રક્તશિરાની પેઠે પડદા હોય છે. લસીવાહિનીઓ આંતરત્વચાની નીચે, શરીરમાં ખૂબ ઊંડે અને આંતરડામાં સર્વત્ર (જુઓ નીચેની આકૃતિ) પથરાએલી છે. એની નાજુકતા અપ્રતિમ હોઈ સંખ્યા અને કુલ લંબાઈમાં એ રક્તવાહિનીઓ કરતાં યે અનેકગણી વધારે—ગણનાતીત છે.



ચામડી નીચે રક્તશિરા જેમ ભૂરી દેખાય છે તેમ લસીવાહિનીઓમાં સોજો આવે ત્યારે તે ચામડી પર લાલ તાંતણા જેવી દેખાય છે. શિરાઓ પેઠે લસીવાહિનીઓ પણ બધી હૃદય ભણી જાય છે. તે એકબીજી સાથે જોડાતી જઈ કરોડની બાજુમાં એક મોટી લસીવાહિની બને છે, જેને 'થૉરેસિક ડક્ટ' કહે છે. તે છાતી ભણી ઊંચે જઈ બે ભાગમાં ફંટાઈને છેવટ ડાબી અને જમણી રક્તશિરામાં સાથે જોડાઈ જાય છે અને તેમાંનો લસીપ્રવાહ લોહી સાથે હૃદયમાં ઠલવાય છે. બાજુની આકૃતિમાં શરીરમાં લસીવાહિનીઓનો વ્યાપ દર્શાવ્યો છે. ચામડીની લસીવાહિનીઓ દરેક જાતના પ્રવાહી અને પદાર્થો શોષતી હોવાથી તેમાં જીવાણુઓ અને ધૂળનાં અતિસૂક્ષ્મ રજકણો પણ ભળે છે. લસી દ્વારા એ અશુદ્ધિ લોહીમાં ન ભળે તે સારુ લસીવાહિનીઓ સાથે શરીરમાં ઠેરઠેર લસીગ્રંથિઓ (જુઓ આકૃતિ) જોડાએલી છે, જે લસીને ગાળીને સાફ કરે છે. શરીરમાં આવી ગ્રંથિઓ લાખોની સંખ્યામાં છે.



¹ઘડીભર / માધવ રામાનુજ

· લાવણી-કટાવ ·

વગડાનું એકાંત
ઘોરને છાંયે છૂટયા ગાડામાં ખડકાય.

ટળવળે સાંતીડામાં
વણખેડાયલ ચાસ.

છાંયડો લથરવથર હાળીને
બાવળ શેઢાની ભીનાશ ચરે.

ધોરીડા ધીરે
પડ્યાપડ્યા વાગોળે વેળા.

ગોફણમાં અટવાઈ
ઝરતો વણ ગ્હેરેલો મોલ.

ખીજડાના ઠૂંઠા પર ચડી
ચાડિયો બરછટ નજરે
ભરે રિક્તતા સીમાડાની;

સીમાડે છલકાય
સરોવળ મૃગજળનાં
ને કાંઠે છલકે હેલ્ય.

પાળ પર હળવે હળવે આવે
ભીનલ થનગનતો અસવાર...

ઘડીભર
વ્યાપી સઘળે ગોરંભાતી
મત્ત મોરની ગ્હેક;
ગ્હેકનાં હરચકભરચક ચાસ;
ચાસમાં લાજવતીનું
કૅળી ઊઠે અંગ!...

ઘડીભર
મીચી બંને આંખ
ચાડિયો ખેતરનાં આંસુ લૂછે ·
ને વગડાનું એકાંત
ઘોરને છાંયે છૂટયાં ગાડામાં ખડકાય.

²ફાગણના દિવસોમાં / રમેશ પારેખ

· ગાન ·

તારા ગણવાથી રાત પૂરી ન થાય
હવે તારા ગણવાથી વાત પૂરી ન થાય
એકલવાયા રે સખી, ઘરના રહેવાસ એમાં આવા ને આવા ઉજાગરા,
ફાગણના દિવસોમાં ફળિયે તો ઠીક, મારાં લોચનમાં મ્હોર્યાં છે ખાખરા.

લંબાતી ઝંખનાને છેડો નહિ ક્યાંય
હું તો પગલે પગલે રે સાવ તૂટું,
કાંકરીઓ વાગવાથી ફૂટતી'તી હેલ્ય
હવે એવા દિવસો કે હું જ ફૂટું;
આથમણી મેર ફૂબે સૂરજ છતાં ય મારે રોમરોમ તડકાઓ આકરા,
ફાગણના દિવસોમાં ફળિયે તો ઠીક, મારાં લોચનમાં મ્હોર્યાં છે ખાખરા.

કોડને કમાડ કદી ઘૂંટેલા લાભશુભ
રાતું ચટ્ટાક હજી લાગે,
ફળિયામાં આભલાંનું તોરણ—
તે કોઈ એક આવે તો કેટલા ય લાગે
ભણકારો સ્હેજસાજ વાગ્યાથી લોહીઝાણ થઈ જાતા જોયાના કાંગરા,
ફાગણના દિવસોમાં ફળિયે તો ઠીક, મારાં લોચનમાં મ્હોર્યાં છે ખાખરા.

³ને ૫હણે— / યશવંત ત્રિવેદી

· ગાન ·

ને પ્હણે તું ઊભી ચિત્રશી જાંબુડી સાંજની કોઈ આશાવરી.
તું ઠબૂરતી સૂરજને માધવી મંડપે
ને અંગુલિથી ખીલ્યા પ્રહરને ચાંદની ચૈત્રની ફૂટતી.
તું આંજતી પારિ તે જાતની કેસરી દાંડલી
ને કંચુકીબંધમાં તું સખી ચૈત્રવૈશાખ ફૂલદોલતી ફૂલતી,
ને પ્હણે સખિયરો ખોલતી કેસરી દ્વાર દક્ષિણનું ચૈતરી ચૈતરી
તું ગીતરી લલીય લળતી લળી હું પરે
ને પ્રણયની ગોષ્ઠિને ફૂટતો કાંચનો લાલ મન્મોલ રંગ,
તું શ્રાવણી વરસતી ચૈત્રની બારીએ
ને પીળક પિકઝૂલને દાડમી ફૂલની અડકતો આપણી સંગસંગ
ને પ્હણે માધવીમંડપે તું મને—હું તને ક્ષણક્ષણે રહું વરી.

૧) ચડિયાતા દિવાસ્વપ્ન દ્વારા ચેરૂ બનતું દુષ્કાળનું વેદનાસભર આલેખન; ૨) વસંતની વિરહિણીની લંબાતી ઝંખનાનું ગીત; ૩) કલ્પના ભરકે રંગેલું ગીતચિત્ર; ૪) પ્રથમ પ્રસૂતિમાં જ જન્મીને મૃત પામેલા પુત્રના શોક (ડિસેમ્બર અંકમાં આવેલા કાવ્યના અનુસંધાને) આ વાત 'હવે'નાં નિરનિરાળી રીતે વેદના વ્યક્ત થઈ છે; ૫) પ્રિયતમ વહાલનાં અમોલ ઘરેણાં પહેરાવતો જાય અને કેવી મીઠી મૂંઝવણ ઊભી થતી જાય! ૬) વિવિધ સ્મરણોમાં પથરાઈને વ્યક્ત થતો વિરહ; ૭) દ્વાર ખુલ્લાં અને ઘર બંધ એવા 'સંબંધ'ને ગાતી ગર્ભિત ગઝલ.

થકી (ગઝલ) / આઝમ કરીમી

કોણ આ દોડી ગયું રખડુ પવનના ભાસથી!
ગૂંગળાઉં છું ખરેખર હું ય શ્વાસે શ્વાસથી.

તે છતાં યે ભીખ મૃગજળની અમે માગી હતી;
વ્યોમ કંઈ છેટું હતું ના આપણા આવાસથી.

ક્યાંકથી ફૂલોની ફોરમ આવશે સત્કારવા;
કંટકો પર પગ મૂકું છું કેટલા વિશ્વાસથી!

ચાર હાઈકુ / મીનાક્ષી દીક્ષિત

પાન ખરે ને
ધરા પે વૃક્ષનો લે
એક્સ-રે સૂર્ય.

મોજાં છુપાયાં
સાગરે: વેળુ પર
ઓકળી આંકી.

ધીમેથી ખસી
જાય મોજાં; ચડાવી
હોડીને ઊંચે.

ઊંડા જળને
ડહોળ્યા વિના વૃક્ષો
માંહિ ઊતરે.

૪ હવે ૧ / હેમન્ત દેસાઈ

• શિખરિણી •

હવે : સૂના હસ્તો, વિવશ અધરો, દગ્ધ ઉરજો,
અને ખાલી ખોળો શશિહીણ અમાસી ગગન શો
બધાંની કો મુદ્રા પલકભર કલ્પું હું કવિની
પ્રભુએ બક્ષેલી નજરમહીં વેગે ભરું અને
નિહાળું ત્યાં મારું શિશુ કિલકિલાટો કરી રહ્યું,
અમે જે ના જોઈ પણ ક્ષણ શકયાં તે સુખ વડે
સુણ્યો ના તે 'ઊં'આં' સ્વર અકલ વિશ્વે અભિરમે!
રમે જ્યોત્સ્ના, સૃષ્ટિ ઊજળી સહસા સ્વપ્ન તૂટતું,
ફરી નેત્રે : ઠાલું ગગન, ઘર વેરાન, ધરતી
અહો લુખ્ખી! હૈયે દરશ સખીનું શૂન્ય સરતું!

કદી મંદાક્રાંતા, સુનસુન કદી, વ્યસ્ત કદી, એ
અભાવે પીડાતી સરલહૃદયા, ભાવસભરા
સખીના વિશ્વે આ બહુરૂપ ધરી નિત્ય રમતા
હઠીલા જોશીલા દરદની લીલા ન્યાળું, મજણું!

હવે ૨

હસી ઊઠ્યાં નેત્રો, સહજ છલકીને ઢળી ગયાં!
વધાવ્યો આનંદે અવસર મળી ધન્ય સહુ એ.
મને આશા-શ્રદ્ધા ઘણીક, સખી તું આરતભરી;
નિરાંતે બેઠાં બે અશિવ-હરનું પૂજન કરી.

ઊજાળ્યું જે સત્ત્વે વદન તુજ તેનું જતન તું
કરે હેતે, હું યે મદદ કરું કામે ઘરતણાં,
અને રસ્તે જાતાં કર ગ્રહી સમાલું, શુભ ઘડી
અમોલીને કાજે દિવસ ગણતાં શાં હરખમાં!

પછીનું કહેવાને જીભ ન ઊપડે. લોચન ફૂએ,
ભૂલી જાવા ઝાઝું મથન કરતાં તેમ વધુ એ
બધું દૃષ્ટિ સામે પ્રકટ થતું કાલે જ બન્યું તે!
હશે ભારે કોઈ વિપદ વસમી આથી અહીં કે?

હવે : નેત્રે ધારા સતત વરસે શ્રાવણ તણી,
અને હું દુર્ભાગી અવશ રહું તાકી સુખ ભણી!

હવે ૩

તને નાનાં બાળો બહુ જ ગમતાં'તાં પ્રથમથી :
(અરે આ વ્હેવારે-રત નજર ભાળી નવ શકી
સ્વયંભૂ વૃત્તિનાં સ્ફુરણ, મમતા તેજ તરસ્યાં
કશાં ધીમા ધીના દીપક સમ રેલ્યાં; ન પરસ્યાં
મને પૂરાં; મોડી ખબર પડી કે રિક્ત ઘરની
તને ઊંડેઊંડે પજવી રહી'તી કાંછન-કણી!)
હવે કિન્તુ તારો વિભવ વરસે જોશભર, શો
રુંધાયો છેડાયો શિશુરસ નર્યો શોર કરતો!

જુએ : સદ્‌ભાગી કો જનની તણી છાતી ઉપરનું
ઘરેણું આજંતું, વજન ઝૂલતું ઝોળી મહીં (જે
કરે લુખ્ખા ઠાલા જિવતરતણો ભાર હળવો.)
અને કાલાં ભોળાં શિશુ-સમજણાં; (અમૃતભર્યું
વદે : 'મા–મા; તા–તા.') હૃદય તવ ઘેરું વલવલે.
—અને ચૂમે પ્રેમે નિજનું ગણી છેયું અવરનું.

૯૩ ('કુમાર' અંક ૫૫૫)

૫ નવું ઘરેણું / ઉશનસ્

• શિખરિણી •

પ્રિયા, તેં પ્હેરાવ્યું પ્રણયનું ઘરેણું કશું મને?!
ગ્રહી તેં અંગુલિ લીધ મુજ અને વ્હાલની વીંટી
પહેરાવી દીધી—પલક મહીં–હું સ્તબ્ધ, સડક;
ગઈ થંભી હૈયે, રગરગ મહીં રક્તધડક;
ઘરેણું પ્હેર્યું કે પલટઈ ગઈ પૂરણપણે!

પ્રિયા, તારા પ્રેમે અળગી કરી સૌથી દીધ મને;
નવી ભારે કાંબી પગમહીં, શકું ચાલી જ નહિ
જૂની ચાલે; જ્યાં તેં 'પ્રિય!' કહ્યું–થઈ મૂગી જ ગઈ,
હરાઈ ગૈ વાણી તરત, થયું શું આ નયનને?

પડી તારી દૃષ્ટિ ઊંચકી ન શકું, બંધ વજને!
અહો, દૃષ્ટિને યે વજન! કીધ જ્યાં સ્હેજ સ્પરશ,
શમાવ્યો ના શામે હજી પણ ખડો રોમહરષ!
પહેરી રાખું તો પ્રથમ સમ ફાવે ન જીવવું,
કઢાડી નાખી જો જીવું છું, અડવું એવું અડવું...!

૬ તારા વિનાનું / મનહર તળપદા

• વસંતતિલકા •

તારા વિનાનું ઘર આ અવ ડામચિયે
સંતાઇને સમયનો બની જાય ગર્ભ.
વાછોટિયે પછીતમાં લટકી રહ્યું છે
સોણા તણું મલમલી સ્મિત એ તહારું.

ઘંટી દળે હજુ ય આ, (અકબંધ જાર
કોઠી તણી પડી મૂકી) ઘન અંધકાર.
ચૂલા પરે ઠરી ગયું અણખૂટ મૌન
થાકી ગયું છ અવ ઊંબર–ટોડલામાં.

નેવાં ય આ ફરીફરી તુજને ચૂવે, ને
બારી થકી સરકીને નિત આવતી જે
વ્હેલી સવાર, અલસી મુજ ઘેર આજે
ચોમેરથી ફરી રહે અમથિત ફેરા.

૭ સંબંધ / શ્યામ સાધુ

• ગઝલ •

માત્ર મળીએ એટલો સંબંધ છે,
દ્વાર ખુલ્લાં છે અને ઘર બંધ છે.

કોઈના દર્પણમાં દેખાયાં નહિ,
કોણ જાણે કયા ઋણાનુબંધ છે!

માંડ એકાદી મળી પળ દેખતી,
આમ તો મારો સમય પણ અંધ છે.

હું ન હોવામાં કશું હોવું રહ્યું.
કેટલાં વિસ્મય હજી અકબંધ છે!

યાદનો મેં એટલે આદર કર્યો,
પાંખને આકાશથી સંબંધ છે.

પ્રાયશ્ચિત્ત

ફાધર વાલેસ

ફસામાં પડવું સહેલું છે. પડયા પછી બહાર નીકળવું કંઈક અઘરું છે. વખતે બીજાની મદદ લેવી પણ પડે. ખોટું કરવું સહેલું છે. કર્યા પછી એમાંથી ઊગરવું કંઈક અઘરૂં છે. વખતે બીજાની મદદ લેવી પણ પડે.

પડવું સહેલું, તોડવું સહેલું, મેલું કરવું સહેલું; પણ ચડવું અઘરું, બાંધવું અઘરું, માફ કરવું અઘરૂં, ને હૃદયના મેલની વાત હોય તો વિશેષ.

ખોટું કર્યાની ખાતરી છે જ. ખિસ્સામાં હજી એ હરામના પૈસા છે, છાતીમાં હજી એ વાસનાના ધબકારા વાગે છે, હવામાં હજી એ નિંદાના શબ્દો થરથરે છે.

ખોટું કરતાં આવડયું. કાળાં લખાણ લખાયાં. પણ એ હવે ભૂંસવાં શી રીતે?

ને એમાં કેવળ મારા દોષથી બીજાને થએલી નુકસાની ભરવાનો સવાલ નથી. એ તો હજી થઈ શકે; હમેશ નહિ તો ઘણી વાર તો થઈ શકે. ચોરેલા પૈસા પાછા આપી શકાય. નિંદાના શબ્દો પાછા ખેંચી શકાય, અને કંઈ નહિ તો સાચી દિલગીરી બતાવી શકાય, માફી માગી શકાય. જે સજા ભોગવવાની હશે એ હસતે મોંએ ભોગવીશું. એની ફરિયાદ નથી. પણ દિલમાં પડેલા ડાઘની વાત છે. એ કેવી રીતે કાઢીશું?

અલબત્ત, એ કાઢવાની ઇંતેજારી તો તે કાઢવા માટેની પહેલી શરત છે. કરેલા અપકર્મનું ભાન થાય, દુઃખ વાગે, પસ્તાવો લાગે એટલે ઉદ્ધારનું મંડાણ થાય. અનીતિના વાતાવરણમાં જીવનાર માણસ માટે એ યે ઓછી સિદ્ધિ નથી. બધા એમ કરે છે એટલે આપણે ય એમ કર્યું એમાં શું ખોટું? એવું રોજ સાંભળનાર–ને કહેનાર–વ્યક્તિ માટે પસ્તાવાની લાગણી સુલભ નથી. પણ એ જાગૃતિમાં શુદ્ધિનાં બીજ છે.

રાજા દાઉદના પતન અને ઉદ્ધારની કથા આધુનિક માનવીને માટે પણ બોધ રૂપ છે. સૈકાઓનું અંતર છતાં હૃદયનું તંત્ર એનું એ જ રહ્યું છે તેની એ પ્રતીતિ કરાવે છે.

રાજમહેલના અંતઃપુરમાં અનેક સ્ત્રીઓ હતી. રાજાને સંતોષ આપવા તો જોઈએ તેટલી. અને રાજા ઉદાર ને બહાદુર; લોકપ્રિય ને ઈશ્વરભક્ત. પણ આખરે માણસ જેવો માણસ. એની દાનત બગડી. એના એક સેનાપતિની સ્ત્રી ઉપર એની કુદૃષ્ટિ ગઈ. અને એને પોતાની સ્ત્રી બનાવવાની એણે મનમાં ગાંઠ વાળી.

હવે રાજા તે રાજા. ધારે તે કરે. એ સેનાપતિને યુદ્ધના મોરચામાં જ્યાં જોખમ વધારે હતું ત્યાં મોકલાવી, જંગ બરાબર જામે ત્યારે એને એકલો મૂકીને તરત પાછા ફરવાનો હુકમ એણે સૈન્યને ગુપ્ત રીતે આપ્યો. હુકમનો અમલ થયો. સેનાપતિ મરાયો. અડચણ દૂર થઈ. અને શોકના દિવસો પછી એ સ્ત્રી રાજાના અંતઃપુરમાં રહેવા આવી. રાજા તો ખુશામતના કેફમાં જ જીવે, પછી એને પોતાના અપકૃત્યનું ભાન કેમ થાય?

ત્યારે રાજગુરુ રાજદરબારમાં આવી ચડયા. અને રાજાની આગળ એણે ફરિયાદ કરી: 'તારા રાજ્યમાં એક માણસને મેં અધર્મ આચરતો જોયો છે એનો ન્યાય હું માગું છું. એક ગામમાં બે માણસો હતા: એક ધનવાન અને બીજો ગરીબ. ધનવાનની પાસે અઢળક સંપત્તિ ને ઢોરઢાંખર હતાં, જ્યારે ગરીબની પાસે ફક્ત એક ઘેટાનું બચ્ચું હતું, ને તે એને ખૂબ વહાલું હતું. હવે બન્યું એવું કે ધનવાન માણસને ઘેર એક મહેમાન આવ્યો એટલે તેની પરોણાચાકરી કરવાની એને ફરજ પડી. પણ એની આગળ ધરવા પોતાનાં અસંખ્ય ઘેટાંમાંથી એક લેવું એ એના કૃપણ દિલને ગમ્યું નહિ, એટલે પેલા ગરીબ માણસની પાસે જે એકનું એક ઘેટાનું બચ્ચું હતું એ એણે પડાવી લીધું અને વધેરીને પોતાના મહેમાનની આગળ એ ધર્યું. એ અધર્મ મેં નજરે જોયું છે.' રાજા એ સાંભળીને ગુસ્સે ભરાયા અને બોલી ઊઠયા. 'શું મારા રાજ્યમાં એવો બદમાશ? એ જીવતો નહિ રહે. કહો, કોણ છે એ માણસ?' અને રાજગુરુ હાથ લાંબો કરીને રાજાની તરફ આંગળી કરીને સ્વસ્થ ને ગંભીર અવાજે બોલ્યા: 'હે રાજન્, તું જ છે એ માણસ! તારી પાસે જોઈએ તેટલી સ્ત્રીઓ હતી, પણ તેં પારકી સ્ત્રીનો લોભ કર્યો. તેં ખૂન કર્યું, અન્યાય કર્યો, વ્યભિચાર કર્યો. તારું પાપ તારે માથે છે.' રાજાની આંખો ઊઘડી. તેનું કાળું કૃત્ય તેની નજર સામે ચળું થયું. અને પસ્તાવાની લાગણી સાથે તેણે એનો નમ્ર એકરાર કર્યો: 'મેં ભગવાનનો ગુનો કર્યો છે.'

એ સ્વીકારવામાં એનો ઉગારો હતો. પછી રાજાએ પ્રાયશ્ચિત્ત કર્યું. પાપથી જન્મેલું બાળક તો મરણ પામ્યું. (ને રાજગુરુને એમાં ભગવાનનો ન્યાય ભાસ્યો.) પણ એ જ સ્ત્રીથી દાઉદનો બીજો દીકરો જન્મ્યો. તે મોટો થયો, તેનો વારસ થયો, ને ઇતિહાસમાં પ્રસિદ્ધ સુલેમાન રાજા બન્યો.

રાજાની વાત તે આપણી વાત. મન લલચાય. ખોટું થઈ જાય. પણ વાસનાના નશામાં એનું પૂરું ભાન ન થાય. દિલમાં કંઈક અશુભનો અણસારો છે, પણ એની તરફ ધ્યાન ન અપાય એટલે વાત દબાઈ જાય. પણ કોઈ ને કોઈ પ્રસંગ આવી જાય, રાજગુરુ આવી ચડે, અનીતિની એક રાત પછી સવાર આવે ને આંખો ઊઘડે અને દિલને એ આંચકો લાગે: 'તું જ છે એ માણસ!'

એ કસોટીની પળ છે. અંતરની ફરિયાદ સાંભળ્યા પછી જો આંખ આડા કાન કરીએ, જો બહાનાં શોધવા બેસીએ, જો બીજાઓને દોષ દેવા માંડીએ તો એક ભૂલની અનેક થશે અને નીચે પડયા હતા એથી ય નીચે ઊતરી જઈશું. પણ ઊલટું, જો ભૂલનું ભાન થતાં જ એનો નમ્ર એકરાર કરીએ, સાચી દિલગીરી બતાવીએ, હૃદયથી માફી માગીએ તો એ અશુભની ગતિ રોકાશે, જીવન ઉપર તરફ વળાંક લેશે, ને નવું ને વધુ ઊજળું પ્રભાત ઊગશે.

'પશ્ચાત્તાપ એ એક પ્રકારનો ધર્માનુભવ છે. જે વાસણ માટી કે રાખથી સાફ થતાં નથી તે જેમ તેજાબથી સાફ થાય છે ને કાટ બધો ઓગળી કે બળી જઈ વાસણ ચળકવા માંડે છે, તેવી જ રીતે ધર્મજીવન પર બાઝેલી કેટલી યે શિથિલતા પશ્ચાત્તાપથી દૂર થઈ જાય છે અને માણસ એકાએક પલટો ખાય છે. ખરેખર પશ્ચાત્તાપની અસર તેજાબથી ઓછી નથી હોતી.' (કાલેલકર)

સૃષ્ટિ માટે, ને એમાં ય માનવજીવન માટે, ઈશ્વરની યોજના છે. મંગળ ને પવિત્ર. એમાં ભંગ પડી શકે (પડે જ છે) માનવીની મૂર્ખાઈથી. પણ એ ભંગાણ પાછું સંધાય છે માનવીના પશ્ચાત્તાપથી ને ઈશ્વરની અનહદ કૃપાથી. આખરે એની એ દિવ્ય યોજના આગળ ચાલવાની જ.

રસ્તે ચાલતાં સામે મળેલી એક કિશોરીનું મુખ જોઈને સોક્રેટિસે કહ્યું: 'તને ઉત્તમોત્તમ પતિ મળશે.'

સાથે ચાલતી માતા હરખાઈ.

એ જ રસ્તે, થોડાં વર્ષો પછી, એ માતાએ કંઈક ઠપકાભર્યા અને ફરિયાદી અવાજે સોક્રેટિસને કહ્યું: 'તમે તે દિ' મારી પુત્રી વિષે કહ્યું હતું પણ એ તો સાધ્વી બની ગઈ.'

સ્મિત કરીને સોક્રેટિસે કહ્યું: 'બહેન! સંયમ કરતાં ઉત્તમ બીજો પતિ જડવો મુશ્કેલ છે!'

'નિશીથ'

અશ્વિન દેસાઈ

'ઢા' ઉપરથી કોઇ ગીત આવે છે?

અજયને રાત્રે મોડે સુધી વાંચવાનું ફાવે છે. પણ કોઈ વાર તો રાત્રે પણ બાપાને ખૂબ ખાંસી આવે છે. અને ત્યારે પાણીનો ગ્લાસ લઇને બાપાના ખાટલાની સામે ઊભા રહેવું પડે છે.

બાપા હળવેથી પથારીમાં બેઠા થઇને, વાંકા વળીને ખાંસી ખાધા જ કરે છે. અજય જોયા જ કરે છે. પછી થોડી વારે બાપા હાંફતાંહાંફતાં ઊંચું જુએ છે એટલે અજય પાણીનો ગ્લાસ વધારે નજીક જઇને ધરે છે. બાપા ધીમેધીમે પાણી પી લે છે અને પછી ગ્લાસ પાછો વાળતાં પૂછે છે: 'તું હજી જાગે જ છે?'

'હા, વાંચતો હતો ને.'

'તો હવે સૂઈ જા.' બાપા પથારીમાં લંબાવીને ઓઢવાનું છાતી સુધી ખેંચી લે છે. અજય જતો નથી પણ ઊભો જ રહે છે. 'વૈદની ગોળીથી ખાસ ફરક નથી પડ્યો, કેમ?' અજય ઝીણી આંખ કરીને પૂછે છે.

'ફરક તો હવે...' બાપા ફરીથી ખાંસી ખાય છે અને પછી એકદમ શાંત થઈ જઇને છત પર જોયા કરે છે.

'કાલે રમણલાલને ત્યાં જાઉં?' અજય થોડી વાર પછી પૂછે છે.

બાપા જરાક ચમકીને અજયની સામે જુએ છે: 'તું હવે સૂઈ જતો હોય તો!' બાપા સહેજ ચિડાયા હોય એવું લાગે છે એટલે અજય ખાટલા પાસેથી ચાલ્યો જાય છે.

સવાર સુધી અજયને ઊંઘ આવતી નથી. બાપાની ખાંસી રહીરહીને કાન સાથે અથડાયા કરે છે. વચ્ચે થોડીક વારની શાંતિ રહે છે ત્યારે પવનના સુસવાટાનો અવાજ ભયંકર લાગે છે. છેક પાછલે પહોરે બાપા જરાક જંપી જાય છે ત્યારે અજયની પણ આંખ મળી જાય છે. અને આંખ મળી જાય છે એટલે ઍલાર્મ પણ વાગી ઊઠે છે.

દરરોજ સવારે છ વાગ્યે ઊઠવાનું હોય છે. જલદી જલદી તૈયાર થવાનું હોય છે અને સાત વાગ્યાનો પીરિયડ ઍટેન્ડ કરવાનો હોય છે. જો પહેલો પીરિયડ ચૂકી જવાય તો ઍબ્સન્ટ લાગી જાય. અને નોટ્સ બનાવવામાં વિક્ષેપ પડે તો પછી કોઈની નોટ મેળવવા માટે કાલાવાલા કરવા પડે તે અજયને ગમતું નથી.

પણ આજે તો રમણલાલને ત્યાં જવું જ છે. રમણલાલનો માણસ સવારે આઠ વાગ્યે દવાખાનું ખોલે છે, ને એ ઝાપટઝૂપટ કરતો હોય ત્યારે ઘરાક આવી ચડે તો તેમને બહાર ઓટલા પર રાખેલા બાંકડે બેસાડે છે.

અજય દવાખાને પહોંચે છે ત્યારે ડૉક્ટર આવેલા નથી હોતા, તેથી બહારને બાંકડે બેસે છે. એક પછી એક દર્દીઓ આવતાં જાય છે અને બાંકડે ગોઠવાતાં જાય છે. બધાં સૂનમૂન બેસી રહે છે. કોઈ કોઈની સાથે બોલતું નથી. રસ્તા પર ચાલ્યા કરતા લોકોનો અવાજ આવ્યા કરે છે.

એટલામાં ડૉક્ટરની કાર આવી પહોંચે છે ને ડૉક્ટરનો ખુશખુશાલ ચહેરો દવાખાનાનાં પગથિયાં પર નજરે પડે છે એટલે દર્દીઓ અંદર-અંદર જરાક સળવળીને રહી જાય છે. ડૉક્ટર બધાં પર એક સાદી નજર નાખીને દવાખાનામાં ચાલ્યા જાય છે. તેમની પાછળ બધાં ઊઠીને અંદરના ઓરડામાં જઈને બેસે છે. પછી ડૉક્ટરનો માણસ એક પછી એક બધાંને ડૉક્ટરની કૅબિનમાં મોકલે છે. અજય પણ અંદર જાય છે.

'બોલો મિસ્ટર શું છે?' ડૉક્ટર કાળી ફ્રેમનાં ચશ્માંમાંથી પૂછે છે.

'બાપાની તબિયત બરાબર નથી.' અજય માંદલું હસીને કહે છે.

ડૉક્ટર થોડીક વાર અજય સામે જોઈ રહે છે. પછી ટેબલનાં નીચેનાં ખાનાં ખોલીને જૂના કેસોની ફાઈલ શોધી કાઢે છે અને અંદરથી એક કેસ ખેંચી કાઢીને તેના પર નજર ફેરવતાં ફેરવતાં કહે છે: 'મોહનલાલ દયારામ મહેતા કે?' અજય 'હા' કહે છે.

'શું થયું છે?' ડૉક્ટર કેસમાંથી ઊંચું જોઈને પૂછે છે.

'રાતના ખાંસી ખૂબ આવે છે. અને અશક્તિ...'

'હું દવા આપું છું. અને... તમારા બે-ત્રણ બિલના પૈસા બાકી છે.'

'એમ કે? કેટલા છે?' અજય બે સવાલ સામટા પૂછી પાડે છે.

'અ...પાંત્રીસ રૂપિયા સાઠ પૈસા જેટલા થાય છે.' ડૉક્ટર હળવાશથી ફાઈલ બંધ કરે છે. અજય જોયા કરે છે.

પછી દવાની બાટલી ભરાવીને અજય ભાગે છે. ઘેર આવે છે ત્યારે બાપા ખાટલામાં બેસીને ખાંસી ખાતા હોય છે. અજય સામે ઊભો રહે છે. થોડી વાર પછી બાપા ઊંચું જુએ છે અને અજયના હાથમાં દવાની બાટલી જોઈને કહે છે: 'આ ડહાપણ કરવાનું તને કોણે કહ્યું હતું?'

'તમને આટલી બધી ખાંસી આવે છે ને...'

'ભલે આવે. ખાંસી તને આવે છે કે મને? તને કંઈ તકલીફ છે?'

અજય ભોંઠો પડીને કંઈ પણ બોલ્યા વગર રસોડામાં જાય છે. બા ઊંમરામાં ઊભી હોય છે: 'ચાલ, ખાઈ લે ભાઈ—' બા ધીમેથી કહે છે.

અજય કંઈ સાંભળ્યું જ ન હોય તેમ બંને હાથ કેડ પર રાખીને રસોડામાં નજર ફેરવતો ઊભો રહે છે. બા ફરી કહે છે: 'ચાલ તો અજય...'

'નથી ખાવું મારે.' અજય માટલામાંથી પાણીનો ગ્લાસ ભરીને પીવા માંડે છે.

'એમ શું કરતો હોઈશ? ખાઈ લે ને—જે જરાતરા ભાવે તે.'

'મેં કહ્યું ને? મારે નથી ખાવું.' અજય જરાક ગુસ્સે થઈ જાય છે. પછી એને થાય છે કે પોતે અકારણ ગુસ્સે થયો છે. એટલે ધીમેથી બાને પૂછે છે: 'સુધીર ક્યાં ગયો?'

'રમતો હશે.' બા કંઈ કામ કરતાંકરતાં જવાબ આપે છે.

'આખો દિવસ રમ્યા જ કરે છે?'

'શું કરીએ? મારું કોઈ સાંભળે છે?'

અજય બહાર જઈને સુધીરને બૂમ પાડે છે. સુધીર દોડતો દોડતો ઘરમાં આવે છે. 'કેમ લેસન થઈ ગયું?' અજય પૂછે છે.

'ઇતિહાસનું બાકી છે.' 'તો પછી?'

'ઇતિહાસની ચોપડી નથી ને. તમે તો દરરોજ ભૂલી જ જાઓ છો.'

અજય કંઈ બોલતો નથી. સુધીર જમવા બેસવા માટે થાળી લે છે એટલે બા અજયની સામે આશાભરી નજરે જોઈ રહે છે. અજય રસોડાની બહાર ચાલ્યો જાય છે.

પછી અજય કપડાં પહેરવા માંડે છે એટલે બા રસોડામાંથી આવીને એક ખૂણે ઊભી રહે છે. અજય એના તરફ પ્રશ્નાર્થસૂચક નજરે જુએ છે.

'રાશનકાર્ડ રીન્યૂ કરાવવાનો છે.' બા ધીમેથી કહે છે.

'તેનું શું છે?' અજય શર્ટનાં બટન મારતાં મારતાં કહે છે.

'કોણ જશે?' બા પૂછે છે.

'કેમ, મીના શું કરે છે? એને મોકલ.'

'એ કહે છે એને મૅટ્રિકનું વરસ, ને ત્યાં તો લાઈનમાં બે કલાક લાગે છે.'

'તે આખા જગતમાં એ જ એકલી મૅટ્રિકની પરીક્ષા આપવાની છે?'

'ના; પણ એમ કેમ ચાલે! એને વાંચવાનું તો બગડે જ ને?' બા મીનાનો પક્ષ લે છે.

'તો શું મારે એટલા માટે એક દિવસની રજા લેવી? તને ખબર છે શેઠ...' અને અજય વધારે કંઈ પણ બોલ્યા વગર બૂટ પહેરવા મંડી પડે છે. બા રસોડામાં ચાલી જાય છે.

અજય પછી બહાર નીકળતો હોય છે ત્યારે સુધીર હાથ લૂછતો આગલા રૂમમાં આવે છે: 'અજયભાઈ, પછી ઇતિહાસ...'

'હા, આજે લેતો આવીશ.' કહીને અજય ઘરમાંથી બહાર નીકળે છે.

મફતલાલની રૂમ પાસેથી અજય પસાર થાય છે ત્યારે તેઓ હીંચકે બેઠાબેઠા સોપારી ચૂરતા હોય છે. તે અજયને બૂમ પાડે છે. અજય પાછો વળીને એમની રૂમમાં જાય છે. મફતલાલ પગ ટેકવીને હીંચકાને બંધ કરે છે અને ગંભીરતાથી પૂછે છે: 'કેમ છે બાપાને?'

'સારું છે.' અજય જવાબ આપે છે. પછી યાદ કરીને કહે છે: 'મારું બે મહિનાનું ભાડું બાકી છે, ખરું ને? મને ખબર છે. પણ હમણાં જરા...'

'ના, તે માટે નથી બોલાવ્યો. આ તો તું આજે મોડો જાય છે એટલે એમ, કે બાપાને કંઈ વધારે...'

'ના, કંઈ નથી. આજે દવાખાને ગયો હતો એટલે કૉલેજનું માંડી વાળ્યું. પણ શેઠની નોકરી બજાવ્યા વગર કંઈ ચાલે છે?' એમ કહીને જરાક હસીને અજય મફતલાલની રૂમમાંથી બહાર નીકળી જાય છે.

બસમાં આજે લાઈન ઘણી લાંબી છે. અરધો કલાક સુધી પત્તો લાગે એવું નથી. તોપણ અજય લાઈનમાં જોડાઈ જાય છે. આમ પણ શેઠ તો ઑફિસમાં એકાદ કલાક મોડા જ આવે છે. અજયને થોડીક નિરાંત છે. અંતે એ પણ ઝડપથી ટિકિટ કાપી રહેલા વધેલી દાઢીવાળા કંડક્ટર પાસે પહોંચી જાય છે. દસ પૈસાની ટિકિટ કપાવીને ઝડપથી બસમાં ચડી જાય છે. બસના આગળના ભાગમાં બેસવાની જગ્યા હોય છે, પણ હાથમાં ભરેલી થેલીવાળો કોઈ માણસ તે તરફ ઉતાવળથી જતો હોય છે. તેને જોઈને અજય ઊભો જ રહે છે.

'પોલીસ ચોકી...' કંડક્ટર બૂમ પાડે છે એટલે તે દરવાજા તરફ ખસે છે ને બસ સહેજ ધીમી પડે છે એટલે ચાલતી બસે જ ઊતરી પડે છે.

લગભગ દોડતો હોય તેટલી ઝડપી ચાલે અજય ઑફિસમાં ઘૂસે છે. શેઠની કૅબિન પર એક ત્રાંસી નજર નાખે છે. કૅબિનમાંથી શેઠ અજયને ઑફિસના અંદરના ભાગમાં ઘૂસી જતો જુએ છે. અજય પોતાના ટેબલ પાસે જઈને ખિસ્સામાંથી રૂમાલ કાઢે છે અને ગળા સુધીનો પરસેવો લૂછી નાખીને પછી પાણીના માટલા તરફ જાય છે. પાણી પીતો હોય છે ત્યારે શેઠની કૅબિનમાંથી બેલ વાગે છે. પટાવાળો અંદર જઈને બહાર આવે છે: 'અજય, તને શેઠ અંદર બોલાવે છે.'

અજય પાણીનો ગ્લાસ તેની જગ્યાએ મૂકીને, હોઠ પર હાથ ફેરવી લઈને શેઠની કૅબિનમાં પ્રવેશે છે. શેઠ થોડી વાર ઊંચું જુએ છે અને ચશ્માં કાઢીને પૂછે છે: 'કેમ મોડું થયું ભાઈસાહેબ?'

'આજે જરા......'

'જો, તને કૉલેજમાં જવા માટે સગવડ આપી છે તેનો મતલબ એ નહિ કે......' 'પણ સાહેબ આજે...'

'બસ. જા કામ કરવા માંડ.' શેઠ ચશ્માં પહેરી લઈને બોલે છે.

અજય બહાર આવીને પોતાની ખુરશી પર બેસે છે. ટેબલ પર પડેલા ચોપડાઓને થોડી વાર જોયા જ કરે છે. એટલામાં પાસેના ટેબલ પરથી મિસિસ દેસાઈ પૂછે છે: 'શું અજયકુમાર, આજકાલ કૉલેજમાંથી ઑફિસમાં આવવું નથી ગમતું કંઈ!' અજય મિસિસ દેસાઈ તરફ જોઈને સહેજ હસે છે, ને પછી કામ કરવા મંડી જાય છે.

લંચમાં અજય યુનિવર્સિટીની ઑફિસ પર જાય છે. જાતજાતની પરીક્ષાઓના કાર્યક્રમોના બોર્ડ પર નજર નાખતો નાખતો છેવટે 'ટી. વાય. બી.એ.'ના બોર્ડ આગળ આવીને અટકી જાય છે. આખો કાર્યક્રમ પહેલાં એક નજરે વાંચી લઈને પછી ખિસ્સામાંથી કાગળ-પેન કાઢે છે. કાર્યક્રમ લઇને ફરી ઑફિસે આવે છે.

ઑફિસમાંથી છૂટવાનો વખત થાય છે ત્યારે અજયને વિચાર આવે છે કે ઘણા દિવસ થયા વસંતરાયને ત્યાં જવાનું રહી જાય છે. એટલે ઑફિસમાંથી નીકળીને એ સીધો વસંતરાયના ઘરનો રસ્તો પકડે છે. વસંતરાય શેઠ એને છેલ્લા ચાર વર્ષથી ફી અને ચોપડીના પૈસા આપે છે. થોડાથોડા દિવસે જઇને એ શેઠને મળી આવે છે અને પોતાની પ્રગતિનો અહેવાલ આપી આવે છે.

આજે તો શેઠજીને કોઈ પાર્ટ-ટાઈમ કામ માટે વાત કરવી એવો વિચાર અજયને આવે છે. એમની ઘણી પેઢીઓ ચાલે છે અને ઘણી સારી જગ્યાઓએ એમને ઓળખાણ પણ છે એટલે પાંચ-પચ્ચીસનું કામ અપાવવું એમને માટે સહેલું છે. અને અજયને થાય છે કે સાંજના ઑફિસેથી છૂટ્યા પછી જો બે-એક કલાકનું કામ મળી રહેતું હોય તો...

એટલામાં જ ચાલતાં ચાલતાં અજયને કંઈક યાદ આવી જાય છે. અને એ પાછો વળે છે. ઝડપથી ચાલતાં ચાલતાં ઘડિયાળમાં જુએ છે અને પાસે એક બસ-સ્ટૅન્ડ દેખાય છે ત્યાં લાઇનમાં ઊભો રહી જાય છે. બસ આવે છે એટલે ઝડપ મારીને ચડી જાય છે અને દરવાજા પાસે જ ઊભો રહે છે. કંડક્ટર પાસે આવે છે એટલે ખિસ્સામાં હાથ નાખીને 'ગાંધી-બાગ'ની ટિકિટ કપાવે છે. પછી સ્ટૅન્ડ આવે છે એટલે કંડક્ટર બૂમ મારે એ પહેલાં ચાલતી બસે જ ઊતરી પડે છે.

જલદી જલદી બાગમાં પ્રવેશે છે અને દક્ષિણ છેડે આવેલા છેલ્લા બાંકડે પહોંચી જાય છે. આશા અદબ વાળીને ઊભી હોય છે તેની પાસે જઇને 'સૉરી હં આશા; જરાક મોડો પડ્યો છું.' કહે છે.

આશા કંઈ પણ બોલ્યા વગર એના તરફ જોયા જ કરે છે. અજય સહેજ હસે છે. આશા ઘડિયાળ બતાવે છે.

'મારે જરા ઑફિસમાં...'

'બસ રહેવા દે!' કહીને આશા ચાલવા માંડે છે. અજય પણ સાથે સાથે ચાલવા માંડે છે.

થોડી વાર બન્ને ચાલ્યા કરે છે. પછી આશાનો ગુસ્સો ઊતરી જાય છે.

'આજે કૉલેજ કેમ નહોતો આવ્યો?'

'બાપાની તબિયત...'

'પાછી બગડી છે!' આશા ચાલતાં ચાલતાં ઊભી રહી જાય છે.

'જોકે ખાસ ચિંતા કરવા જેવું નથી, પણ ખાંસી ખૂબ આવે છે.'

બંને જણાં ફરીથી ચાલવા માંડે છે. અને ચાલતાં ચાલતાં પુલ પર આવી પહોંચે છે. નીચેથી શાંત પાણી વહ્યા કરે છે. બંને જણાં પુલ ઉપર ઊભાં રહી પાણીમાં જોયા કરે છે. થોડી વાર પછી આશા બોલે છે: 'કેમ, આજે મૂડમાં નથી અજય?'

'ના, ના; એવું કંઈ નથી.' અજય હસે છે.

'તો પછી કંઈ બોલતો કેમ નથી?'

'એમ જ. તું પણ ક્યાં કંઈ બોલે છે!'

'હું તો તું કંઈ બોલે તેની રાહ જોઉં છું.'

'હું પણ એમ જ કરતો હતો.' અને બંને જણાં હસે છે. પછી પાછાં નદીનાં શાંત પાણીને જોવામાં પડી જાય છે. પછી થોડી વારે આશા કહે છે: 'અજય, તો પછી એક સરસ ગીત ગા ને.'

અજય આશાની સામે જુએ છે અને તેની આંખમાં આંખ પરોવે છે. આશા ફરીથી કહે છે: 'એક સરસ ગીત...'

અજય ગંભીર ચહેરાથી 'કયું ગીત ગાઉં?' એવો પ્રશ્ન પૂછતો હોય તેમ આશાને જોયા કરે છે.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક-૯૫



ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯૨૦ના અમદાવાદ અધિવેશનના અતિથિવિશેષ કવિવરશ્રી રવીન્દ્રનાથ ઠાકુરના માનમાં યોજાયેલા ઉદ્યાન-સમારંભમાં રાખેલી ગુજરાતની ભજનમંડળીઓમાં કવિવર ખૂબ રસથી ફર્યા હતા. ડાબી બાજુથી: મહાત્મા ગાંધીજી, શ્રીમતી સરલાદેવી સારાભાઈ, શાંતિનિકેતનના આચાર્યશ્રી ક્ષિતિમોહન સેન અને કવિવર ઠાકુર. ક્ષિતિબાબુની પાછળ પાઘડીમાં ચંદુલાલ બહેચરલાલ પટેલ ગોંડલ રાજ્યના શિક્ષણ અધિકારી, તથા પછીથી ભગવદ્ગોમંડળ કોશના કાર્યકારી સંપાદક.

૪૭• પરિષદની આગળ-પાછળ

પરિષદ તા. ૨૭ એપ્રિલ ૧૯૨૦ના રોજ અમદાવાદના શ્રી કાંટારોડ ઉપર આવેલા આનંદભુવન (હાલ જ્યાં નૉવેલ્ટી સિનેમા છે ત્યાં) મળી હતી. પહેલા દિવસે સાંજે કવિવર ટાગોરને પરિષદે સન્માનપત્ર આપ્યું, તેના તેમણે સુંદર અંગ્રેજી ભાષામાં લાંબો જવાબ આપ્યો તે પરિષદના રિપોર્ટમાં છે. તેમણે છેવટે આ લીટીઓ આપી હતી:

He who is one, and without easte and colour,
Who with his many-fold power provides people
of all colours
With what are their intrinsic needs,
Who is the beginning and end of all, the shining one,
Let him unite us with the wisdom which is good.

એ રૂપેરાક કવિવરના આગમનથી અને તેમની કવિત્વમય વાણીની ફોરમથી યાદગાર બની ગયું. બીજે દિવસે ગાંધીજી પણ પરિષદમાં હાજર રહ્યા હતા. તે જ દિવસે ગાંધીજીએ લાલદરવાજાના મેદાનમાં 'સમાજની દૃષ્ટિએ સાહિત્ય' એ વિષય પર ભાષણ આપ્યું હતું. અને 'આજનું સાહિત્ય મને પ્રભુ સાથે મેળવશે કે કેમ?' એ પ્રશ્ન મૂક્યો હતો. 'સાહિત્યસેવકોએ મજૂરો, કોસ હાંકનારા અને એવા બીજાઓ માટે કાવ્યો લખવાં જોઈએ' એમ જનતાને પક્ષેથી સાહિત્યનું મૂલ્યાંકન કર્યું હતું.

ત્રીજની સાંજે લાલદરવાજા મેદાન પર ટાગોરે 'વસંતનાં વધામણાં' એ વિષય પર કવિત્વમય વ્યાખ્યાન કર્યું. તે પૂરું થયું કે લોકોમાંથી માગણી આવી કે 'એનું ગુજરાતી કહો' આપણા શ્રેષ્ઠ સાક્ષરો આનંદશંકરભાઈ, નરસિંહરાવ, રમણભાઈ વગેરે કવિવરની બાજુમાં બેઠા હતા. આનંદશંકરભાઈને અને સૌને તે untranslatable લાગ્યું. નરસિંહરાવે તો ઊભા થઈને કહી દીધું કે it is impossible (એ અશક્ય છે.) એવામાં ગાંધીજી આવી પહોંચ્યા. પરિસ્થિતિ સમજીને તેમણે તરત કવિનું ટાઇપ કરેલું ભાષણ હાથમાં લઈ તેના પર નજર નાખી લીધી અને પછી શરૂ કર્યું: 'કવિ કહે છે, વસંત આવી છે.' એમ કહીને સાદી ભાષામાં આખું ભાષણ લોકોને સમજાવ્યું. એમાં સાક્ષરોને કવિની શૈલી બરાબર ન ઊતરી તેથી રસક્ષતિ લાગી, પણ કવિવરના વિચારો તો ઘણાને પહોંચ્યા.

કવિશ્રીના મુક્ત મિલન માટે વિક્ટોરિયા ગાર્ડન (રાણીબાગ)માં બીજે દિવસે સાંજે એક ઉદ્યાન-સમારંભ રાખ્યો હતો. એમાં હજારો આમંત્રિતો માટે ટેબલો પર ખાદ્ય પદાર્થો ગોઠવાયા હતા. ત્યાં બેઠા બેઠા સૌ સાબરમતીના દીર્ઘ પટ જોઈ શકે એવી એની રસિકતાભરી જે ગોઠવણ હતી તેમાં ડૉ. હરિપ્રસાદનો જ આગ્રહ હતો. તે સાથે બીજી જે સુંદર વાનગી એમાંણે રજૂ કરી હતી તે શહેરના ભજનિકોની નાની મંડળીઓને તેમના તંબૂરા, કાંસિયાં, પખવાજ, મંજીરાં વગેરે સાથે એ કડી કરી ભજન ગાતી ઠેરઠેર ગોઠવી હતી. એવામાં ટાગોર અને ગાંધીજી શ્રીમતી સરલાદેવી સારાભાઈ જોડે બાગને દરવાજેથી પ્રવેશ્યા અને આ ભજનિકોને જોઈ ટાગોર તો ઊભા જ રહી ગયા, અને ધ્યાનપૂર્વક સાંભળીને બોલ્યા કે આપણા લોકજીવનમાં આધ્યાત્મિક ભાવના આ લોકો જ

સજીવન રાખે છે, તેમને સાચવજો. આ વખતનું દૃશ્ય પણ મારા મિત્ર જનાર્દન દીવેચાએ ઘોડી-કૅમેરાથી ઝડપી લીધું (જુઓ સાથેનું ચિત્ર). વળી શારદાબહેન સુમંત મહેતાની હિમાયતથી ત્યાં ગરબા પણ રાખેલા. કવિએ એ જોઈ-સાંભળીને કહેલું 'કે અમારી બંગાળી કન્યાઓને આ ગરબા શીખવા માટે તમારી સારી ગરબા ગાનારી કન્યાઓને શાન્તિ-નિકેતન મોકલો. તેમને હું મારી પુત્રીઓની જેમ સાચવીશ.' આવા રસિક પ્રસંગોથી કવિને ખૂબ આનંદ થયો, પણ સૌ મિજબાની-ટેબલ પર પહોંચે તે પહેલાં તો તરુણો-કૉલેજિયનોનાં ધાડાંએ દોટ મૂકીને આગળ પહોંચી ઘણી રકાબીઓ સાફ કરી નાખી હતી. સદ્ભાગ્યે મુખ્ય મહેમાનો માટે એક જુદું મેજ ગોઠવી રાખ્યું હતું.

હાજીમહમ્મદનો તાર્કાદનો પત્ર હતો કે પ્રદર્શન-પરિષદના પ્રસંગો, પાત્રો, વસ્તુઓના ફોટોગ્રાફો અને લેખ મોકલો. ડૉ. હરિપ્રસાદે લેખ લખવાનું સ્વીકાર્યું અને જનાર્દને પ્રદર્શનમાંના નમૂના તેમજ વ્યક્તિઓ તથા કમિટીઓના ફોટોગ્રાફો પાડી આપ્યા. એમને મારા કહેવાથી ડૉક્ટરે પ્રદર્શન-કમિટીમાં મૂક્યા હતા. તેમણે પણ ખૂબ પ્રસન્ન રહી વિના મૂલ્યે બધું કામ કરી આપ્યું, અને 'વીસમી સદી'નો એપ્રિલનો અંક સાહિત્ય-પરિષદ અંક બની ગયો. પરિષદની આથી પ્રતિષ્ઠા ગુજરાતભરના પ્રમુખ માસિકમાં થઈ તે માટે અમદાવાદના મિત્રોએ મને ખૂબ જશ આપ્યો.

આ પ્રદર્શનમાં કોઈ ચિત્રોનું વેચાણ થવાનો તો સંભવ નહોતો. એ કાળે અમદાવાદની શ્રીમંતાઈમાં કળાને કોઈ સ્થાન જ નહોતું, પણ કર્નલ ડચુકે રૂ. ૮૦ની કિંમતે રાવળનું 'અજંટાનું નિસર્ગદૃશ્ય' અને મારું એક નાનું 'સંધ્યા' ચિત્ર (રૂ. ૨૦નું) ખરીદી લીધું તે નોંધવું જોઈએ.

૪૭૧ અમદાવાદનું વાતાવરણ

આ વરસના પ્રારંભમાં ગાંધીજી અમૃતસર કૉંગ્રેસમાં એક શ્રેષ્ઠ લોકનેતા તરીકે સ્વીકારાયા હતા; એટલે તે પછી અમદાવાદમાં સાબરમતી આશ્રમનું માહાત્મ્ય ખૂબ વધી ગયું હતું, જોકે તેથી જાહેર જીવનમાં કોઈ ખાસ ફેરફાર જોવામાં આવતો નહોતો, છતાં લોકો 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' બરાબર વાંચતા થયા હતા. કૉંગ્રેસે ખિલાફતને ટેકો આપી હિન્દુ-મુસ્લિમ એકતાનો પાયો દૃઢ કરવા નિરધાર કર્યો હતો, પણ ખિલાફતની બાબતમાં ગાંધીજીને સરકાર તરફથી નઠોર જવાબ અને નરદમ નિષ્ફળતા મળ્યાં, એટલે તેમણે અસહકારનું આંદોલન ઉપાડ્યું. તેમણે પ્રથમ પોતાનો કૈસરે-હિન્દનો ચાંદ સરકારને પાછો વાળ્યો અને વિદેશી વસ્ત્રો તથા વસ્તુઓનો બહિષ્કાર પોકાર્યો. પોતે પાઘડી અને અંગરખાને બદલે હાથવણાટનાં પહેરણ-ટોપીનો કરકસરવાળો પોશાક ધારણ કર્યો, અને સર્વ આશ્રમવાસીઓનો પણ એ ગણવેશ બની ગયો. નદીની રેતીમાં જંગી સભાઓ થવા લાગી, વિદ્યાર્થીઓને શાળાઓ છોડવા એલાન થયું અને વકીલોને વકાલત ત્યજવાનો તથા સરકારી નોકરોને નોકરીઓ અને હોદ્દા છોડવાનો કાર્યક્રમ અપાયો.

જે જે વ્યક્તિઓ ગાંધીજીને સમજી તેમણે સ્વદેશી વસ્ત્રો અપનાવી લીધાં. ડૉ. હરિપ્રસાદ તો સૌ પહેલ હતા. અંબુભાઈ પુરાણીના અખાડાના વિદ્યાર્થીઓ શહેરમાં વિદેશી વસ્ત્રોની હોળી કરવા કપડાં ઉઘરાવવા નીકળવા લાગ્યા. એક વિક્ટોરિયા ગાડી સાથે વિદ્યાર્થીઓનું સરઘસ વિદેશીનો બહિષ્કાર પોકારતું ચાલતું. ઘેરઘેરથી ઉઘરાવાતાં કોટ-પાટલૂન-ટોપી એ ગાડીમાં ઠલવાતાં અને જાહેર જગ્યાએ તેની હોળી થતી. ઘણાને એ વખતે તે ગાંડપણ લાગતું, એને સરકારી નોકરી કરતા મિત્રો હસતા પણ ખરા. હું તો ઘણા વખતથી સ્વદેશી વસ્તુઓનો હિમાયતી હતો એટલે મને આ સારું લાગ્યું. અમદાવાદના સુપ્રસિદ્ધ ડૉક્ટર કાનુગા જે સદા પૂરા સૂટમાં રહેનારા, તેમણે જ્યારે ખાદીનો સૂટ પહેર્યો ત્યારે ગાંધીજીનો ઉપદેશ ક્યાં સુધી પહોંચે છે તે લોકો સમજ્યા.

આ વખતમાં ઇન્દુલાલ યાજ્ઞિક તેમની જનસેવાની ધગશ અને સદા-તત્પરતાથી બહુ જ લોકપ્રિય પાત્ર બન્યા હતા. ગાંધીજીના આદર્શો પ્રચારવા ઉપરાંત ગામડાંઓમાં લેવાતી વેઠ જેવા જુલમ કે દુષ્કાળ જેવી આપત્તિના ખબર મળતાં ત્યાં દોડી જતા અને અધિકારીઓનો સામનો કરી ગરીબ ગ્રામપ્રજાને સહાય કરતા. તેમાં ય અમે સાંભળ્યું કે તેમણે ખબર મળતાં રાતોરાત પૂના જઈ, શેઠ વિઠ્ઠલદાસ ઠાકરસી કર્વેની વિદ્યાપીઠને જે મોટું દાન આપવાના હતા તેમાંથી, ગુજરાતમાં કર્વે વિદ્યાપીઠની કૉલેજો થાય તેમાં ૫૦ ટકા ગ્રાન્ટ આપવાનો ઠરાવ શેઠ તથા કર્વેને મળી કરાવ્યો. આ તેમનું હનુમાન-કૂદકા જેવું કામ હતું.

૪૭૨ પરિષદનું પરિણામ મારા પર

પરિષદના પ્રદર્શન માટે મેં એક મહિનો સતત દોડાદોડી અને કામ કર્યું. મારાં ઘર કે બાળકો પર પણ ધ્યાન આપ્યું નહોતું. મહેમાનોએ વિદાય લીધી તે સાથે જ મારામાં હતી તે શક્તિ પણ ખલાસ થઈ ગઈ લાગી અને હું બીમાર પડી ગયો. હીરાલાલ પારેખ ઘણા જ સમજણી મિત્ર હતા. તે સમજ્યા કે પરિષદ-કમિટીઓના બીજા સભ્યોને તો ચાલુ નોકરીઓ તથા વ્યવસાયો હતા અને આવક ચાલુ હતી, પણ મારે તો મહિનાનું કામ અભરાઈએ મૂકવું પડ્યું હતું. એ બૂઝીને તેમણે ખર્ચ ખાતે લખી મને રૂ. ૧૦૦ આપ્યા. મને લાગ્યું કે પરિષદની કામગીરી પછી મારું શરીર ઘણું ભાંગી ગયું છે અને કશું કામ થશે નહિ એટલે થોડા વખત પછી કુટુંબને લઈ ભાવનગર જવા નિર્ણય કર્યો. પાછળથી મારા 'ગુજરાત કલામંદિર'ના વર્ગો ચલાવવા માટે દમનલાલ મહેતા* આવીને બેસવા કબૂલ થયા અને ઘરની સાચવણ મારા સંબંધી છાત્ર હરિલાલ ત્રિવેદીને સોંપી. જીવનલાલ અમરશીએ વળી એક મનગમતું કામ સોંપ્યું—'કલાપીનો કેકારવ'ની નવી આવૃત્તિ છપાતી હતી તે માટે આઠેક ચિત્ર કરવાનું. મને એ મારી ફુરસદમાં સહાયભૂત થવાનું સાધન હતું. બચુભાઈના 'જ્ઞાનાંજલિ'નો નવો તૈયાર થતો અંક થોડાં સુશોભનો કે ચિત્રો કરવા માટે સાથે લીધો અને હું મારા પુત્રો અને પત્નીને લઈ પિતાશ્રીની નિશ્રામાં પહોંચી ગયો. વિપત્તિના દિવસોમાં માતપિતાનું શરણું કેવું આશ્વાસન રૂપ બને છે તેનો મને અનુભવ થયો.

હવે તો પિતાશ્રી ભાવનગરમાં પોતાના વતનમાં પ્રતિષ્ઠિત અને મોભાદાર માનવીમાં ગણાતા હતા. તેમનો સંદેશો મળતાં બીજા જ દિવસથી મ્યુનિ. સૅનિટરી ઑફિસર ડૉ. કાન્તિલાલે ઉત્સાહભરી વાતો સાથે મારી તબિયત હાથમાં લીધી. મને મૅલેરિયા લાગ્યો હતો. કિનાઈનના મોટા ડોઝ લઈને આઠેક દિવસમાં હરતો-ફરતો તો થયો; પણ નબળાઈ ઘણી હતી. મિત્રો વારંવાર જોવા-મળવા આવતા. મારા અપંગ શ્રીમંત મિત્ર પરભુભાઈ ઘણી વાર ગાડી લઈ આવતા અને મને શહેર બહાર કે તખ્તેશ્વર પર દક્ષિણામૂર્તિ ભવનના મંડળમાં લઈ જતા. ત્યાં હું ગિજુભાઈની પ્રેરક વાતો સાંભળી ઘણી વાર લોભાઈ જતો કે બધું છોડી ભાવનગરમાં બેસી જાઉં; પણ ભાવનગરમાં મારે માટે ક્ષેત્ર બહુ સંકુચિત લાગતું હતું. દરેક ક્ષેત્રમાં અધિકારીઓ અને રાજનો મોભો શ્રેષ્ઠ ગણાતો. શિષ્ટ વિદ્વાનો, કળાકારો અને શિક્ષણકારોની વાતમાં પણ છેવટે તો દીવાનસાહેબ અને મહારાજાસાહેબ જ આવે. ત્યાંથી વાહવાહ ન મળી હોય ત્યાં સુધી બધું નકામું. આ બાબતમાં મારે ઘણા વડીલો સાથે વિવાદ થતો અને છેવટે મારે જ ઉદાસ થઈને મૌન રાખવું પડતું. આવા વાતાવરણમાં સ્વતંત્રતા કે દેશભક્તિના સૂર ગૂંગળાઈ જતા લાગે. દક્ષિણામૂર્તિવાળા નાનાભાઈ, ગિજુભાઈ, હરભાઈ વગેરે પ્રાણવાન સભાઓ કરે, પણ તેમાં ય ઉપરથી સંમતિ-મંજૂરી વગેરે ખૂબીથી મેળવવાં પડે.

૪૭૩ વિજયરાય વૈદ્ય

મને મુંબઈ અને અમદાવાદની હવામાંથી જે પ્રેરણાઓ મળી તે ભાવનગરના મિત્રોને નવી અને ચમકાવનારી લાગતી. આત્મ-સન્માન,

*ગયા માસમાં મુંબઈ ખાતે એમનું અવસાન થયું.



બચુભાઈ રાવતના 'જ્ઞાનાંજલિ' પછીના બે વર્ષ બાદના તેમના હસ્ત લિખિત 'ધ્વનિ' માટે કરેલો આ સ્કેચ એ સમયના વિજયરાયનો આબેહૂબ ખયાલ આપી રહે છે. (સ્કેચ: રવિશંકર રાવળ)

ત્યાગ અને સેવાના નવા મંત્રો હું લાવ્યો હતો તે સાંભળી તેમનો મારા પ્રતિ ઉમંગ ઊછળતો હું જોતો. એક દિવસ સાવ સુકલકડી શરીર અને આછેરી મૂછોવાળા એક જુવાન મારી પાસે આવ્યા ને પોતાની ઓળખ આપી: 'વિજયરાય વૈદ્ય'. તાજા ગ્રૅજ્યુએટ થએલા અને ભાવનગરના શ્રેષ્ઠ પીઢ વિદ્વાન શ્રી માનશંકર પીતાંબરદાસના એક અન્તેવાસી જેવા અને સાચા સાહિત્યસેવક. મને 'વીસમી સદી'નાં મારાં ચિત્રો વગેરેથી ઓળખતા થએલા, એટલે ભાવનગરમાંથી આટલી પ્રસિદ્ધિ મેળવનાર મારા માટે સ્વાભાવિક અહોભાવ તેમણે બતાવ્યો. તેમણે વાતો કરતાં જણાવ્યું કે તેઓ બટુભાઈ ઉમરવાડિયા અને ચંદ્રશંકર બૂચના સુપરિચિત મિત્ર છે અને કવિવર રવીન્દ્રનાથના આગમનથી નવપ્રેરણા પામી સાહિત્યના ક્ષેત્રમાં નવી કેડીઓ, નવી દૃષ્ટિ અને નવાં સ્વપ્ન ઉતારવાના મનોરથ સેવે છે. આમ કહી તેમણે બટુભાઈ ઉમરવાડિયા સાથે સંયુક્તપણે પ્રકટ કરેલો 'ચેતન' માસિકનો પ્રથમ અંક મને આપ્યો, જેમાં હું સાહિત્ય, સંસ્કૃતિ અને જીવનને સ્પર્શતા વિચારો અને વિવેચનોમાં તદ્દન નવી સ્ફૂર્તિ અને ઉન્મેષ જોઈ શક્યો. નજીકના દિવસોમાં મુંબાઈ તેઓ જવાના છે એમ જાણતાં મેં તેમને અમદાવાદના મારા પ્રૌઢ સંસ્કારી મિત્રો તેમજ શ્રી બચુભાઈની વાત કરી અને મારી સાથે લાવેલો તેમનો 'જ્ઞાનાંજલિ'નો તાજો અંક બતાવી કહ્યું કે તમારા જેવા જ અભિલાષ અને ઉત્સાહવાળા બીજા આવા મિત્રો છે. મુંબાઈ જતી તેમની ટ્રેઇન અમદાવાદથી પસાર થાય ત્યારે બચુભાઈ તેમને સ્ટેશને મળે એવું કરવા તેમણે સંમતિ આપી. એમની સાથે હાજીમહમ્મદની અને બીજા અનુભવોની ઘણી વાતો થઈ હશે. તે દિવસથી તેમની મિત્રતા જે પ્રાપ્ત થઈ તે આજ સુધી મારી મધુર સમૃદ્ધિ બની રહી છે.

૪૭૪ પ્રકીર્ણ પ્રવૃત્તિઓ

વતનમાં મારાથી કંઈ પ્રગતિ થાય એવું વાતાવરણ નહોતું. મન ઠરે અને કંઈક રસ પડે એવી મંડળી માત્ર દક્ષિણામૂર્તિ ભવનમાં મળતી. મે વૅકેશન હોવાથી શહેરમાંથી પણ જૂના મિત્રો ત્યાં આવી મળતા અને ત્યાં નાનાભાઈ તેમજ ગિજુભાઈ શિક્ષણક્ષેત્રમાં નવા બુટ્ટાઓ દાખલ કરવા પ્રેરણાદાયક વાતો કરતા. એમાંથી નાનાભાઇને વિચાર આવ્યો કે દક્ષિણામૂર્તિ ભવનમાં એક કલાપ્રદર્શન કરીએ અને લોકોનાં ઘરમાં જે જે કલાયુક્ત વસ્તુઓ કે ચિત્રો હોય તે માગી લાવી તેના આસ્વાદ અનેક જનોને મળે તેમ ગોઠવીએ. આ વિચાર નવો જ હતો. તરત જ અમારા જાણીતા એવા કેટલાક ગૃહસ્થોને તેમના ઘરમાંથી શું શું મળી શકે તેના પત્રો લખાયા તેમજ પત્રિકા છપાવી ને જાહેરખબર ફેલાવી.

આના પરિણામે અમને ઘણા ઘરનાં આમંત્રણ મળ્યાં કે તમે આવીને જોઈ જાઓ; તમને યોગ્ય લાગશે તો પ્રદર્શન માટે જરૂર આપીશું. મસ્તરામે મને અને ગિજુભાઇને મોટરમાં ચડાવીને શહેરમાં ઠરાવેલાં ઘરોમાં ફેરવ્યા. તેમાં અમને ઘણી સુંદર છબિઓ, ચિત્રો, રમકડાં, અવનવી વસ્તુઓ અને વસ્ત્રો તેમજ બીજા કોઇને કદી જોવા ન મળે એવી નવાઇની ચીજો પણ મળી આવી; અને પછી અમે કરેલી તેની નોંધ પ્રમાણે વિદ્યાર્થીઓને મોકલી એ બધું એકઠું કર્યું ત્યારે તો ખરેખર એક જોવાલાયક પ્રદર્શન થાય એટલો જથ્થો થઈ ગયો જણાયો.

પ્રદર્શન ગોઠવાયું અને તેનું ઉદ્‌ઘાટન મારે જ કરવું એવો નાનાભાઇએ આગ્રહ કર્યો. એમ કરીને એમને તો ચાલુ પ્રણાલિકા મુજબ મુખ્ય અધિકારી કે શહેરના મુખી શ્રીમંત નીમવાનો રિવાજ ટાળવો હતો, પણ હું માંદગીને લીધે નબળો પડી ગયો હતો અને જાહેરમાં બોલવાને ટેવાયો નહોતો એટલે તેમાંથી મુક્ત રહેવા હું ઘણો મથ્યો. પણ મિત્રો માન્યા નહિ એટલે હું ભાષણ લખી નાખું અને મસ્તરામ વાંચી સંભળાવે એમ ઠર્યું. જણાવેલી તારીખે પ્રદર્શનમાં મોટી હાજરી થઈ, ને લોકોને લાગ્યું કે આંખને રંજન અને તૃપ્તિ આપે એવું ઘણું ભાવનગરના ગૃહસ્થો પાસે હતું. આમ જનતાએ આજ તેની પૂરી મોજ માણી. મારી સ્મૃતિ પ્રમાણે મારા તે વખતના ભાષણનો સાર પાછળથી શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકના માસિક 'યુગધર્મ'ની પાછલી નોંધોમાં છપાયો હતો.

મારી માંદગીએ મને બહુ બેચેન કરી મૂક્યો હતો. અમદાવાદમાં હજી પાયો નંખાયો નહોતો. મુંબાઈ જઇને કંઈક કામ મેળવવાની પણ ઇચ્છા હતી. ભાવનગરમાં તો મારો શુક્રવાર વળે એવું કોઈ એંધાણ નહોતું, એટલે ક્યારે ભાવનગરથી છૂટું એમ મનમાં થતું હતું. છોકરાંઓની નિશાળ ખૂલવાની પણ તૈયારી હતી. મુંબાઈથી હાજીની તબિયત લથડતી ચાલે છે એવા પત્રો હતા. એવામાં વિજયરાયના ગયા પછી અમદાવાદથી એક મિત્રનો પત્ર આવ્યો, તેથી મારી ડગમગતી શ્રદ્ધા સતેજ થઈ ને પુરુષાર્થનો કીડો સળવળ્યો. (તા. ૯, જૂન ૧૯૨૦)

૪૭૫ એ પત્ર

એ પત્ર આજ સુધી શા રીતે સચવાયો તે હું કહી શકતો નથી. મારું કર્તવ્ય-સ્થાન અને આત્મભાન કરાવનાર કોઈ અન્ય વ્યક્તિને જે પ્રેરણા મળી તેને હું મારા નિરાશાવાદથી બુઝાવી શકું તેમ નહોતું.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય (શાખા), અમદાવાદ

જેઠ વદ ૮, '૭૬ બુધ

વહાલા ભાઈ,

માંદા માંદા યે મને આટલો સંભારો છો એ તમારા સ્નેહનું ઉચ્ચતમ સ્વરૂપ!... ... તમારા આ છેલ્લા પત્રે મને ગભરાવ્યો છે. તમે આટલી હદે માંદા પડશો એ નહોતું ધાર્યું. તમારા અહીંના જે જે સ્નેહીઓ મને તમારા સ્નેહી તરીકે પિછાને છે તે સઘળા મને જ્યારે મળે છે ત્યારે

તમારા સમાચાર પૂછે છે અને બધાને દિલગીર હૃદયે તમારી માંદગી-ના સમાચાર હું આપતો રહ્યો છું.

અહીંની તમારી સ્નેહસૃષ્ટિની વિશાળતા જોઈ મને રણજિતરામ યાદ આવ્યા અને મને જણાયું કે તમે રણજિતરામભાઈની નાની આવૃત્તિ રૂપ છો. દરેક યુવાન ગુજરાતીમાં સહૃદય હૃદયે ઉત્સાહ પ્રેરી પ્રોત્સાહિત કરનાર તમારા જેવા મેં આજ લગી નથી જોયા; બાકી સ્વાર્થી સંસારમાં મીઠું બોલી વાંસો થાબડનારા ઘણા છે.

ચાર માસ પહેલાંની આ વાત છે. સ્નેહીઓથી વિખૂટો પડેલો, મારે લાયક ચેતન અને રસભરી સૃષ્ટિની શોધ કરતો હું હતાશ હૃદયે અમદાવાદની બજારમાં ભટકતો હતો. આવડા મોટા અમદાવાદમાં મને પૂરતો સંતોષ આપે એવું વિશ્રામસ્થળ નહોતું મળ્યું અને શોચનીય સ્થિતિમાં હું મારા દિવસો વીતાવતો. એક ધન્ય પળે એક રાત્રે તમારે ઘેર આવવાની પ્રેરણા ભાઈ પંડિતે કરી. ઘર શોધતોશોધતો અંધારામાં એકાદ-બે ઠેકાણે ભૂલો પડી પૂછતોપૂછતો હું આખરે તમારે ઘેર આવ્યો.

ગોંડલમાં તમને બે વખત અછરતા જોયા પછી, તમારા હૃદયનું અને સ્નેહનું ઉપરઉપરથી અવલોકન કર્યા પછી એક સહૃદય ગુજરાતીનું હૃદય જાણવાનો મને તે રાત્રે શુભ અવસર મળ્યો અને એ ગૃહ જોઈ મેં સંતોષનો દીર્ઘ શ્વાસ ખેંચ્યો કે મને આખરે મારું મને યોગ્ય વિશ્રામસ્થાન —મારી રસસૃષ્ટિ મળી છે.

ઉપલા લખાણમાં તમારા વખાણ લેશમાત્ર નથી. મને એક ખરા 'ગુજરાતી' તરીકે જીવન ગાળવાના કેટલા ય અભિલાષ છે! અને તમને આ મંદવાડ વખતે જે થાય છે તે મને હમેશાં થાય છે. મારી ૨૩ વર્ષની ઉમર વીતી ગઈ છતાં હજુ ગુજરાતને હું લેશમાત્ર ઉપયોગનો નથી થઈ શક્યો. ગુજરાતને ચરણે કંઈ પણ સેવા ધરવા ભાગ્યશાળી નહિ થાઉં?

તમે ગુજરાતને માટે ઘણું કર્યું છે. ગુજરાતી સાહિત્ય કલા અને રસના ઇતિહાસમાં તમે તમારું સ્થાન પ્રાપ્ત કર્યું છે. છતાં યે આ માંદગી વખતે તમારા દિવસ ગુમાવતા જોઈ તમારા હૃદયને જે વ્યથા થાય છે તે હું સમજી શકું છું. અહીં ક્યારે આવો છો? આ પત્ર પહોંચશે ત્યારે તમારી તબિયત સુધરી હશે અને અહીં આવવાની તૈયારીમાં હશો.

'કલાધર'ની (દેશળજી પરમારની) કવિતાનો કેટલોક ભાગ તમને આદર્શ લઈને જ રચાયો છે. એ કવિતાનું સ્ફુરણ તમારે લીધે જ થએલું. તમે તમારી જાતને ઘટાવવા આનાકાની કરો એ તમારા હૃદયની ઉચ્ચતા છે. ગુજરાતમાં એવો 'કલાધર' ઉત્પન્ન થાય અને

'શતરવિ તણાં તેજ ફૂટે'

એ જોવાને હું ને પરમાર આતુર છીએ. પ્રભુ તમને બલ પ્રેરો એ જ પ્રાર્થના.

તમારા સ્નેહાધીન

......ના જય ગુજરાત

નાનુભાઈ

પત્રમાં ઘણી લીટીઓ છોડી દીધી છે પણ એમાં મને અમદાવાદનો સાદ સંભળાયો અને હું મારા પરિવારને સાબદો કરી સામાન બાંધી ભાવનગરથી નીકળ્યો. આ વખતે મારા નાના ભાઈ પ્રાણશંકર ઉર્ફે નાનુભાઈને સાથે લીધો.

નાનુભાઈનું મન અભ્યાસમાંથી ઊઠી ગયું હતું. બે વાર મૅટ્રિકની પરીક્ષામાં બેઠા પણ પાસ થઈ શક્યો નહિ, એટલે નિરાશ જેવો લાગતો હતો. એ વચ્ચે એનું લગ્ન તો થઈ જ ગયું હતું અને એ યુગના રિવાજ પ્રમાણે કુલવધૂ સાસરે આવી ગઈ હતી. સંસારનો સામનો કરવા પૂરતી તૈયારી કે તાલીમ વિના માબાપો સમાજ અને રિવાજના પંજામાં કુટુંબનાં ઉત્તમ બાળકોનું તેજસ્વી જીવન કેમ વેડફાવા દે છે તે મેં ઘણા અંગત કડવા અનુભવોથી જાણ્યું છે. નાનુભાઈમાં સંગીતનો પ્રાણ હતો. તેના હાથમાં હારમોનિયમ પડતું તો કલાકો સુધી તે અવનવા મધુર રાગો ઘૂંટ્યા કરતો. અપવિત્ર કે ગંદી વાતો તેને ગમતી નહિ, અને લગ્નની ધોંસરીથી તેનું ગભરુ મન એટલું મૂંઝાયું હતું કે અભ્યાસમાં ચિત્ત ચોંટયું જ નહિ. મારા પિતાશ્રી ખાલી શોક કરતા જ રહ્યા કે મારા ઘરમાં કોઈ ગ્રૅજ્યુએટ થયો નહિ. હું ભણાવી શકું એવી સ્થિતિમાં છું ત્યારે લાયક વારસ નથી.' મેં ચિત્રકારનો ધંધો લઈ તેમને નિરાશા આપી હતી, તે પછી આ બીજી નિરાશા તેમને સાંપડી હતી. આથી તેમની અને મારા કાકાની વારંવારની ટોકણીથી દૂર રહેવા નાનુભાઈ મારી સાથે ચાલી આવ્યો હતો. ઘણા વડીલોએ ઘોડિયાં-ત્રેવિશાળો અને બાળલગ્નોને આવકારી પોતાનાં બાળકોનાં જીવન કુંઠિત કર્યાં મેં જોયાં-જાણ્યાં છે. (ચાલુ)

લઘુકથા

ચિંતા

રામજીભાઈ કડિયા

એસ.ટી.ની બસ ઊપડવાની તૈયારી હતી. ભીડ ખૂબ હતી. રતિલાલ અમદાવાદ જતો હતો. ચાર મહિને એક જ દિવસની રજા લઈને ગામ આવ્યો હતો ને સાંજે રવાના થતો હતો. બધાં મૂકવા આવ્યાં હતાં. આગળની સીટે ગોઠવાઈને એ બારીમાંથી બધાંને જોઈ રહ્યો હતો.

'ભાઈ, પછી ઘરની પછીતે બારી મુકાવવાનું શું કરીશું?' બા બોલી.

'હવેને ફેરે આવું ત્યારે સંભારજો.' અને રતિલાલે બાની પાછળ ઊભેલી ઊર્મિલા તરફ જોયું. એના વિકસતા ઉદર તરફ એણે નજર માંડી.

'મોટા ભાઈ, તમે કહેતા હતા તે–મારે સારું એકાદ પૅન્ટનો પીસ...' નાનો ભાઈ બોલી ઊઠયો. રતિલાલે એની સામે જોઈ ને હસી લેતાં માથું હલાવ્યું. નાનો ભાઈ ખુશ થઈ ગયો.

'અને ભઈ, ચંપા માસી મળે તો પેલી વાત...'

'પણ બા, એટલી વાત કહેવા ખાસ વખત કાઢીને જઉં તો જ બને...' અને પાછળ ઊભેલી ઊર્મિલા કંઈક કહેવા સહેજ આગળ આવી; પણ રતિલાલને મિત્રની વાતમાં હોંકારો દેવો પડયો: 'હા, હા; જરૂર આવજે. આપણે સાથે જઈશું. પેલો ડૉક્યુમેન્ટ પણ લેતો આવજે.'

'અરે રતિભાઈ...' દોડતાદોડતા ચિમનકાકા આવી પહોંચ્યા: 'જો ને ભાઈ, આ દવાની ગોળીઓ કોઈ સાથે સંભારીને મોકલી આપજે ને.' રતિલાલે દવાની ચિઠ્ઠી લઈ લીધી અને ઊર્મિલાના ચહેરા તરફ જોતાં નજર નીચે ઉતારી, ઊર્મિલાની લજવાએલી આંખો ઢળી પડી અને સાડીનો પાલવ આઘોપાછો કરવામાં લાગી ગઈ.

કંડક્ટરે ઘંટડી બજાવી. ઊર્મિલા બાની આગળ આવીને ઊભી. મનમાં બોલી: મારી કશી યે ચિંતા કરશો નહિ. અને એ કહેવા એની આંખો ઊંચી થઈ...

'અને ભઈ, આ વખતે તો મારે મોતિયાનું ઑપરેશન...'

ગાડી સ્ટાર્ટ થઈ.

'હા, બા' કહેતાં રતિલાલે બધાંના 'આવજો...આવજો...'ના ઘોંઘાટમાં હાથ હલાવતાં હલાવતાં ઝડપથી ઊર્મિલા તરફ જોઈ લીધું. એની પહોળી થએલી આંખોમાંથી નીતરતી ચિંતા ગાડીની પૂંઠને અથડાઈને પાછી પડી. એ બસની પાછળ સહેજ આગળ વધી અને માત્ર હાથ ઊંચો કરતી થોભી ગઈ.

ચન્દ્રવદન મહેતાની
અંતરગઠરી • ૨૭

ફેઇબલ્સ ...ચાકનું કુંડાળું અને બીજી વાતો

આ પણ હવે જરા શૈલી બદલીશું. એટલે ગયા લેખમાં આડાં-અવળાં પુસ્તકોનાં નામ દાખલ કરી દીધાં હતાં એને બદલે વર્ગમાં કરેલા ભાષણનો સાર કહી જઈને ચોપડીનાં નામ ખનશે તો છેવટે આપીશું. મારું ચાલે તો આપું જ નહિ. આપો, તો કહેશે કે પોતાની બડાશ હાંકવા આપે છે; ન આપો તો કહેશે, ઠીક ગુલબાંગો હાંકે છે—કોણ પૂછવા જવાનું છે? પણ એ રસ્તામાંથી આપવાનો શિરસ્તો સારો, કે કોઈને ભવિષ્યમાં અભ્યાસ કરવો હોય તો કામ લાગે.

સાહિત્યમાં અરસપરસની અસરો તપાસવા માટે ફેઇબલ જેવો પ્રકાર બીજો કોઈ ન મળે. હા, એની પછી નાટકો ખરાં. પણ જોવા જશો તો નાટકો પણ ઘણી ફેઇબલ પરથી જ ઘડાયાં છે. એક જ દાખલો લ્યો. અને એ દાખલા થકી જ મેં મારા વર્ગની શરૂઆત કરી. એક વાર્તા છે: એક બાઈને છોકરું છે, અને બીજી બાઈને છોકરું નથી. અને એ બંને પેલા બાળક માટે ઝઘડો કરે છે. ઝઘડો બાદશાહના દરબારમાં પહોંચે છે. બાદશાહ હુકમ કરે છે કે બાળકના શરીરના તલવારથી બે ટુકડા કરો. અને તરત સાચી માતા નમી પડી: 'ના બાદશાહ, બાળકને મારશો નહિ, ભલે પેલી વાંઝિયણ એ લઈ જાય. મારો બાળક તો જીવશે.' અને બાદશાહે બાળક એની સાચી માતાને સોંપ્યો. માતા રાજી થઈ ઘેર ગઈ.

તમે બધા આ વાત જાણો છો. પણ વર્ગમાં મેં આ કહી એટલે એક જણે કહ્યું: 'સર! આ તો તમે 'કૉકેસસ ચૉક સર્કલ' ઉપરથી ઉપજાવી છે.' ખરી વાત હતી. કારણ કે એ વેળા અમારે ત્યાં—અમારા અંગ્રેજી ડિપાર્ટમેન્ટમાં નહિ પણ નાટકના ડિપાર્ટમેન્ટમાં—એ નાટક ચાલતું હતું. હવે ખરું પૂછો તો આપ વાચકોમાંથી કોઈ જરૂર કહેશે કે આ તો પેલી અકબરના દરબારમાં લડતી આવેલી બે બાઈઓવાળી બાદશાહ અને બિરબલની વાત. અકબરે બિરબલની બુદ્ધિની પરીક્ષા કરવા આ કામ બિરબલને સોંપ્યું, અને બિરબલે બાળક કાપવાનો ચુકાદો આપ્યો. વળી કોઈ કહેશે: ના; આ બન્યું હતું રાજા ભોજની સભામાં. ત્યાં કોઈ ટપકી પડશે: 'અરે શાનો રાજા ભોજ? આ તો ઈરાનની વાર્તા છે ઇરાનની. ત્યાંના પેલા વિખ્યાત કવિ શેખ સાદીએ લખેલી. પણ જો કોઈ ચીનો આ વાંચે તો કહેશે: રાખો રાખો, આ તો અમારા દેશની વાત છે. ન માનતા હો તો વાંચો આ શિકાગોમાં પ્રગટ થએલું એબરહાર્ડ વુલ્ફ્રાંગનું 'ફોક ટેઇલ્સ ઑવ ચાઈના' અને બીજું આ 'ચાઇનીઝ ફેઇરી ટેઇલ્સ'—લેખિકા ચાંગ ઇરાબેલા. અને ચીનો કહે એટલે તો માનવું જ પડે બાઈ! પણ સારું છે કે કોઈ જર્મન વિદ્યાર્થી નથી. નહિ તો એ એમ જ કહેત: 'જાઓ જાઓ, આ તો અમારા બર્ટોલ્ટ બ્રેખ્ટનું નાટક; વાર્તા પણ એની. આમ મારામારી અને ટપાટપીનો પાર નહિ. કઈક ઈટાલિયનો કહે છે કે અમારા પાડુઆ ગામમાંની અને વેરોનિકા તથા વેનિસમાંથી અમારી લોકવાર્તાઓ પકડીપકડીને શેક્સપિયર મશહૂર થયો. 'કૉમેડ લા આર્ટ'ના ભમતારખડતા નટોએ ફ્રાન્સમાં જઈ એ જ વાર્તાઓ ભજવી બતાવી હતી—વિલિયમ શેક્સપિયર સાહેબ જન્મ્યા તે પહેલાં.

ફેઇબલ એટલે જ બનાવટ–ફૅબ્રિકેશન. પણ અમસ્થી દિલ બહેલાવવાની બનાવટ નહિ. કંઈ સાર, નીતિનો અણસાર, બુદ્ધિનો ચમકાર; ને એ વડે બોધપાઠ આપવાની પણ વૃત્તિ. એ જૂના જમાનામાં ત્યારે આટઆટલા ભાષણ કરનારાઓ નહિ, ધર્મનાં સપ્તાહો બેસે નહિ, રેડિયો કે સરકારી ખાતાંઓ તરફથી ઉદ્બોધનો આપવાનાં નહિ, શિખામણો દેવાનાં પૂરતાં સાધનો નહિ, એટલે ફેઇબલનું માધ્યમ બધાને ઠીક પડતું. એમાં પંચતંત્ર અને હિતોપદેશની બધી જ વાતો—એના મૂળ લેખક કે વિચારક કે સંગ્રાહક તો જે હશે તે—વિષ્ણુશર્માએ બનાવી ન પણ હોય (યા બનાવી પણ હોય), તો યે એમાંથી અનેક પર્શિયન સાહિત્યમાં ઊતરી. કોર્નેલિયા સ્પેન્સર (આલફ્રેડ નૉફની આવૃત્તિમાં) પ્રસ્તાવનામાં કહે છે કે 'સુડા બોહતેરી'વાળી ઓનેરઓનેર વાતો ઈરાનના સાહિત્યમાં ઊતરી છે. અરેબિયન નાઈટ્સમાંની ઘણી વાતોનાં મૂળ હિંદમાંથી ઉખેડાયાં છે. પંચતંત્રના અંગ્રેજી ઉપરાંત અરબી, જર્મન, ડચ, ડૅનિશ, એમ વિવિધ ભાષાઓમાં અનુવાદો થયા છે. એક જણ તો એમ પણ કહે છે કે 'સિન્ડરેલા' તે સુમના દેવી. એડજર્ટને પ્રગટ કરેલા પંચતંત્રમાં નોંધ છે કે 'હિન્દની મૂળ કથાઓ ઉપરથી પહેલવીમાં ભાષાંતર થયું, એ પરથી અરબીમાં ઉતારાયું, એમાંથી હિબ્રૂમાં ત્યાંના પહેરવેશ પહેરાવાયા. એ પરથી લૅટિનમાં લખાયું, ને લૅટિનમાંથી ઈટાલિયનોએ ઉઠાવ્યું, એનું અસ્પાનિયામાં સંસ્કરણ થયું.' અને ઉમેરે છે કે 'પાંચમી સદીથી ઓગણીસમી સદી સુધી એક જ વાર્તાના ઓગણીસ પ્રકાર ચૌદ જુદીજુદી ભાષાઓમાં નોંધાએલા જણ્યા છે.' આ વિષયમાં નિષ્ણાતોએ ભારે જહેમતથી કામ કર્યું છે. આ બધી વાર્તાઓ, ગ્રીક ઈસપની, હિંદી પંચતંત્રમાંની, ફ્રેન્ચમાં લા ફોંતેની, જર્મનીમાં ગ્રિમની, ડૅનિશમાં હાન્સ ઍન્ડરસનની, ફરી હિન્દમાં જાતકકથાઓ ને કથાસરિતસાગરમાંની—એમ એકેએક નવીનવી તરાહો ને આવૃત્તિઓ એની ઉપજાવાતી ગઈ. એ બધીને એકઠી કરી, એનું પૃથક્કરણ કરી, એમાંથી મુદ્દાઓ પણ તારવવામાં આવ્યા છે. એમાં શેખચલ્લીનો—એટલે કે પેલા હવાઇ કિલ્લા બાંધનારનો—એક બહુ મોટો મુદ્દો: ડોકું ધુણાવે અને ઘીનો ઘાડવો પડી જાય! અથવા આપણા પેલા અક્કલબાજખાં સૂરજ સામે લડવા નીકળેલા તેની વાત: દીવાન હોશિયાર; તેણે દિશાપલટ કરાવી નાખીને બચાવ્યા. પણ અમેરિકાની નજીકમાં આવેલા સૂરજતડકે શરીર તપાવવા પોર્ટોરિકોના ટાપુપ્રદેશમાં જનારા સહેલાણીઓને ત્યાંની જે ફેઇબલો સાંભળવાની મળે છે, એમાં એવી જ હવાઈ કિલ્લા બાંધવાની વાત છે. ત્યાંના બાદશાહને થયું કે ચન્દ્રલોકમાં જઈએ. એટલે સુથારો પાસે ખૂબ ખોખાં તૈયાર કરાવ્યાં. ઢગલો ખોખાં બની રહ્યાં ત્યારે બાદશાહ એક ખોખા ઉપર બીજું ખોખું ચડાવી એમ ઊંચે ને ઊંચે ચડવા લાગ્યા. આખરે તો ખોખાં ખૂટ્યાં જ, એટલે એમણે ઉપરથી ત્રાડ નાખી: 'શું કહો છો, મુરખાઓ! ખોખાં ખલાસ? અરે મહેનત કરીને નીચેનું ખેંચી કાઢી મને ઉપર મોકલાવો, અને એમ એક પછી એક કાઢતા જાઓ ને મોકલતા જાઓ, એટલે હું જરૂર ચન્દ્રલોક ઉપર પહોંચીશ. ચાલો કાઢવા માંડો!' અને આજ્ઞાંકિત નોકરોએ અમલ કરવા માંડ્યો. અને જેવું એક નીકળ્યું એવા જ બાદશાહ ચન્દ્રલોકમાં સીધા તો નહિ પણ વાયા પૃથ્વીલોક–ભોંય પડીને પછી ઉપર પહોંચી ગયા!

આવા શેખચલ્લીશાઈ તુક્કાઓવાળી વાર્તાઓનો જેમ સારો ઢગલો છે, તેમ બીજે પક્ષે લુચ્ચાઈમાં પારંગત એવા શિયાળની, લોભમાં સોનાનું ઈંડું મેળવવા મરઘીને કાપી નાખનારની, પૂરો વિચાર કર્યા વિના સાપને મારીને બાળકને બચાવનાર નોળિયાની હત્યા કરનારની, એવી-

એવી વાતોનો પણ સારો જુમલો છે. બધી એક જ પ્રવાહમાંથી ફરકેલી. દેશાંતર કરતી જાય તેમ તેમ એમાંના વાતાવરણ (લોકેઈલ) ને લોકનામ બદલાવાં રહે. 'ઍન્થોલૉજી ઑવ ફોકલોર' (સંગ્રાહક જ્યૉર્જ લૉરેન્સ ગોમ્સ)ના ૧૮૯૨માં પ્રગટ થએલા પુસ્તકમાં સંગ્રહાએલા ઇંગ્લંડના વહેમ, રૂઢિબંધનો, ભૂતપ્રેતની માન્યતા; ડાકણહત્યા વગેરેની કથાઓ જો જુઓ તો, આમ ભાત ભલે જુદી, પણ એકંદરે એમાં એકનો એક દોર તણાયલો વણાયલો જોવા મળશે.

આનો અર્થ એવો નથી કે બધું જ હિન્દમાંથી યુરોપ ગયું છે. કંઈક ગ્રીક કથાઓ પણ એના વેપારીઓ અહીં વેપાર કરવા આવતા એ લાવ્યા હશે, અને એ ઉપરથી અહીં કથાએ નવતર રૂપ ધાર્યાં હશે. સિંહ-ઉંદરનો કિસ્સો કદાચ ત્યાંથી પણ આવ્યો હોય. વેપારીઓ, ખલાસીઓ, આક્રમણો કરનારી ફોજના સૈનિકો, હિજરત કરી આવનારાઓ અને ખાસ કરીને ગુલામો તરીકે વેચાનાર સ્ત્રી-પુરુષો આવી ફેઈબલોને ચારે કોર ફેલાવે, એમાં ફેરફારો તેમજ સુધારાવધારા પણ કરે. એમાં ફસાએલા પ્રકીર્તિત કવિ-લેખકોનો ફાળો ઓછો.—ઓછો એ અર્થમાં કે એના ફેલાવામાં એમનો હિસ્સો ઓછો; બાકી બીજી રીતે એ માવામસીદાને પોતાની પ્રતિભા થકી નવી રીતે વાપરી સર્જનાત્મક કૃતિ રજૂ કરવામાં હિસ્સો મોટો. આપણા 'કથાસરિતસાગર'નો અનુવાદ ટૉનીએ ડચમાં કર્યો, અને એનાં સુંદર છપાઈમાં વૉલ્યુમો બહાર પાડયાં ત્યાર પછી ડચ સાહિત્યકારોએ કથાસરિતસાગરમાંથી —'ઓશન ઑવ સ્ટોરીઝ'માંથી—ફાર ઈસ્ટમાંના પ્રદેશોમાં કેટલી વાર્તાઓ ગઈ, અને એમાં દેશકાળ અનુસાર કેટલા અને કેવા ફેરફારો થયા એનાં છક કરી દે એવાં સંશોધનો કર્યાં છે. કોપનહાગન (ડેનમાર્ક)માં એક 'ફોકલોર એસોસીએશન' છે; એવું જ બીજું અસોસીએશન અમેરિકામાં પેન્સિલ્વાનિયામાં છે. એમના તરફથી 'યુરોપિયન ફોક ટેઈલ્સ'નું પ્રગટ થએલું પુસ્તક વાંચો તો એમાં લિસ્બોંના એક ખૂણેથી હૉંગકૉંગના બીજા ખૂણા સુધી ગએલી એકની એક વાર્તાનાં અવનવાં સ્વરૂપો જોવા મળે. એ ઉપરથી હાન્સને 'ટાઈપ્સ ઑવ ધ ફોક ટેઈલ્સ'ના પુસ્તકમાં પાકું પૃથક્કરણ કરી આપ્યું છે. એમાં એણે દક્ષિણ અમેરિકાના પ્રદેશો—બ્રાઝિલ, પેરૂ, કોલંબિયા એમ જુદા જુદા દેશો—માંની વાર્તાઓ પણ સંઘરી અને નાણી બતાવી છે.

વેનેઝુએલાના એક સરસ અંગ્રેજી બોલનારા પ્રતિનિધિ જર્મનીમાં લાઈપઝિકની એક કૉન્ફરન્સમાં અમારી સાથે હતા. તે વિદ્વાન નાટકકાર તો હતા જ, પણ આવી ફેઈબલના મોટા રસિયા હતા. મેં એમને આપણા પંચતંત્રમાંની બેત્રણ વાતો કહી, તો એને ભળતી એમણે પણ મને એમના દેશની વાતો કહી. એમાં એક એમણે પ્રેમની વાત કહી. મોચીની વહુ તે બીજા કોઈના પ્રેમમાં. એક વાર પ્રેમી, મોચીની ગેરહાજરીમાં, પ્રિયતમાને મળવા આવેલો, એટલામાં મોચી મહાશય અચાનક ઘરમાં આવી ગયા. હવે શું? પ્રેમી તો તરત કૂદીને બાજુની કોઠીમાં સંતાઈ ગયો. પણ મોચીને વહેમ. એટલે મોચી કહે આપણે બંને આ ભગવાનની છબી સામે ઊભા રહી આંખો મીચી મનમાં જે કંઈ પાપ હોય એની કબૂલાત કરી દઈએ. વહુ કહે: હે ભગવાન! મને એક જ દુઃખ છે, અને તે એ, કે મારો ધણી ભારે અદેખો છે. અને એ એવો હોય તો એને સજા થવી જ જોઈએ.' એટલે કોઠીમાંના પ્રેમીએ બહાર નીકળી મોચીના માથા ઉપર એવો તો ફટકો માર્યો કે પેલો બેભાન થઈ ને પડી ગયો અને પ્રેમીજન બહાર સટકી ગયા! આઝરબૈઝાન પ્રદેશના સૌથી પહેલા નાટકકાર ફિસુલીએ પહેલું નાટક લખ્યું: વઝીર અને એની બે વહુઓ, એમાં જુવાન વહુનો આવો જ લોચો. વઝીરને પડયો વહેમ. ત્યારે જુવાન ખાતુન આવી ઢબનો જ ખેલ કરે છે: 'સાસુજીએ કહ્યું છે કે માથુ ઢાંકી કંઈ ક્રિયા કરવી, પશ્ચાત્તાપ કરવો, અને એ માટે ઓ મારા ખાવિંદ, આ ફૂડું છે તે ઊંચું આપના માથા ઉપર મૂકો અને બંદગી કરો, કે જેથી આપના દિલમાંના ખોટા વહેમ કે શંકા હોય તો દૂર થઈ જાય. ઊંધા જેવું એનું મોં ફૂડા હેઠળ ઢંકાયું કે એનો લાભ લઈ પરદા પાછળ સંતાએલો પ્રેમી નાસી છૂટયો. ફેઈબલમાં આવાં સામ્ય ઘણાં, એટલી જ આપણી તારવણી. જૂના ગ્રન્થો હોય એટલે એમાંથી દેખીતી રીતે જ તફડંચી થવાના દાખલા વધારે, કેમ કે આવા કિસ્સા-ટુચકા ઉપર કોઈના બાપનો પણ કૉપીરાઈટ હોઈ શકે નહિ અને ફેરવનારાઓ પોતાની અક્કલ હોશિયારીથી એવું ફેરવી નાખે છે કે કદીક તો મૂળ શોધવાં પણ મુશ્કેલ થઈ પડે.

આપણે શરૂઆત બ્રેખ્ટના 'ચૉક સર્કલ'થી કરી;—ના બાદશાહે બાળકને તલવારથી કાપી બે સરખા ટુકડા કરવાની આજ્ઞા આપી એ વાર્તાથી કરી. વાતને લેખક કેવી મરડે-મચકોડે, સંસારની કોઈ ઘટના સાથે વળગાડી કલાના માધ્યમમાં કેવો એનો ઉપયોગ કરે તે માટે 'ચૉક સર્કલ' જ જુઓ. કૉકેસસ પાસે સહકારી ખેતીવાળાં બે ખેતરો છે. ત્યાં હિટલરે ખેદાનમેદાન કરી બધાંનું નિકંદન વાળી નાખ્યું છે. હવે એ ભૂમિ કોની, એ તકરાર. બાળકની વાત એ ખેતીની જમીનના ભાગલા ઉપર લગાડી. યુદ્ધ આવતાં ગવર્નરની બૈરી પોતાના બાળકને છોડી ભાગી ગઈ, એટલે એની નોકરડીએ બાળકને ઉછેર્યો. આ બે બાઈઓ,-ખરી મા અને નોકરડી-વચ્ચે તકરાર. એનો ફેંસલો, બળવાખોર સૈનિકો ગામડાના એક દારૂડિયા ક્લાર્ક અઝદાકને પકડી લાવી, એને ન્યાયાધીશની ખુરશી ઉપર બેસાડી તેની પાસે કરાવે છે. પણ એટલા છેવટના ભાગમાં એ લેખકે એક ફેઈબલના નાનકડા કિસ્સામાં કેટલો ક્રૂર કટાક્ષ ભર્યો છે, સમકાલીન સમાજ ઉપર કઈ હદ સુધી ચાબખા માર્યા છે, (આપણે જેને કદાચ અશ્લીલ પણ કહીએ એવું પણ નાટકમાં ઉમેર્યું છે) મૂળ કિસ્સાને લોકનાટક કે ભવાઈના ઘાટમાં ઘસડીને તેમાં પણ કેવી ક્રૂરમાં ક્રૂર મજાકો ઉડાવી છે તે જોવા જેવું છે. અલબત્ત બ્રેખ્ટનું મૂળ લખાણ તો છે જર્મન ભાષામાં; (અને છેલ્લા કેટલાક દાયકાઓ થયાં એ ભાષામાં એની તોલે આવે એવો અમીર કવિ કોઈ થયો નથી) એટલે એની ભાષાની ખૂબી તો આપણે નહિ જાણી શકીએ. કેટલાક અંગ્રેજ અનુવાદકોને પણ એ મુશ્કેલી નડી છે. પણ એનું તો શું થાય?

પેલી જમીનની મારામારી શરૂ થઈ ને પતી પણ ગઈ. પછી ગવર્નરની ખૂબસૂરત ધણીઆણી પોતાના બાળકને ત્યજી પોતાનો જીવ બચાવવા નાસી જાય છે. પણ તે પહેલાં એ બાઈનું પાત્રાલેખન જોવા જેવું છે: બળવો આવ્યો. હવે નાસવું પડવાનું, પણ સાથે શું શું લઈશું? ધનદોલત, ઘોડા, ઘરેણાં, પોશાક—બેચાર ભોજન પર જવા માટેના, બેપાંચ દેવળમાં જવા માટેના? એટલામાં તો બળવાની આગ રાજમહેલ જેવા ઘરમાં આવી પહોંચી. ભાગો! હાય, કપડાંની પેટી; હાય (નાસો અલ્યા) ખાવાનાંના ડાબલા; અરે પણ બાળકો? આખરે બાળકને છોડી ભાગી જવું પડયું. બાળકને શણગારવાનો, શોધી તૈયાર સાથે લઈને આસાનીથી ચાલ્યા જવાનો પૂરતો સમય હતો; છતાં મા જિંદગી વહાલી કરી બાળકને છોડી જાય છે. પછી નોકરડી બાળકને બચાવે છે, પોતાનું કરે છે, કયાં કયાં એને લઈને ભટકે છે, ઉછેરે છે, એની સાથે માયા બંધાય છે, અને છેવટે 'ચૉકના ચકરડા'ની વાત આવે છે. હવે આ અઝદાક તો પાકો દારૂડિયો જ છે. એણે દારૂના ઘેનમાં ગવર્નરને જીવતો જવા દીધાનો એની ઉપર આરોપ છે. એને જ પકડીને ગામના ચબૂતરા આગળ ઊભો કરવામાં આવે છે. અદાલત સ્થાપવામાં આવે છે. ત્યાં જૂના ન્યાયાધીશ અને ટૅક્સ કલેક્ટરને તો ટાંગી દીધા છે. હવે નવો ન્યાયાધીશ નીમવો જ પડશે ને? તો શું કરવું? 'અલ્યા બેસાડો આ અઝદાકને! ત્યારે અઝદાકની ઉક્તિ સાંભળવા જેવી છે: બસ બસ હવે. ન્યાયાધીશ ન મળે એટલે તમે મારા જેવા ગઠિયાને એ ખુરશી ઉપર ઝીંકો? ન બને. એ ઠીક નહિ. ન્યાયા-

ધીશ તો ગધેડા જેવો હોવો જોઈ એ—મૂર્ખ, ભોટ, તો જ એ કાયદાનો પાકો અમલ કરી શકે.' વગેરે...અંતે એને ખુરશીએ બેસાડે છે. પછી જાતજાતના કિસ્સાના એ ચુકાદા આપે છે. એમાં એક ધર્મશાળાનો રખવાળ આવી ન્યાય માગે છે: 'નામદાર કોરટ! હું ન્યાય માગું છું. મારો દીકરો કામ કરવા ગયો અને અહીં એની સ્રીની (લાજ લુટાઈ). આવ અલી, આમ આવ. આ મારા દીકરાની વહુ.'

'ચાલ, આમ ઊભી રહે. કોરટને સલામ કર.' આમ કહીને રખવાળ ન્યાયાધીશને બધાના દેખતાં જ લાંચની રકમ આપે છે. એટલે આપણો અઝદાક ખીલે છે: 'બરાબર છે. અગત્યનો પ્રથમ પગલાનો પહેલો વિધિ પતાવી દીધો તે સારું થયું. હવે કહો, કોણે કોની લાજ લૂંટી? બળાત્કાર કરનાર કોણ?'

તો ધરમશાળાનો રખેવાળ કહે છે: 'આ રહ્યો સેતાન! અને આ મારા દીકરાની વહુ લ્યુડોવિસાને આ જુલ્મગારના પંજામાંથી મેં એને છોડાવી.'

અઝદાક: 'હવે તારો ખુરખો ખસેડશે, સન્નારી? હાં, હવે તારો ચહેરો સમજાય છે. નામદાર કોરટને તું જે થયું તે કહે.'

લ્યુડોવિસા: 'આ બુઢ્ઢાચોરે મને જાતજાતનું કહેવા માંડયું અને હું કશો વિરોધ નોંધાવું તે પહેલાં તો એણે મારા પર આક્રમણ કર્યું.'

અઝદાક: 'બોલો બજરબટ્ટુ! તમે ગુનો કબૂલ કરો છો?' ગઠિયો: 'જી'

અઝદાક: 'હવે જવાબ આપો લ્યુડોવિસા! તને મીઠાઈ ખાવી ગમે છે? હા? ઠીક. તને પાણીના ટબમાં નાહવું ગમે છે? હા? શું અરધા કલાક સુધી? ઠીક. પબ્લિક પ્રોસિક્યુટર! તમારી પાસે જે છરી છે તે ત્યાં પેલી બાજુ ફેંકો તો! લ્યુડોવિસા! જાઓ અને પેલી છરી પાછી લાવો...હવે તમે બધાએ જોયું કની? આ બાઈ કેવી મદમાતી ચાલે છરી લેવા ગઈ? એનો નખરો, એની ચાલ, એમાંથી જ એની ગુનો કરવાની વૃત્તિ વરતાઈ આવે છે. આ બાઇએ જ પેલા ગઠિયા ઉપર બળાત્કાર કર્યો છે. ગરીબ બિચારો! તું, પોટ્ટી, એમ સમજતી હશે કે અદાલતમાં તું આવો ગુનો કરી છૂટી જશે?'

આવા બેત્રણ ચુકાદા બાદ 'ચૉકના ચકરડા'નો મુકદ્દમો શરૂ થાય છે. વકીલ: 'નામદાર કોર્ટ! આ ગવર્નરનાં વહુ, 'અને પેલી ગ્રુશા એની નોકરડી. એ બાળકનો હવાલો લઈને બેઠી છે. અમને એ બાળક અપાવો. ગમે તેમ પણ લોહીની સગાઈ સાચી. આ બાળક આ ગવર્નરની વહુનું છે.' આખરે મા તે મા. આ બાઇએ આ બાળકને પોતાના ગર્ભમાં ઉછેર્યું છે. આ માતાનું બાળકે દૂધ પીધું છે. નામદાર કોર્ટ! વાઘણ પણ પોતાનું બચ્ચું છૂટું પડી જાય કે ખોવાઈ જાય તો આખું જંગલ ઉથલાવી નાખે છે...'

અઝદાક: 'આ તો બોલ્યા જ કરશે; પણ ગ્રુશા! તારે શું કહેવાનું છે.'

ગ્રુશા: 'બાળક મારું છે. મેં એને ઉછેર્યું, મોટું કર્યું, એનેલઈને ગામેગામ રખડી, એની પાછળ વખત ને પૈસા ખરચ્યા.'

વકીલ: 'જોયુંને નામદાર! લોહીની સગાઈની એ વાત જ નથી કરતી.'

બીજો વકીલ: 'અમારા ગવર્નર સાહેબનાં બાનુ કિંમતી કપડાં સાથે લેવા એની ચિંતામાં બાળકને લઈ જવાનું ભૂલી ગયાં. ત્યાર બાદ થોડા સમય બાદ ગિરિમાળાઓમાં આ નોકરડી સાથે આ બાળક અમે જોયું.'

ગ્રુશા: 'બાળક મારુ છે, સાહેબ!'

અઝદાક: 'પણ માનો કે તારું છે, તો એ મોટી મિલ્કતનો વારસદાર થાય એ તને નથી રુચતું? તું એમ કહે કે એ તારું નથી, તો તરત જ એને રાજમહેલમાં રહેવા મળે છે, ધનદોલતમાં એ આળોટે છે. એને બારણે-બોલ.'

ગ્રુશા: 'ના, એને નહિ આપી દઉં—હરગીઝ નહિ.'

અઝદાક: 'શાંતિ! તમે બે બાઇઓ આમ ઝઘડો નહિ. હવે અમે એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે અહીં એક ચાકનું કુંડાળું બનાવવામાં આવે. એમાં બાળકને ઊભું રાખવામાં આવે અને જે મા બાળકને જોર કરી ચકરડાની બહાર ખેંચી કાઢી જાય એનું એ બાળક!'

વકીલ: 'ના નામદાર! આ તો ખેંચતાણનો, જોરજબરીનો ઉપાય થયો. અમારા અસીલમાં આ ગામડિયણ જેટલું જોર હોય જ નહિ, એટલે એ તો હારી જ જાય.' (દરમ્યાન ગવર્નરની વહુએ બાળકને પોતા તરફ ખેંચી લીધું છે અને ગ્રુશા એને ત્યાં ખેંચાતો જોઇને હબકાઇને ઊભીછે.)

અઝદાક: 'ઘેલી! તેં કેમ બાળકને ખેંચ્યું નહિ? ભલી છો તું! ચાલ ફરીથી અમે એ જ તક તને આપીએ છીએ. કુંડાળું! બાળક! બંને માડીઓ! હાજર હો જાઓ! ખેંચો!' (ફરીથી ગ્રુશા બાળકને જવા દે છે.)

ગ્રુશા: 'મેં એને ઉછેર્યું છે. એના હાથ મારાથી કેમ ખેંચાય? બિચારાનો હાથ તૂટી જાય. ના, મારાથી નહિ ખેંચાય!'

અઝદાક: 'બસ છે. કોરટે ખરી મા શોધી કાઢી છે. ગ્રુશા! બાળકને લઈ જા. અને તું લેડી! આ તરકટ માટે તને ભારે દંડ તે પહેલાં તું યે ભાગ. તારા વાડીવજીફા શહેરને મળશે. અને એમાંથી બાળકોનાં રમતગમતના મેદાનો થશે, અને એ મારા એટલે કે અઝદાક બાગને નામે ઓળખાશે.'

આપણે બાદશાહ-બિરબલની વાત ઉપરથી શરૂ કર્યું હતું. એમાં સાચી માને દુઃખ થયું. અહીં ગ્રુશાને દુઃખ થયું. એક જ ફેઈબલ એ બ્રેખ્ટને ચીનમાંથી મળી એમ કોઈ કહે છે. હું કહું છું કે બ્રેખ્ટ હિન્દ આવેલો, ત્યારે એને હિન્દમાંથી મળી હોય. પણ ચાર લીટીની ફેઈબલમાંથી એણે નાટ્યરૂપાંતર દેશકાળ અનુરૂપ કેવા પ્રકારનું કર્યું—એશિયાઈ કથા યુરોપમાં કેવી રીતે શણગારાઈ, કામ લાગી, અને એ નાટ્યકૃતિ ફરી વારે એશિયામાં કેવી રીતે ભજવાય છે એનો અંદાજ કાઢવા જેવો છે. (ચાલુ)

પ્રકાશના કણોથી યે વધુ વેગવાન શક્ય કણો ટૅકીઓન્સ

જેના વડે કદાચ કાળનું ચોથું પરિમાણ પામી શકાય

લેખક • સુશ્રુત પટેલ

ભૌતિકશાસ્ત્રમાં દ્રવ્યમાન (mass) એ પ્રચલિત અર્થમાં વપરાતા 'વજન' શબ્દનો પર્યાય છે. પરંતુ ભૌતિકશાસ્ત્રીઓ માટે એનો અર્થ ભિન્ન છે. એક ઉદાહરણ ઉપરથી એ સમજી શકાશે. એક સાયકલ કરતાં વધુ વજન ધરાવતી મોટરકારને ગતિમાં લાવવા માટે, સાયકલ ઉપર લગાડવામાં આવતા બળ કરતાં વધુ બળ લગાડવું પડે છે. મોટરનું વજન યા એનું દ્રવ્યમાન વધુ હોવાથી, તે સાયકલની સરખામણીએ ગતિનો વધુ સબળ પ્રમાણમાં વિરોધ યા પ્રતિરોધ કરે છે. અથવા સામાન્ય જનભાષામાં કહીએ તો મોટરકારનું વજન વધારે હોવાથી, એ સાયકલની સરખામણીએ ચાલુ થવામાં વધુ બળ માગે છે. અગાઉ ભૌતિકશાસ્ત્રમાં વસ્તુના દ્રવ્યમાનને સ્થિર અને અપરિવર્તિત માની લેવામાં આવેલું. એ મુજબ મોટરકારના દ્રવ્યમાનનો જથ્થો એક સરખો જ રહેવો જોઈએ, પછી એ સ્થિર હોય યા ચાલતી હોય. વધુ વિસ્તારથી કહીએ, તો એ મોટરકાર પૃથ્વીની સડકો ઉપર ૬૦ કિલોમીટરની ઝડપે ચાલી રહી હોય યા બાહ્ય અવકાશમાં ૬૦,૦૦૦ કિલોમીટરની ઝડપે ચાલી રહી હોય, પણ એના દ્રવ્યમાનના કુલ જથ્થામાં કશો ફેરફાર થવો જોઈએ નહિ, પણ આ જૂની માન્યતાને આલ્બર્ટ આઈન્સ્ટાઈન તથા ફ્રાન્સના વિજ્ઞાની હાંરી પ્વેંકારા (Henri Poincare)એ પડકારી. આ બંને ગણિતશાસ્ત્રીઓએ જણાવ્યું કે ગતિશીલ વસ્તુનું દ્રવ્યમાન ક્યારે ય એક સરખું રહી શકે નહિ, પણ વસ્તુના વેગ (velocity)ના વધવા સાથે એ વધે યા વેગ ઘટવા સાથે એ ઘટે છે. આ સત્યની ચકાસણી તો જ્યારે એ વસ્તુ પ્રકાશના જેટલો જ વેગ પ્રાપ્ત કરે ત્યારે જ થઈ શકે. એટલે એ સમયે તો આ બંને વિજ્ઞાનીઓ પોતાના વિધાનની પ્રાયોગિક સાબિતી આપી શક્યા નહિ, પણ પાછળથી આપણે જાણીએ છીએ તેમ, જ્યારે દર સેકંડે દસ હજાર માઈલના વેગથી ચાલતા ઉપ-પરમાણુ (sub-atomic) કણોની શોધ થઈ ત્યારે એના દ્રવ્યમાનમાં થએલી વૃદ્ધિ પામી શકાઈ અને એ હિસાબે પ્રતિ સેકન્ડના ૧,૬૦,૦૦૦ માઈલના વેગથી ગતિમાન પદાર્થનું દ્રવ્યમાન સામાન્યથી બમણું થઈ જાય છે, એમ જાણી શકાયું.

ગતિમાન વસ્તુને જ્યારે સ્વતંત્ર રૂપથી શક્તિ આપવામાં આવે ત્યારે એ શક્તિ વસ્તુમાં બે પ્રકારે સમાય છે: એક તો ગતિજ શક્તિ (કાઇનેટિક ઍનર્જી–Kinetic energy)ના રૂપમાં, જેનાથી એનો વેગ વધી જાય છે; અને બીજી, દ્રવ્યમાનના રૂપમાં, જેનાથી એ અમુક અંશે વધુ ભારે વજનદાર બની જાય છે. એને આપેલી શક્તિનું આ બંને રૂપોમાં વિભાજન એ ગતિમાન વસ્તુના વેગ પર નિર્ભર રહે છે. ધારો કે વસ્તુ સામાન્ય વેગથી ગતિમાન હોય, તો આપેલી શક્તિ, ગતિજ શક્તિના રૂપમાં જ સમાઈ જઇને એ વસ્તુનો વેગ એકાએક વધી જાય અને એના દ્રવ્યમાનમાં બનતાં સુધી કોઈ પરિવર્તન થાય નહિ; પરંતુ જો એને લગાતાર શક્તિ આપવામાં આવતી રહે તો એનો વેગ તો વધતો જાય જ; પણ પછી એક સ્થિતિ એવી આવે કે જેના પછી વેગ વધવાથી ગતિજ શક્તિમાં રૂપાંતર પામતી એ ઘટતી જઇને, વસ્તુનું દ્રવ્યમાન પણ વેગની સાથેસાથે વધવા લાગશે. આવી સ્થિતિમાં યે એ વસ્તુનો વેગ વધતો તો જશે, પરંતુ એ વેગવૃદ્ધિનો દર ઓછો થતો જશે. અને જેમ વસ્તુનો વેગ પ્રતિ સેકન્ડે ૧,૮૬,૨૮૨ માઈલ (નિર્વાતમાં પ્રકાશનો વેગ) થશે, તેમ એને આપેલી સમગ્ર શક્તિ દ્રવ્યમાન રૂપમાં જ રૂપાંતરિત થવા લાગશે. અને આ પદાર્થનું દ્રવ્યમાન અતિ ઝડપથી વધવા લાગી, તેમાં અનંત વધારો થશે; જેને પરિણામે તે પ્રકાશની ગતિની ઉપરવટ જઈ શકશે નહિ. આમ આઇન્સ્ટાઇનના માનવા મુજબ દુનિયાની કોઈપણ ચીજ, પ્રકાશના વેગથી વધુ ઝડપે ગતિ કરી શકે જ નહિ.

પણ જો આવા કોઈ કણોને પ્રથમથી જ પ્રકાશ કરતાં વધુ ઝડપી ગતિ આપવામાં આવે તો આવી કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય નહિ.

આ અંગે છેલ્લાં કેટલાંક વર્ષોથી અમેરિકાની કૉલંબિયા યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. જિરાલ્ડ ફીનબર્ગ તથા આઇરૅક્યુઝ યુનિ.ના ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. ઈ. સી. જી. સુદર્શન* સંશોધન કરી રહ્યા છે. એમણે એક પરિકલ્પના રજૂ કરી છે, કે સમસ્ત બ્રહ્માંડ પ્રકાશથી પણ વધુ તીવ્રગામી, અને ક્યાંક્યાંક તો લગભગ અનંત વેગયુક્ત કણો (દ્રવ્યાણુઓ)થી ભરેલું છે. આ અનુમાનિત કણોને ડૉ. ફિનબર્ગે ગ્રીક શબ્દ ટૅકિસ (એટલે ઝડપ) પરથી 'ટૅકીઓન્સ' (Tachyons) નામ આપ્યું છે. ડૉ. સુદર્શન સાથે કાનપુરના 'ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટૅક્નૉલૉજી'માં કાર્ય કરતા ડૉ. વી. કે. દેશપાન્ડે ઉપરાંત યુક્રેઇનમાં જન્મેલા અમેરિકન વૈજ્ઞાનિક ડૉ. ઓ. એમ. પી. બિલાનિયક અને યુવાન અમેરિકન ભૌતિકશાસ્ત્રી ડૉ. એમ. ઈ. ઍરોન્સે પણ આ વિષયમાં કામ કર્યું છે.

આઈન્સ્ટાઇન ખોટા હોઈ શકે એવી કલ્પના એમને કેવી રીતે સ્ફૂરી એ પ્રશ્નના જવાબમાં ડૉ. સુદર્શને કહેલું કે આજનું ખગોળશાસ્ત્ર પુરાતત્ત્વશાસ્ત્ર જેવું છે. આપણે આજે જે તારાઓ જોઈએ છીએ, એ તો સદીઓ પૂર્વેની સ્થિતિ દર્શાવે છે. કારણ કે ત્યાંથી આપણને આજે દેખાતો એનો પ્રકાશ તો સદીઓ પહેલાં નીકળેલો છે. આના ઉપરથી એમણે વિચાર્યું કે જો માણસ આ પ્રકાશતરંગોની ગતિ ઉપર જ આધાર રાખે તો તો એ ક્યારેય અન્ય તારાઓ સાથે સંપર્ક સ્થાપી શકે નહિ. કેમ કે પ્રકાશની ગતિ તો એક સેકન્ડમાં ૩૦૦,૦૦૦ કિલોમીટરની છે અને એ ઝડપે તો દૂરનાં તારાવિશ્વો (galaxy)માં પહોંચતાં એને એક લાખ વર્ષો લાગે! એટલે જો પ્રકાશથી યે વધુ ગતિ ધરાવતા કણો શોધી શકાય તો આજે વીજ-ચુંબકીય સંવાદ-પ્રેષણ (electro-magnetic communication)સરણી (channel) ઉપર જે વધુ પડતો બોજો પડે છે તેના નિવારણ સાથે ભૌતિકશાસ્ત્રમાં એક મહાન ક્રાંતિ સર્જાય. ડૉ. ફિનબર્ગનો દાવો છે, કે આજ સુધીના બધા જ જ્ઞાત શક્તિસ્રોતોને સહારે આજનું અંતરીક્ષ-યાન જે વેગથી ઊડે છે, એનાથી અનેકગણી અધિક ગતિથી રૉકેટને આવા કણોના બળતણથી ઉડાડી શકાશે; અને તો જ દૂરસુદૂરની દુનિયાનો પ્રવાસ સરળ અને ઝડપી બની શકે. એટલે પ્રકાશથી યે વધુ ગતિ ધરાવતા કણો અથવા તરંગો શોધવા જ જોઇએ.

હાલમાં આ કણોને આ રીતે વહેંચી શકાય:

૧) પ્રકાશથી હમેશાં ઓછી ઝડપ ધરાવતા કણો (વર્ગ-૧), જેમાં મોટે ભાગે પરમાણુના એક ભાગ જેવા કે પરમાણુથી યે નાના કણો

---

* ડૉ. સુદર્શન ૩૮ વર્ષના અને મૂળ કેરળના છે. મદ્રાસ યુનિવર્સિટીમાંથી એમ. એ. અને બી.એસસી. થઇને એમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાં, ઇ. ૧૯૬૫ના નોબેલ પારિતોષિક વિજેતા પ્રો. જ્યુલિયટ સ્વિન્ગરના માર્ગદર્શનમાં ડૉક્ટરેટની ઉપાધી મેળવી છે. ડૉ. સુદર્શન રોચેસ્ટર, બ્રાન્ડિસ અને બર્ન યુનિવર્સિટીની ફૅકલ્ટીમાં પણ છે. છેલ્લાં દસેક વર્ષમાં એમણે ૧૦૦ જેટલા વિજ્ઞાન-લેખો અને બે પુસ્તકો લખવા ઉપરાંત પોતાના પ્રિય વિષય 'થીઅરી' તથા 'ધી થીઅરી ઑવ ગ્રુપ રેપ્રિઝન્ટેશન્સ' અંગે પણ લખ્યું છે. ઇ. ૧૯૬૮ના ફેબ્રુઆરીમાં દિલ્હી યુનિવર્સિટીમાં તેઓ વિઝિટિંગ પ્રોફેસર તરીકે આવેલા. સ્વીડનમાં ઝડપી ગતિવાળા કણોને લગતી એક પરિષદમાં તેઓ પ્રમુખ પણ બની ચૂક્યા છે.

(સબ-ઍટૉમિક પાર્ટિકલ્સ) સમાઈ જાય છે. દા. ઇલેક્ટ્રૉન, અને પ્રોટૉન.

૨) પ્રકાશ જેટલી જ ઝડપ ધરાવતા કે એની સાથે જ મુસાફરી કરતા કણો (વર્ગ-૨) અને...

૩) પ્રકાશથી વધુ ગતિ ધરાવતા કણો ટૅકીઓન્સ (વર્ગ-૩) જેમનું અસ્તિત્વ મેળવવાના પ્રયોગો હાલ થઈ રહ્યાં છે.

આ સાથે મહાન ભૌતિકશાસ્ત્રી પી.એ. એમ. ડિરાકે (Dirac) ૧૯૨૦માં ગણિતના પાયા ઉપર રચેલું એક વિધાન યાદ આવે છે. ડિરાકે કહેલું કે ઇલેક્ટ્રૉનથી વિરુદ્ધ શક્તિ ધરાવતો કોઈ કણ પણ હોવો જોઈએ. આમ એમણે પ્રતિ-દ્રવ્ય (Anti matter)નો સિદ્ધાંત શોધેલો. પ્રતિ-દ્રવ્ય એટલે એવો પદાર્થ કે જેની સંરચના, ગુણ, લક્ષણ અને અન્ય બધી જ બાબતો મૂળ પદાર્થથી તદ્દન વિપરીત જ હોય,– જેનાથી આપણી સૃષ્ટિનું નિર્માણ થયું છે.

જે પદાર્થથી આપણી દુનિયા બની છે, અથવા એમ કહીએ કે અત્યાર સુધી જે પદાર્થોથી આપણે પરિચિત છીએ, તે સઘળી વસ્તુઓનું અસ્તિત્વ જ્યાં સુધી એમનો વેગ પ્રકાશના વેગથી ઓછો છે, ત્યાં સુધી જ સંભવિત છે. પ્રકાશના વેગ જેટલો વેગ થઈ જવાથી એ પદાર્થોનું અસ્તિત્વ જ ન રહે—કેમ કે એથી સમગ્ર પદાર્થ શક્તિમાં રૂપાંતરિત થઈ જવાનો. પણ ડૉ. ફિનબર્ગે જે કણોની પરિકલ્પના કરી છે, એમનું અસ્તિત્વ તો ફક્ત પ્રકાશના વેગથી વધુ વેગની સ્થિતિમાં જ સંભવિત છે. અર્થાત્, જેવો એ પદાર્થોનો વેગ ઓછો થઈ જશે તેવું જ એનું અસ્તિત્વ સમાપ્ત થઈ જશે. ટૅકીઓન્સ પણ સામાન્ય કણ કરતાં ભિન્ન યા વિપરીત ગુણધર્મો ધરાવે છે. જેમજેમ તેમની ઝડપ વધતી જશે તેમતેમ તેઓ શક્તિ ખોતા જશે, જ્યારે આજના અન્ય જ્ઞાત કણોની ગતિ, જેમજેમ વધતી જશે તેમતેમ તેઓ શક્તિ મેળવતા જશે. જોકે ટૅકીઓન્સ કેટલાક વિશિષ્ટ ગુણધર્મો ઉપરાંત સાધારણ કણો (યા દ્રવ્યાણુઓ) જેવા ગુણધર્મો પણ ધરાવતા હોઈ શકે. દા.ત. કેટલીક વિશેષ પરિસ્થિતિઓમાં અન્ય સામાન્ય કણોની જેમ ટૅકીઓન્સમાંથી ફોટૉન યા ન્યૂટ્રિન કણો કે સામાન્ય દ્રવ્યાણુઓનું ઉત્સર્જન થતું હોય.

ડૉ. ફિનબર્ગે જોયું કે આવા કણોને ધારો કે દ્રવ્યમાન ન હોય યા આજે જેને ભૌતિકશાસ્ત્રીઓ 'કાલ્પનિક સંખ્યા' (imaginary number) કહીને સંબોધે છે, એવું દ્રવ્યમાન હોય, તો આઈન્સ્ટાઇનના પોતાના જ સમીકરણ મુજબ ટૅકીઓન્સનું અસ્તિત્વ સંભવિત છે.(ઋણ વર્ગ સાથેની સંખ્યાને કાલ્પનિક સંખ્યા કહેવાય છે. એ રીતે, $\sqrt{-1}$ એ કાલ્પનિક સંખ્યા થઈ. ગણિતમાં એને i; $i^2 = -1$ આ રીતે દર્શાવવામાં આવે છે.) ટૅકીઓન્સના બધા જ વિચિત્ર ગુણધર્મો આઈન્સ્ટાઈનના એ સમીકરણો ઉપરથી જ ઊતર્યા છે. આમ, ભલે આઇન્સ્ટાઈનનું એક વિધાન આજે ખોટું ઠરવાની અણી ઉપર હોય, પણ મૂળે તો એના સિદ્ધાંતે જ આવા કણની કલ્પના સુઝાડી છે એ પણ ભૂલવું ન જોઇએ.

ડૉ. સુદર્શનના કહેવા મુજબ આ પરિકલ્પના સાપેક્ષવાદ અનુસાર કરવામાં આવી છે, પરંતુ એમાં એક મહત્ત્વની ગફલત રહી ગઈ હતી; કારણ કે એ તરંગ-ક્રિયાગત-શાસ્ત્ર (wave machanics)ના સિદ્ધાંતોને અનુકૂળ ન હતી. સબ-ઍટમિક કણોના ભૌતિક વ્યવહાર સંબંધી કોઈ પણ સિદ્ધાંત સ્વીકારવા માટે આ એક આધારભૂત આવશ્યકતા મનાવી જોઈએ, કે એ તરંગ-ક્રિયાગત-શાસ્ત્રના સિદ્ધાંતોનું પાલન કરતા હોય. ડૉ. સુદર્શને તથા ડૉ. ઍરૉન્સે થોડા મહિના પૂર્વે જ ગણિત દ્વારા સાબિત કર્યું છે કે ટૅકીઓન્સના અસ્તિત્વની પરિકલ્પનાનો સિદ્ધાંત તરંગ-ક્રિયાગત-શાસ્ત્રના સિદ્ધાંતોનું પાલન કરે છે. આમ, આ બંને વૈજ્ઞાનિકોએ તરંગ-ક્રિયાગત-શાસ્ત્રના સિદ્ધાંતોનો ટૅકીઓન્સ સાથે સુમેળ સિદ્ધ કરીને એ પરિકલ્પનાને વિસ્તારી છે.

આ જે અનેક પ્રયોગશાળાઓમાં ટૅકીઓન્સના અસ્તિત્વ સંબંધે શોધખોળ ચાલ્યા કરે છે. સ્ટૉકહોમના નૉબેલ ઇન્સ્ટિટ્યૂટમાં રેડિયો-સક્રિય સ્રોતોમાંથી આવા કણો શોધવા માટેના પ્રયત્નો થયા છે. પ્રિન્સ્ટન (Princeton) યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો સેરેન્કોવ રૅડીએશનના સિદ્ધાંત ઉપર પ્રયોગો કરે છે. (જ્યારે પ્રકાશથી વધુ વેગવાળા વીજભાર કણો કોઈ પારદર્શક માધ્યમમાંથી પસાર થાય. ત્યારે પ્રકાશનું ઉત્સર્જન થાય છે. આને સેરેન્કોવ રૅડીએશન કહે છે.) પાણીમાં જ્યારે સ્ટીમર ઝડપથી આગળ વધતી હોય, ત્યારે પોતાની આગળ એ જે રીતે પાણી કાપીને બંને તરફ પ્રવાહ વહેવડાવે છે, એવા પ્રવાહો (Bow–Waves) પ્રકાશ કરતાં ઝડપી ગતિવાળા કણો પણ ધરાવતા હોવા જોઇએ, એમ માનીને એને લગતા અનેક પ્રયોગો થયા છે.

પ્રિન્સ્ટનના જ ડૉ. ટી. અલ્વેજર અને ડૉ. એમ. ક્રિસ્લરના નેતૃત્વ હેઠળ અન્ય પ્રયોગો પણ થયા છે. તેમણે આ માટે એક નવી તરકીબ સૂચવી છે. આ કણોના વેગ પ્રકાશ કરતાં વધુ હોવાથી, સાધારણ કણોની જેમ કોઈ પણ મોટામાં મોટા પરિરક્ષી દ્વારા પણ તેમને રોકી શકાશે નહિ. આ રીતે ટૅકીઓન્સ તો એ પરિરક્ષીને પાર કરી જશે, પણ અન્ય સાધારણ કણો (અપવાદ : ન્યૂટ્રિન કણો) જઈ શકશે નહિ, પરિરક્ષીને પાર કરીને નીકળનાર ટૅકીઓન્સની આ શક્તિ અગણ્ય હશે અને એમનો વેગ અત્યંત હશે. પરંતુ જો ટૅકીઓન્સ કોઈ પણ પ્રકારનો વીજભાર ધરાવતા હોય તો એમને શક્તિ આપીને એમનો વેગ ઘટાડી શકાય. આ રીતે, કોઈ રેડિયો-સક્રિય-સ્રોતને કોઈ ભારે કણના પરિરક્ષીના આવરણમાં રાખીએ, અને આવરણથી બહારથી વિદ્યુત-ક્ષેત્ર દ્વારા કણોને કેટલાક ઈલેક્ટ્રૉન-વૉલ્ટ શક્તિ આપીએ તો એથી ઉત્પન્ન થએલા નવા પ્રકારના વિકિરણને મેળવીને ટૅકીઓનની શોધ કરી શકાય. વાચકો જોઈ શકશે, કે આ પ્રયોગ પણ સેરેન્કોવ રૅડીએશનનો વિસ્તૃત વ્યાવહારિક ઉપયોગ જ છે. આ ઉપરાંત કણોના અમુક જથ્થાના ચુંબકીય ક્ષેત્રમાં થતા વળાંકને માપીને—એટલે કે એમના વેગમાન - (momentum)ને પામીને —તથા એમની શક્તિને વિશિષ્ટ પદ્ધતિથી માપીને ટૅકીઓન્સનું અસ્તિત્વ સાબિત કરી શકાય. વળી સામાન્ય કણ (particle)માંથી પણ અનુકૂળ સંજોગોમાં ટૅકીઓન્સને મેળવવાના પ્રયત્નો થયા છે. ઉદાહરણ તરીકે, શૂન્યાવકાશમાં મ્યૂઑન્સ (muons)ની વિશિષ્ટ સંજોગોમાં દિશા બદલી નાખીએ તો ટૅકીઓન્સ ઉત્પન્ન કરી શકાય. આ બનાવ પ્રકાશક્વૉટમમાં પણ સંભવી શકે. દા.ત. કોઈ લાંબા એવા પ્રકાશને માર્ગે પ્રકાશના કણ (ફોટોન)ને મુસાફરી કરાવીએ તો આ ફોટોનને પોતાની શક્તિનો ક્ષય થવાથી 'થાક' લાગશે. ફોટોનનો આ 'થાક' પ્રયોગશાળાઓમાં ચકાસણીની એરણ ઉપર ઘડાઈ રહ્યો છે. વળી આ ઉપરાંત, કણોની વચ્ચેની અથડામણ (collision) પૂર્વે અને એ પછી, એમની વચ્ચેની શક્તિ ને વેગમાનની વચ્ચેના સમતોલન (balance)ને માપીને પણ આ કણોના અસ્તિત્વને પારખવાના પ્રયોગો (ballistic experiment) થએલા છે. જાપાનના Tanaka તથા રશિયાના ટાર્લ્સ્કી (Terlsky) નામના વૈજ્ઞાનિકોના પ્રયત્નો પણ આ ક્ષેત્રે ચાલુ છે. ઉપર દર્શાવેલા કેટલાક પ્રયોગોના પરિણામો પરથી જાણી શકાયું છે, કે વર્ગ-૨ જાના કણોની જેમ ટૅકીઓન્સ પણ કોઈ પણ જાતનો વિદ્યુતભાર ધરાવતા નથી, કારણ કે વર્ગ-૨ કણોની જેમ એ વિદ્યુત ચુંબકીય તરંગો પેદા કરી શકતા નથી. અને એમની ગતિ પ્રકાશ કરતાં વધુ હોવાથી, સુપરસોનિક એરોપ્લેન આઘાત-તરંગ (shock-waves) ઉત્પન્ન કરે છે, એવી રીતે ટૅકીઓન્સ પ્રકાશના આઘાત-તરંગો ઉત્પન્ન કરી શકવા અસમર્થ રહ્યા છે. આ આઘાત-તરંગોને શોધવાના તથા એમને માપવાના વૈજ્ઞાનિકોના સઘળા પ્રયાસો પણ નિષ્ફળ નીવડ્યા છે પણ જો એમાંનો એક પણ પ્રયોગ સફળ

(અનુસંધાન પૃ. ૧૧૨)



ગુજરાતના
ઉદ્યોગ-ઇતિહાસમાં
હાઉસ ઑવ તાતા કે
હાઉસ ઑવ બિરલા
જેમ આપણા
વરઘીવડા સમ
હાઉસ ઑવ કસ્તૂરભાઈ
કહી શકાય તેવા
ઉદ્યોગ-સંકુલના સર્જક

ભારતખ્યાત ઉદ્યોગપતિ
અને શીલભદ્ર શ્રેષ્ઠી

કસ્તૂરભાઈ લાલભાઈ

લેખક
રતિલાલ દીપચંદ દેસાઈ

ગુજરાતની સંસ્કૃતિની એક વિશેષતા. તે એની મહાજનની સંસ્થા. રાજસત્તા અને પ્રજા વચ્ચે સુમેળ રાખવો, અન્યાય અને ક્લેશને કાબૂમાં રાખવા અને વેપાર તથા વ્યવહાર શાંતિ અને સમાધાનપૂર્વક ચાલતા રહે એ માટે જાગ્રત અને પ્રયત્નશીલ રહેવું એ એનું કામ. એમ કરતાં રાજસત્તા કે બીજા માથાભારે લોકોના સામનો કરવાનો વખત આવે તો પણ પાછા પડવું નહિ, એવું એનું ખમીર.

આજે આ સંસ્થાની હસ્તી ભૂંસાઈ જાય એ રીતે સમયનાં વહેણ પોતાની દિશા બદલી રહ્યાં છે. અને છતાં ગુજરાતમાં એવી પ્રભાવશાળી ને સર્વહિતચિંતક વ્યક્તિઓ હાલ પણ મોજૂદ છે જે મહાજન સંસ્થાની ગરજ સારે છે. ભારતના વિખ્યાત ઉદ્યોગપતિ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ ગુજરાતના આવા જ એક મહાજન છે; અને એમને ભારતના મહાજન લેખી શકાય એવી વ્યાપક ને યશસ્વી એમની કારકિર્દી છે.

મહાજન તરીકેની આવી શક્તિ ને ગુણસંપત્તિની પાછળ એમની પોતાની બુદ્ધિ અને પુરુષાર્થપરાયણતા ઉપરાંત દસ-દસ પેઢીના અખંડ ને ઉજ્જ્વળ સંસ્કારવારસો પણ રહેલો છે. એ કુટુંબના અનેક પૂર્વજોએ આફતને વખતે ગુજરાતના પાટનગર અમદાવાદનું તેમજ ગુજરાતનું રક્ષણ કરીને પોતાના મહાજન તરીકેના નામને સાર્થક કર્યું હતું.

શ્રી કસ્તૂરભાઈની દસમી પેઢીએ શેઠ શ્રી શાંતિદાસ શેષકરણ ઝવેરી નામે નામાંકિત પુરુષ થઈ ગયા. પ્રારબ્ધ અને પુરુષાર્થના બળે તેઓએ પોતાના ભાગ્યને ખીલવ્યું હતું અને બુદ્ધિ, ચતુરાઈ તથા શાણપણના લીધે દિલ્હીની રાજસત્તા સાથે મીઠો સંબંધ કેળવ્યો હતો. જ્યારે ઔરંગઝેબ અમદાવાદનો સૂબો હતો ત્યારે ધર્મઝનૂનથી એણે શ્રી શાંતિદાસ શેઠે અમદાવાદના પરા બીબીપુર (અત્યારના સરસપુર)માં બંધાવેલા ચિંતામણિ પાર્શ્વનાથના જૈન દેરાસરને ખંડિત કરીને એને મસ્જિદમાં ફેરવી નાખ્યું હતું. શાંતિદાસ શેઠે એની સામે બાદશાહ શાહજહાં પાસે રાવ ખાધી. એમનો પ્રભાવ એવો હતો કે બાદશાહે તરત જ એ દેરાસર પાછું સોંપવાનું અને એને થએલું નુકસાન ભરપાઈ કરી આપવાનું ફરમાન કર્યું. ઈસ્વી સન ૧૬૪૪માં આ ઘટના બની.

શાંતિદાસ શેઠના ત્રીજા પુત્ર લક્ષ્મીચંદ શેઠે ઈ. ૧૬૫૭માં શાહજહાંના પુત્ર મુરાદબક્ષને સાડા પાંચ લાખ રૂપિયા ધીર્યા હતા. પોતાનું કામ પતતાં મુરાદબક્ષે એ રકમ એકાદ વર્ષમાં જ પરત આપી દીધી હતી.

એ લક્ષ્મીચંદ શેઠના પુત્ર ખુશાલચંદ પ્રભાવશાળી પુરુષ હતા. ઈ. ૧૭૨૫માં મરાઠાઓએ અમદાવાદ લૂટવા સુરતથી કૂચ કરી. એ રોકવાની ત્યારે કોઈની તાકાત ન હતી. મરાઠા લશ્કરે અમદાવાદના પાદરે કાંકરિયા નજીક પડાવ નાખ્યો. અમદાવાદના હાકેમ હમીદખાં શહેરનો બચાવ કરી શકે એમ ન હતો. અને પ્રજા તો સાવ અસહાય જ હતી. ખુશાલચંદ શેઠે સમય પારખી લીધો અને હિંમત કરીને મરાઠા છાવણીમાં પહોંચ્યા. વાતચીત કરીને પોતાની પાસેથી પાંચ લાખ રૂપિયા આપીને એમણે મરાઠાઓને પાછા વાળ્યા ને શહેરને વિનાશમાંથી ઉગારી લીધું. શેઠના ઓશિંગણ બનેલાં શહેરનાં મહાજનોએ, શેઠની ઘણી આનાકાની છતાં, શહેરમાંથી થતી વેપારી માલની અવરજવર ઉપર, દર સેંકડે ૪ ટકા શેઠને કર તરીકે આપવાના દસ્તાવેજ કરી આપીને પોતાની કૃત-





ડાબી બાજુ: માતા મોહિનાબા સાથે શ્રી કસ્તૂરભાઈ. એ માતુશ્રીનું ઈ. સ. ૧૯૩૨માં અવસાન થયું. જમણી બાજુ: શ્રી કસ્તૂરભાઈ ઇંગ્લંડમાં

જ્ઞાતાદર્શાવી. ઈ. ૧૭૮૦માં અંગ્રેજ જનરલ ગૉડાર્ડે અમદાવાદ શહેરને લૂંટી લેવાનો હુકમ કર્યો તે આ ખુશાલ શાહે જ વચ્ચે પડીને પાછો ખેંચાવેલો.

એ ખુશાલચંદ શેઠના ત્રીજા પુત્ર વખતચંદ શેઠનું પણ રાજકર્તાઓમાં અને પ્રજામાં ઘણું માન હતું. ગાયકવાડ અને પેશ્વા તરફથી એમને પાલખી અને છત્રી રાખવાનો અધિકાર તથા વર્ષાસન મળતાં.

હેમાભાઈ તથા પ્રેમાભાઈ શેઠની સેવાઓ ને સખાવતો પણ જાણીતી છે; અને શ્રી કસ્તૂરભાઈના પિતાશ્રી લાલભાઈ શેઠ તો ગુજરાતના જાહેર જીવન સાથે ઓતપ્રોત થઈ ગયા હતા. એમની સેવાઓની કદરરૂપે સરકારે એમને 'સરદાર'નો ખિતાબ એનાયત કર્યો હતો. વળી શાંતિદાસ શેઠથી લઈને આ બધાય મહાજનો જૈન સંઘના અગ્રણીઓ હતા. એમણે તીર્થસ્થાનોનું રક્ષણ કરવામાં, નવાં મંદિરો બંધાવવામાં ને જૈન સંઘના પ્રભાવનો વિસ્તાર કરવામાં પોતાનાં જીવન અને ધનને કૃતાર્થ કર્યાં હતાં.

દેશસેવા ને ધર્મસંસ્કારની આવી ગૌરવભરી પરંપરાનો વારસો મળવો એ જેમ ગૌરવની વાત છે, તેમ એ વારસાને દીપાવી અને વધારી જાણવો એ પણ અસાધારણ બુદ્ધિશક્તિ, પારદર્શી કાર્યસૂઝ અને ઉન્નત ભાવનાનો ત્રિવેણીસંગમ સધાય તો જ થઈ શકે એવું કામ છે. આપણી સામે રચાતો ઇતિહાસ કહે છે કે શેઠ શ્રી કસ્તૂરભાઈએ પોતાની પંચોતેર વર્ષની ઉજ્જ્વળ કારકિર્દીથી, આ વારસાનું ગૌરવ ખૂબ વધાર્યું છે.

ઈ. ૧૮૯૪ની ૧૯મી ડિસેમ્બરે એમનો જન્મ. એમના પિતાશ્રી લાલભાઈ દલપતભાઈની માફક એમનાં માતુશ્રી મોહિનાબા પણ વ્યવહારદક્ષ ને ખાનદાન સન્નારી હતાં. કુટુંબના ગૌરવ માટે એ સદા જાગ્રત રહેતાં અને પોતાનાં સંતાનોનું એ રીતે જ ઘડતર કરતાં. એમની આજ્ઞા સૌને શિરોમાન્ય રહેતી. એમની ધર્મભક્તિ આદર્શ હતી. કસ્તૂરભાઈએ મૅટ્રિકનો અભ્યાસ પૂરો કર્યો ને કૉલેજમાં હજી પ્રવેશ જ મેળવ્યો ત્યાં ઈ. ૧૯૧૨ની પાંચમી જૂને એમના પિતાશ્રીનો ૪૯ની વયે સ્વર્ગવાસ થયો. એ વખતે તેઓ અમદાવાદમાં આવેલી રાયપુર મિલ ચલાવતા. મિલની સ્થિતિ સારી ન હતી અને એને તરતી કરવા માટે તાત્કાલિક પગલાં ભરવાની જરૂર હતી. શેઠાણી મોહિનાબા આ સ્થિતિ પામી ગયાં હતાં ને કસ્તૂરભાઈનું હીર પણ તેઓ પિછાણતાં હતાં. એમણે કસ્તૂરભાઈને ભણવાનું છોડીને મિલનો કારોબાર સંભાળવાની આજ્ઞા કરી. ભારે વિમાસણ ઊભી થઈ: એક બાજુ ૧૭-૧૮ વર્ષની ઊછરતી ઉંમર, તેજસ્વી બુદ્ધિ, અભ્યાસમાં આગળ વધીને નિપુણ બનવાની તમન્ના, અને બીજી બાજુ માતાની આજ્ઞા! પણ છેવટે માતાની આજ્ઞાનો વિજય થયો. કસ્તૂરભાઈ કૉલેજ અને યૌવનની બેફિકરી છોડીને મિલના વહીવટમાં પરોવાઈ ગયા. આ પ્રસંગે એમના જીવનના રાહને સુનિશ્ચિત કરી દીધો. સતત કર્તવ્યપરાયણતાનો જ એ માર્ગ હતો.

પછી તો કસ્તૂરભાઈની કાર્યશક્તિનો અનેક રૂપે ઝડપી વિકાસ થયો. જાણે અંતરમાં પ્રશાંતપણે સંગ્રહાએલું ખમીર કોઈક યોગ્ય તકની રાહ જ જોતું હતું. ૧૭-૧૮ વર્ષની ઊગતી ઉંમરે શરૂ થએલી એ પ્રવૃત્તિનો પ્રવાહ અનેક ક્ષેત્રોને હરિયાળાં બનાવીને આજે પણ અખંડ ધારાએ આગળ વધી રહ્યો છે. હવે જોકે વધતી વયનું સન્માન કરીને વહીવટની જવાબદારીમાંથી એમણે નિવૃત્તિ લીધી છે; છતાં એ નિવૃત્તિ જનકલ્યાણની કે ધર્મની બીજી પ્રવૃત્તિઓની પ્રેરક બનીને વધુ ઉપકારક નીવડી છે. નિષ્ક્રિય નિવૃત્તિને તો એમના જીવનમાં સ્થાન જ નથી.

લગભગ છ દાયકાથી અવિરતપણે ચાલી રહેલી એમની કામગીરીને કંઈક આ રીતે વહેંચી શકાય: દેશ-વિદેશમાં વિખ્યાત ભારતના ઉદ્યોગપતિ તરીકે, ગુજરાતના શ્રેષ્ઠ મહાજન તરીકે, કેળવણીના સમર્થ હિમાયતી અને પુરસ્કર્તા તરીકે, કાર્યદક્ષ રાષ્ટ્રીય વ્યક્તિ તરીકે, જૈન સંઘના મુખ્ય અગ્રણી તરીકે અને બાંધકામ તથા જીર્ણોદ્ધારના નિષ્ણાત તરીકે.

દેશના એક મોટા ઉદ્યોગપતિ તરીકેની એમની જ્વલંત સફળતાની કીર્તિગાથા તો એમણે સંચાલિત કરેલી અને સ્થાપેલી એકેએક મિલ અને એકેએક કારખાનાની વિકાસકથામાં સાંભળવા મળે છે. ઈ. ૧૯૧૨માં તેઓએ રાયપુર મિલનો વહીવટ હાથ લીધો ત્યારે શરૂમાં તો એમને એક કારકુનની માફક કામ કરવું પડતું હતું. મિલનો વહીવટ વડીલોની સલાહસૂચના મુજબ ચાલતો. પણ કોઈ પણ કામ કે જવાબદારીથી પાછા હઠવાનું તેઓ સમજ્યા જ નથી. એમની બુદ્ધિ જેવી કુશાગ્ર છે, એવી જ પરિણામલક્ષી ને વ્યવહારુ છે; એટલે કોઈ પણ આદર્શ વિચારને અમલમાં કેવી રીતે ઉતારવો, એ તેઓ સારીરીતે નક્કી કરી શકે છે. વળી, આપસૂઝ, કાર્યનિષ્ઠા ને જાતમહેનતથી કોઈ પણ કામને સફળ કરવાની એમનામાં તમન્ના છે, ને ગર્ભશ્રીમંતાઈ સાથે સહજ આવી પડતી મોજમજાની સુંવાળી મનોવૃત્તિ એમને કદી સતાવી શકતી નથી. એટલે મિલની જવાબદારી માથે આવી પડતાં જ તેઓ તો પૂર્ણ એકાગ્રતા અને ધ્યેયનિષ્ઠાથી પોતાના કાર્યમાં લાગી ગયા. એક બાજુ ખોટ કરતી મિલને ઉગારવા કરકસર અને ત્રેવડના ખંતપૂર્વકના પ્રયત્નો શરૂ કર્યા, અને બીજી બાજુ એમાં ઉત્તમ કોટિનો માલ તૈયાર થાય એ માટે પૂરતી તકેદારી રાખીને એને ઊંચે લાવવા માંડી. એ પ્રારંભિક પ્રયત્નોમાં ૧૯૧૪માં શરૂ થએલા પહેલા વિશ્વયુદ્ધનો પણ લાભ મળ્યો. મિલ સારો નફો કરતી થઈ ગઈ.

રાયપુર મિલનું કામ સરાડે તો ચડી ગયું, પણ તેથી એમની અદમ્ય કાર્યશક્તિને સંતોષ ન થયો. એમનું મન નવી સ્વતંત્ર મિલ સ્થાપવાનું સાહસ ખેડવા ઝંખી રહ્યું. અને ઈ. ૧૯૧૮માં એમણે બાર લાખની

મૂડીથી અશોક મિલ શરૂ કરવાનું નક્કી કર્યું. નાણાં રોકનારાઓને હવે એમની પ્રામાણિકતા અને કાર્યશક્તિમાં એટલો બધો વિશ્વાસ બેસી ગયો હતો કે બાર લાખને બદલે ચોવીસ લાખના શૅરો ભરાયા અને શેઠે બમણી યંત્રસામગ્રીથી મોટી મિલ શરૂ કરવાનું નક્કી કર્યું. પણ એવામાં પરદેશી હૂંડિયામણના ફેરફારને લીધે એવી આંધી આવી કે પુરુષાર્થપૂર્વક મિલ ચાલુ કરવા છતાં, બજારમાં એના ૧૦૦ના શૅરના ભાવ ૪૦ બોલાવા લાગ્યા, ને લોકોમાં 'અશોકે શોકમાં નાખ્યા' એવી કહેવત વહેતી થઈ! પણ શ્રી કસ્તૂરભાઈને લોકોના પૈસાનું જતન કરવાની ચિંતા પોતાના પૈસાની ચિંતાથી જરા ય ઓછી નથી; ને એ માટે તેઓ આભ-પાતાળ એક કરવા જેવો પુરુષાર્થ કરે છે. દેશના આર્થિક ને ઔદ્યોગિક ક્ષેત્રે તેઓની જે આંટ ને નામના છે તે આ કારણે જ. તેઓએ અપાર ખંત, ધીરજ ને ચીવટથી મિલની સ્થિતિ સુધારવા ભગીરથ પ્રયત્ન કર્યો ને એ સફળ થયો.

એવી જ રોમાંચક કથા સરસપુર મિલની છે. એમના બે કાકાઓએ એ મિલ સ્થાપી હતી; પણ પરિસ્થિતિ એવી ઊભી થઈ કે મિલને ફડચા-માં લઈ જવી પડે. ફડચામાં જતી કાકાની મિલને બચાવવાનું કામ યુવાન ભત્રીજાને સોંપવામાં આવે એ કંઈક નવાઈ ઉપજાવે એવી વાત ગણાય. કસ્તૂરભાઈ એ એનો વહીવટ સંભાળી લઈ એને પણ તરતી કરી દીધી! એમની પ્રતિષ્ઠામાં આથી ઓર વધારો થયો. શેઠનો વહીવટ હોય ત્યાં નુકસાન થાય જ નહિ એવી લોકોની શ્રદ્ધા દૃઢ બની ગઈ.

આમ ત્રણ મિલોને તરતી કરીને ઈ. ૧૯૨૯માં એમણે અરુણ મિલ અને ૧૯૩૧માં આજની વિખ્યાત અરવિંદ મિલ ઊભી કરી. અરવિંદ તો આજે હિંદુસ્તાનની સારામાં સારી મિલોમાંની એક છે, ઈ. ૧૯૩૩માં નૂતન મિલ અને ૧૯૩૬માં જૂની મિલમાંથી ન્યૂકૉટન મિલ ઊભી થઈ. 'કસ્તૂરભાઈ ગ્રુપની મિલો' તરીકે ઓળખાતી આ સાતે મિલોએ એના શૅરહોલ્ડરોને સદા પૂરું વળતર આપીને એમનો જે વિશ્વાસ ટકાવી રાખ્યો છે તે શેઠશ્રીની રાહબરી નીચે ચાલતા એના કુશળ સંચાલનને કારણે જ.

કાપડ ઉદ્યોગને વિકસાવવાની આ કામગીરી પૂરી કરીને એમણે બીજા વિશ્વયુદ્ધની શરૂઆતથી અન્ય ઉદ્યોગો તરફ ધ્યાન આપ્યું. ૧૯૩૯માં અનિલ સ્ટાર્ચ નામે કાંજીનું કારખાનું કાઢ્યું; ને ૧૯૪૮માં વલસાડ પાસે, અતુલ પ્રૉડક્ટ્સ—રંગો, રસાયણો ને દવાઓનું જંગી કારખાનું સ્થપાયું.

અતુલ પ્રૉડક્ટ્સનું કારખાનું તો શેઠશ્રી કસ્તૂરભાઈની એક પ્રામાણિક, ચકોર અને સફળ ઉદ્યોગપતિ તરીકેની સિદ્ધિના સુવર્ણકળશ સમું છે. એક કરોડના રોકાણથી આ કારખાનું શરૂ કરવામાં આવ્યું ત્યારે એમાં અમેરિકાની એક પેઢીનો હિસ્સો દસ લાખ રૂપિયાનો હતો. કારખાનું ચાલુ કરતાં કરતાં તો બે કરોડની જોગવાઈ કરવી પડી; પણ એમાં મુશ્કેલી ન પડી. કેટલાક વખત પહેલાં એ અમેરિકન પેઢી દસ લાખના બદલે સાઠ લાખ લઈને છૂટી થઈ ગઈ. આજે વીસ-બાવીસ વર્ષ બાદ એની મૂડી ચાલીસ કરોડની લેખાય છે અને મુખ્ય કારખાનું, એની સાથેનાં નાનાંમોટાં બીજાં કારખાનાં, કર્મચારીઓ અને મજૂરોના વસવાટો વગેરેને વસાવતા આ નગરનો વિસ્તાર બારસો એકર જેટલો છે.

શ્રી કસ્તૂરભાઈની આવી સફળતા ઘણી બાબતોને આભારી છે. સૌથી મુખ્ય વાત છે પ્રામાણિક ને કરકસરવાળા વહીવટનો આગ્રહ. એક પાઈ પણ કોઈની બિનઆવડત કે બદદાનતથી વેડફાય એ એમને હરગીઝ મંજૂર નથી. કાર્યક્ષમતા તરફ પણ તેઓ પૂરતું ધ્યાન આપે છે અને તે માટે જવાબદારીવાળાં સ્થાનો નિષ્ણાત અને કાબેલ માણસોને જ સોંપે છે. કાર્યકુશળ માણસોને શોધી કાઢવાની અને એમને સાચવવાની તેઓની દૃષ્ટિ દાખલારૂપ છે. એમની કંપની કે પેઢીમાં જવાબદારીવાળા સ્થાને કામ કરેલું હોવું એ કાર્યકુશળતાનું પ્રમાણપત્ર લેખાય છે. નિયત કામો માટે નિષ્ણાતો રાખ્યા પછી તેઓને પોતાની રીતે કામ કરવાની તેઓ પૂરી મોકળાશ આપે છે; અને છતાં કોઈ બાબતમાં કોઈ બનાવી ન જાય કે પરાધીન રહેવાનો વખત ન આવે એ માટે તેઓ બધી આંતરબાહ્ય વિગતોથી માહિતગાર રહે છે. જ્યારે એમણે રાયપુર મિલમાં કામ શરૂ કર્યું ત્યારે જે જે કેન્દ્રોમાંથી રૂની ખરીદી કરી હોય ત્યાં રૂની પરખ માટે તેઓ જાતે જ જતા. (આ રીતે તેઓએ રૂની પરખમાં જે નિપુણતા પ્રાપ્ત કરી છે તે વિરલ છે.) ઉપરાંત, શરૂમાં માલ વેચવા માટે પણ તેઓ દેશમાં ઠેરઠેર ફર્યા હતા. એક રસોઇયો, એક મદદનીશ ને પોતે એમ ત્રણ જણ ફરતા. ધર્મશાળામાં ઉતારો કરતા ને વેપારીઓના સીધા સંપર્કથી જાત-અનુભવ મેળવતા. તેઓ કહે છે કે જાતમહેનત કરવામાં મેં કદી સંકોચ અનુભવ્યો નથી. અને કામ કામને શીખવે એ સૂત્રને આપનારોને હું જિંદગીમાં કામ કરતાં કરતાં જ ઘણું શીખ્યો છું.

ઉદ્યોગો અને વ્યવહારુ અર્થશાસ્ત્રની નિપુણતાને લીધે બીજી મિલો, વીમા કંપનીઓ, બૅંકો, વીજળી આદિ સંખ્યાબંધ કંપનીઓના ડિરેક્ટર તરીકે એમની વરણી કરવા ઉપરાંત એમને રાષ્ટ્રીય કામોની પણ જવાબદારી સોંપાતી ગઈ, અને તેઓ એ કામોને ખંત, નિષ્ઠા અને અભ્યાસશીલતાથી સાંગોપાંગ પૂરી કરતા રહ્યા. પરિણામે રાષ્ટ્રની એક વિશિષ્ટ

કસ્તૂરભાઈની કલાપ્રીતિ

સતત ઉદ્યોગરત રહેતા શ્રી કસ્તૂરભાઈમાં પ્રગાઢ કલાપ્રીતિ અને ઊંચી રસદૃષ્ટિ હોવાનો ખયાલ સહજ ન આવે. એમણે જ્યારે ઊંડી સૂઝ-બૂઝ અને ઝીણવટભરી દૃષ્ટિથી શત્રુંજય, આબુ, તારંગા, રાણકપુર આદિનાં પ્રાચીન જૈન મંદિરોનો પુનર્નવ જીર્ણોદ્ધાર કરાવ્યો ત્યારે લોકોને એની જાણ થઈ. તેમાં યે શત્રુંજય પરનાં મંદિરોની ઉત્કૃષ્ટ કામગીરી પર ચડાવેલા પ્લાસ્ટરના થથેડા અને ખૂણેખૂણા ભરીને અવિચારી રીતે ખડકેલાં નાનાં મંદિર-મૂર્તિઓ ને રૂઢિચુસ્ત ધર્માચાર્યોના વિરોધવંટોળ સામે પણ અડગ રહીને એમણે એ ઉખેડીને જે દૂર કરાવ્યાં અને એની સ્થાપત્યરચના અસલ રૂપમાં દીપી ઊઠી ત્યારે એમની શુદ્ધ કલાપ્રીતિની સાચી પ્રતીતિ થઈ. એ જીર્ણોદ્ધાર બાબતમાં સોમપુરા શિલ્પીઓને સલાહસૂચન આપતા કે પરદેશી મુસાફરોને ભારતની કલાલક્ષ્મી-નો પરિચય આપતા આપણે એમને સાંભળીએ ત્યારે જ એમની રસદૃષ્ટિનો ખયાલ આવે. ● આજે દેશખ્યાત થએલો એમનો કલાસંગ્રહ પણ ભારતની આધુનિક કલા-અસ્મિતાના ઉગમકાળે સંઘરાએલા કેટલાક બહુમૂલ્ય નમૂનાઓ ધરાવે છે. દેશનાં સાંસ્કૃતિક નવોત્થાનકાળે બંગાળના ટાગોર પરિવારે જ્યારે હૅવેલ અને કુમારસ્વામીના સંપર્કમાં ભારતની વિલીન થતી જતી કલા-લક્ષ્મીના અવશેષો સંઘરવા માંડ્યા ત્યારે તેમાં આપણી પરદેશ ખેંચાતી જતી સમૃદ્ધિના કેટલાક ઉત્કૃષ્ટ નમૂના બચી ગયા. એ રીતે વધતો રહેલો એ સંગ્રહ પાછળનાં વર્ષોમાં આર્થિક મુશ્કેલીઓને કારણે વેચાવા નીકળ્યો ત્યારે શ્રી કસ્તૂરભાઈના પરિવારમાંથી ટાગોર કુટુંબમાં પરણેલાં શ્રીમતીબહેનના અનુરોધથી એમણે એ ખરીદી લીધો. એમાં મુઘલ, રાજસ્થાની, પહાડી અને અન્ય શૈલીનાં લગભગ ૨૩૦૦ ચિત્રો ઉપરાંત ગગનેન્દ્રનાથ અને અવનીન્દ્રનાથ ટાગોર, નંદલાલ બોઝ, અસીતકુમાર હાલદાર, ક્ષિતીન્દ્રનાથ મજુમદાર, સુરેન્દ્રનાથ ગાંગુલી આદિની સોએક કૃતિઓ છે. ભાવોની સુકુમારતા ને અભિનિવેશમાં અજોડ એવાં એ ચિત્રો ભારતીય કલાના નવોત્થાનકાળના બહુમૂલ્ય દસ્તાવેજ સમાં છે. આમ લગભગ અઢીહજાર ચિત્રો, સ્કેચો વગેરે ઉપરાંત કાંસ્ય તથા પાષાણ મૂર્તિઓ, તિબેટના કાપડ પરના પટ, આદિ મળીને ૧૫૦ થી ૨૦૦ બીજી કલાકૃતિઓ એ સંગ્રહમાં છે. —સં.

કસ્તૂરભાઈ ઉદ્યોગ-સંકુલ

ઈ. ૧૯૧૨માં લાલભાઈ શેઠનું અવસાન થયું અને માતાની આજ્ઞાથી ૧૭-૧૮ વર્ષના કસ્તૂરભાઈએ દેવામાં ડૂબેલી કુટુંબની એકમાત્ર મિલ 'રાયપુર મિલ્સ'નો વહીવટ હાથમાં લઈ થોડાં વર્ષોમાં તેને તરતી કરી દીધી ત્યારથી હમણાં ૧૯૬૭માં છેલ્લા સ્થપાએલા 'લાલભાઈ એક્સ્પોર્ટ' સુધીના ઉદ્યોગોની વિકાસકથા એ શ્રી કસ્તૂરભાઈનાં જ અખંડ પરિશ્રમ અને ખંત, કાર્યનિષ્ઠા અને કરકસર તથા વ્યાપારી કુનેહ અને પરિણામસાધક દીર્ઘદષ્ટિની વિજયકથા છે. શૂન્યમાંથી સર્જન કરે તેમ એમણે આ સાડા પાંચ દાયકામાં, ડૂબવા બેઠેલી પાંચ લાખની મૂડીમાંથી, આ નીચેની સારણી દર્શાવે છે તેમ, લગભગ દસ કરોડની કુલ થાપણવાળા દસ ઉદ્યોગોના સંકુલની જમાવટ કરી છે, જે આજે વાર્ષિક લગભગ ૪૬ કરોડનું ઉત્પાદન કરવા સાથે ૨૦,૦૦૦ કર્મચારીઓને રોજી આપે છે. એમાં એક અવિશેષ સુખદ હકીકત તો એ છે કે ટેક્સ્ટાઈલ મિલોની લગભગ પાંચ કરોડની ભરાએલી થાપણ પૈકી રોકડી થાપણ તો એક કરોડ ૪ લાખની જ ભરાવેલી છે, અને બાકીની ૩ કરોડ ઉપરાંતની તો જમા થએલા નફામાંથી બોનસ શેર વડે જ ઊભી કરેલી છે.

ઉદ્યોગ	સ્થાપનાવર્ષ	કુલ થાપણ	ઈ. ૧૯૬૮નું ઉત્પાદન
રાયપુર મિલ્સ	૧૯૦૫	૬૦,૦૦,૦૦૦	૩,૩૦,૫૪,૦૧૮
અશોક ,,	૧૯૨૦	૬૨,૦૦,૦૦૦	૪,૪૦,૮૮,૨૯૫
સરસપુર ,,	૧૯૨૮	૩૬,૦૦,૦૦૦	૩,૫૬,૧૦,૧૦૩
અરુણ ,,	૧૯૨૮	૬૦,૦૦,૦૦૦	૪,૦૦,૪૭,૦૯૩
અરવિંદ ,,	૧૯૩૧	૧,૭૧,૦૦,૦૦૦	૭,૪૭,૭૨,૮૭૬
નૂતન ,,	૧૯૩૧	૩૫,૦૦,૦૦૦	૨,૭૯,૦૭,૦૨૩
ન્યૂ કૉટન ,,	૧૯૩૬	૩૯,૬૬,૯૦૦	૩,૫૨,૫૫,૩૬૮
અનિલ સ્ટાર્ચ	૧૯૩૯	૭૯,૭૦,૦૦૦	૭,૫૮,૭૨,૩૫૯
અતુલ પ્રૉડક્ટ્સ	૧૯૪૭	૩,૯૮,૬૭,૨૬૯	૯,૫૯,૫૭,૬૫૬
લાલભાઈ એક્સ્પોર્ટ્સ	૧૯૬૭	૧,૦૦,૦૦૦	—

વ્યક્તિ તરીકેની એમની ખ્યાતિ ક્રમે ક્રમે વધતી ગઈ. એમના કુટુંબની નામના એક રાજમાન્ય અને પ્રજામાન્ય ખાનદાન તરીકે તો હતી જ; એમાં નાની ઉંમરે જ મોટી જવાબદારીવાળો વહીવટ સંભાળવાનું માથે આવ્યું અને સાથેસાથે મોટા નામાંકિત આગેવાનોનો પરિચય થતો ગયો. આમ, એક જવાબદાર જાહેર કાર્યકર તરીકે અને ડહેલ, શાણા અને લોકોની મુસીબતોના સાથી મહાજન તરીકે એમનો વિકાસ થતો ગયો.

ઈ. ૧૯૧૮માં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો. ગાંધીજીની પ્રેરણાથી સરદાર વલ્લભભાઈ પટેલ વગેરેએ રાહતકાર્ય શરૂ કર્યું. કસ્તૂરભાઈ એના મંત્રી બન્યા. શેઠ અંબાલાલ સારાભાઈ ને શ્રી કસ્તૂરભાઈએ ત્યારે ઘેરઘેર ફરીને પોણા ત્રણ લાખ રૂપિયા જેવું માતબર ફંડ ભેગું કર્યું. આ પ્રસંગથી ગાંધીજી અને સરદારને કસ્તૂરભાઈની કાર્યશક્તિ અને પ્રામાણિકતાનો ખયાલ આવ્યો; અને સરદાર સાથે તો એમને મિત્રતા થઈ ગઈ.

રાષ્ટ્રીય જવાબદારીનો પહેલો પ્રસંગ એમને ૩૦ વર્ષની ઉંમરે આવ્યો. સરદારશ્રીએ આગ્રહ કરીને એમને ઈ. ૧૯૨૩ થી ૨૬ને માટે, મિલોના પ્રતિનિધિ તરીકે દિલ્હીની વડી ધારાસભામાં મોકલ્યા, જ્યાં નવાં નવાં કામો કરવાની અને રાજદ્વારી અગ્રણીઓના સંપર્કમાં આવવાની એમને તક મળી. અહીં એમણે સૌથી મોટું કામ મોતીલાલ નેહરુની સહાયથી કાપડ ઉપરનો ૩ા ટકાનો કર માફ કરાવવાનું કર્યું.

એવો જ બીજો અનુભવ ઈ. ૧૯૨૭માં ગુજરાતના ભયંકર રેલસંકટ સમયે થયો. તારાજ થઈ ગએલાં ગામડાંને ઊભાં કરવાનું કામ બહુ જ મોટું ને મુશ્કેલ હતું. સરદારશ્રીનાં તો એ વખતે ઊંઘ-આરામ હરામ બની ગયાં હતાં. ફરી અંબાલાલ શેઠ તથા શ્રી કસ્તૂરભાઈએ શ્રી મંગળદાસ શેઠની સૂચના મુજબ અમુક રકમ મદદ તરીકે અને અમુક રકમ વગર વ્યાજે ધીરાણ તરીકે ઉઘરાવીને કામ શરૂ કર્યું. આથી જરૂરી નાણાં મળી ગયાં. લોકોને સમયસર રાહત મળી ગઈ અને બંદોબસ્ત એવો સારો હતો કે છેવટે નાણાં ધીરનારાઓને પણ એમનાં નાણાં પાછાં મળી ગયાં.

સને ૧૯૨૮માં શ્રી કસ્તૂરભાઈ કુટુંબ સાથે વિલાયત ગયા હતા ત્યાં એમને ભારત સરકાર તરફથી તાર મળ્યો કે ૧૯૨૯ના મે મહિનામાં જીનીવામાં મળનારી ઇન્ટરનૅશનલ લેબર કૉન્ફરન્સમાં ભારતના પ્રતિનિધિમંડળના મોવડી તરીકે તમારે જવાનું છે. તેઓ કહે છે કે મેં એક નિયમ કર્યો છે કે ખુરશી માટે ક્યારેય પ્રયત્ન ન કરવો, પણ ખુરશી સામે ચાલીને આવતી હોય તો એની જવાબદારીનો ઇન્કાર પણ ન કરવો. આ શરૂઆત પછી તેમણે એવી અનેક સરકારી અને જાહેર જવાબદારીઓ કુનેહ અને કૌશલપૂર્વક અદા કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. તેઓ ૧૯૩૭ થી '૪૯ તથા ૧૯૫૭ થી '૬૦ સુધી રિઝર્વ બૅંક ઑવ ઇન્ડિયાના ડિરેક્ટર હતા. હિંદુસ્તાનના સુતરાઉ કાપડના ઉદ્યોગની તપાસ માટે નિમાએલા ટેક્સટાઈલ ટૅરિફ બોર્ડ સમક્ષ એમણે બે વાર ખૂબ માહિતીપૂર્ણ અને ઉપયોગી જુબાની આપી હતી. ૧૯૪૩માં ઇજિપ્શિયન રૂની એક લાખ ગાંસડીના સોદામાં જે ગૂંચ પડી હતી તેનો નિકાલ લાવવા હિંદ સરકારે મોકલેલા પ્રતિનિધિમંડળમાં એમણે નિર્ણાયક કામગીરી બજાવીને સનાધાન કરાવ્યું હતું. ૧૯૪૬માં કાપડ ઉદ્યોગને લગતી યંત્રસામગ્રી તૈયાર કરી શકાય એવાં જંગી યંત્રો મેળવવાની વાટાઘાટો કરવા ભારત સરકારે લંડન મોકલેલા પ્રતિનિધિમંડળમાં પણ તે હતા, અને એ વાટાઘાટો સફળ બનાવવામાં પણ એમનો ફાળો બહુ મહત્ત્વનો હતો. ૧૯૪૮માં પૂર્વ આફ્રિકા અને સુદાનના રૂની ત્રણ લાખ ગાંસડીઓના (અંદાજે વીસેક કરોડ રૂપિયાના) સોદો અનેક આંટીઘૂંટીઓમાંથી ફક્ત એક-બે દિવસમાં જ પાર પાડવામાં શ્રી કસ્તૂરભાઈએ જે ચાગતરી અને કુનેહથી કામ લીધું તે તો યાદગાર અને અભિનંદનીય બની રહે એવું છે. અને ૧૯૪૮માં કરાંચીની ખોટ પૂરે એવું બંદર હિંદમાં ઊભું કરવા માટે રચાએલી કંડલા પોર્ટ ડેવલપમેન્ટ કમિટીના ચૅરમૅન તરીકેની એમની કામગીરી એમની દીર્ઘદષ્ટિની ઉજ્જવળ સાક્ષી પૂરે છે.

૧૯૪૮માં હિંદ સરકારે પોતાનાં જુદાં જુદાં ખાતાંઓની તપાસ કરીને કરકસરનાં પગલાં સૂચવવા નીમેલા કમિશનનું અધ્યક્ષપદ શ્રી કસ્તૂરભાઈને આપ્યું હતું. કામ જંગી હતું અને સવા વર્ષ સુધી ખૂબ જહેમત લઈને તેઓએ અહેવાલ તૈયાર કરીને સરકારને સુપરત કર્યો. શેઠ દુઃખ સાથે કહે છે કે સરકારે અમારી ભલામણોનો ભાગ્યે જ અમલ



લાલભાઈ પરિવાર (આ સદીની શરૂમાં) : ડાબી બાજુથી ઊભેલા : જગાભાઈ દલપતભાઈ, મણિભાઈ દલપતભાઈ, લાલભાઈ દલપતભાઈ, ચમનભાઈ લાલભાઈ; ખુરશીમાં : સૌભાગ્યબહેન જગાભાઈ, મુક્તાબહેન મણિભાઈ, ગંગાબહેન દલપતભાઈ, મોહિનાબહેન લાલભાઈ, લીલાબહેન પી. હઠીસિંગ; જમીન પર : સુભદ્રાબહેન, નરોત્તમભાઈ હઠીસિંગ, કસ્તૂરભાઈ, નરોત્તમભાઈ લાલભાઈ, પન્નાલાલ ઉમાભાઈ, શીલવતી લાલભાઈ.






ડાબી બાજુ : ઈ. ૧૯૧૫માં એમના લગ્ન પ્રસંગે શ્રી કસ્તૂરભાઈ અને શારદાબહેન
જમણી બાજુ : પત્ની શારદાબહેન અને પુત્રો (પાછળ ડાબી બાજુથી) સિદ્ધાર્થભાઈ અને શ્રેણિકભાઈ સાથે





મથાળે: (૧) રાણી ઇલિઝાબેથની હરિજન આશ્રમની મુલાકાત વખતે આશ્રમના ટ્રસ્ટી તરીકે તેમનું સ્વાગત કરતા કસ્તૂરભાઈ અને વચ્ચે ત્યારના રાજ્યપાલ
નેહરૂ સાથે (૩) વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી સાથે; જમણી બાજુ મથાળે: ભારત ગણરાજ્યના પ્રથમ પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદ સાથે; નીચે:




લાલભાઈ પરિવાર—સરદાર વલ્લભભાઈ વગેરે સાથે (પાછળ ઊભેલા ડાબી બાજુથી): નિરંજનભાઈ નરોત્તમભાઈ લાલભાઈ; શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ; નલિનીકાન્ત જગાભાઈ; વિજયસિંહ
અજયભાઈ ચીમનભાઈ; સર્વોત્તમભાઈ પી. હઠીસિંગ; નરોત્તમભાઈ (હીરાભાઈ) ચંદુલાલ; નૌતમભાઈ જગાભાઈ. (ખુરશીમાં ડાબી બાજુથી): સવિતાબહેન વિજયસિંહ; સુલોચનાબ
કસ્તૂરભાઈ લાલભાઈ; સરદાર વલ્લભભાઈ પટેલ; મોરારજીભાઈ દેસાઈ; કુ. મણિબહેન પટેલ; લીલીબહેન (ડાહીબહેન) પુરુષોત્તમદાસ હઠીસિંગ; શારદાબહેન ચીમનભાઈ; નરોત્તમભાઈ
વર્ષાબહેન વિજયસિંહ; પન્નાબહેન શ્રેણિકભાઈ; પ્રતિમાબહેન








ત્યારના રાજ્યપાલ નવાબ મેહદી નવાઝ જંગ, (૨) પંડિત જવાહરલાલ
સાદ સાથે; નીચે : દ્વિતીય પ્રમુખ ડૉ. રાધાકૃષ્ણન્ સાથે.



ગાભાઈ; વિજયસિંહ ચીમનભાઈ; સુરોત્તમભાઈ પી. હઠીસિંગ; ચીનુભાઈ ચીમનભાઈ; નરોત્તમભાઈ પી. હઠીસિંગ; સિદ્ધાર્થભાઈ કસ્તૂરભાઈ; રમેશભાઈ ચંદુલાલ;
યસિંહ; સુલોચનાબહેન નરોત્તમભાઈ; માણેકબહેન ચંદુલાલ; ચીમનભાઈ લાલભાઈ; કનૈયાલાલ (કાનજીભાઈ) દેસાઈ–ગુજરાત પ્રાંતિક (કોંગ્રેસ) સમિતિના પ્રમુખ;
ભાઈ; નરોત્તમભાઈ લાલભાઈ; કન્તાબહેન જગાભાઈ. (જમીન પર ડાબી બાજુથી): શોભનાબહેન અશોકભાઈ; પ્રભાબહેન ચીનુભાઈ; લીલાવતીબહેન લાલભાઈ;
સાઈ; પ્રતિમાબહેન જિતેન્દ્રભાઈ પરીખ.



લાલભાઈ પરિવાર (પાછળ ઊભેલા ડાબી બાજુથી અનુક્રમે): સુરોત્તમભાઈ પી. હઠીસિંગ; નરોત્તમભાઈ પી. હઠીસિંગ; વિજયસિંહ ચીમનભાઈ; કસ્તૂરભાઈ લાલભાઈ; ચીમનભાઈ લાલભાઈ; નરોત્તમભાઈ લાલભાઈ; ચીનુભાઈ ચીમનભાઈ; ગુણોત્તમભાઈ પી. હઠીસિંગ; સર્વોત્તમભાઈ પી. હઠીસિંગ; નરોત્તમ (હીરાભાઈ) ચંદુલાલ; ખુરશીમાં ડાબી બાજુથી : શ્રીમતીબહેન ટાગોર; સુલોચનાબહેન નરોત્તમભાઈ લાલભાઈ; શારદાબહેન ચીમનભાઈ; કાન્તાબહેન જગાભાઈ; લીલાબહેન પી. હઠીસિંગ; મોહિનાબહેન લાલભાઈ; માણેકબહેન ચંદુલાલ; લીલાવતીબહેન લાલભાઈ; શારદાબહેન કસ્તૂરભાઈ; સરોજબહેન હઠીસિંગ; મનોરમાબહેન ચીમનભાઈ; સુલોચનાબહેન નરોત્તમભાઈ હઠીસિંગ; જમીન પર ડાબી બાજુથી : નલિનીબહેન જગાભાઈ; ? અરવિંદભાઈ નરોત્તમભાઈ લાલભાઈ; બિપિનભાઈ ચંદુલાલ; અશોકભાઈ ચીમનભાઈ; સિદ્ધાર્થભાઈ કસ્તૂરભાઈ; પ્રતિમાબહેન ચીમનભાઈ; રમેશભાઈ ચંદુલાલ.




એરઇન્ડિયાના ડિરેક્ટર તરીકે : (છેલ્લા) જે. આર. ડી. તાતા સાથે




અતુલના સર્જકો : અમેરિકા જતાં
સિદ્ધાર્થભાઈ, કસ્તૂરભાઈ અને બી. કે. મજમુદાર



ઇંગ્લંડમાં : કસ્તૂરભાઈ, સુરોત્તમ હઠીસિંગ, સર શણ્મુખમ ચેટ્ટી



નીચે : ગણેશ વાસુદેવ (દાદાસાહેબ) માવળંકરનું સ્વાગત કરતા




ઈ. ૧૯૩૭-'૩૮ની કૉન્ફરન્સમાં : ખુરશીમાં ડાબી બાજુથી (૧) ? (૨) સરદાર દાતારસિંગ (૩) મિ. એ. ડી. કૅમ્પબેલ (૪) સર ઝફરુલ્લાખાન (૫) સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ (૬) ? (૭) ઘનશ્યામદાસ બિરલા. ઊભેલા : ડાબી બાજુથી (૧) સર લિયાકતઅલી ખાન (૨) સર રેમન્ડ સ્ટ્રીટ (૩) કસ્તૂરભાઈ (૪) ? (૫) રાઘવન પિલ્લાઈ




ઉપર : ઈ. ૧૯૪૮ના ટેક્સ્ટાઈલ કન્ટ્રોલ બોર્ડની ઇન્ડસ્ટ્રીઝ મીટિંગમાં. ડાબી બાજુથી : સી.એમ. ભાભા, શ્યામપ્રસાદ મુખરજી, સરદાર વલ્લભભાઈ, કૃષ્ણરાજ ઠાકરસી, કસ્તૂરભાઈ, ઘનશ્યામદાસ બિરલા. (જમણી બાજુની છબિમાં) મોરારજીભાઈ દેસાઈ, રામેશ્વરદાસ બિરલા, તથા રામસ્વામી મુદલિયાર સાથે કસ્તૂરભાઈ









જમણી બાજુ(મથાળે)આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ બનારસ હિન્દુ યુનિવર્સિટીના ઉપકુલપતિ-પદે નિયુક્ત થતાં એમના અભિનંદન પ્રસંગે (ડાબી બાજુથી) ડૉ. જોસેફ બેન્જામિન, ?, આચાર્ય ધ્રુવ, શ્રી કસ્તૂરભાઈ (પાઘડીમાં), શ્રી બલવંતરાય પરમોદરાય ઠાકોર અમદાવાદ મ્યુનિ. પ્રમુખ. (વચ્ચે) જમણી બાજુથી : શ્રી કસ્તૂરભાઈ, શેઠ અંબાલાલ સારાભાઈ, અને એમના સ્વ. પુત્ર સુહૃદય અંબાલાલ, (નીચે) જૈન સંઘમાં તિથિનિર્ણયની સભામાં પ્રવચન કરતા.

કર્યો! તે પછી તેઓએ નક્કી કર્યું કે ભલામણોનો અમલ કરવાની ખાતરી ન હોય એવી કોઈ પણ તપાસ કમિટીના અધ્યક્ષ કે સભ્ય ન બનવું.

૧૯૫૧માં હૈદરાબાદ, મૈસૂર ને ત્રાવણકોરના ઉદ્યોગોના ધીરાણની મોટી રકમોની તપાસ અંગે શ્રી કસ્તૂરભાઈની એક વ્યક્તિની કમિટી રચવામાં આવી હતી, જેની ભલામણોનો સરકારે સ્વીકાર કર્યો હતો.

એ જ સાલમાં ઔદ્યોગિક અને ખેતીવાડીને લગતું જે પ્રતિનિધિ મંડળ રશિયા ગયું હતું, એના મોવડી શ્રી કસ્તૂરભાઈ હતા.

૧૯૫૧ થી તેઓ કાઉન્સિલ ઑવ સાઈન્ટિફિક ઍન્ડ ઈન્ડસ્ટ્રીઅલ રીસર્ચ બોર્ડના કાર્યવાહક મંડળના સભ્ય છે.

મહાજનનું મુરબ્બીપણું, ઉદ્યોગપતિની ઝીણવટ અને સુકાનીની દીર્ઘદૃષ્ટિ જાણે એમની બધી પ્રવૃત્તિઓના માર્ગને અજવાળતી રહે છે.

અમદાવાદમાં કાપડ-ઉદ્યોગના સંશોધન માટે સ્થપાએલી 'અટીરા' (અમદાવાદ ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રી રીસર્ચ એસોસીએશન) સંસ્થા એ એમની જ આવી દીર્ઘદૃષ્ટિ અને વિકાસપ્રેમની દ્યોતક છે. શ્રી વિક્રમ સારાભાઈના સાથમાં એમણે સહકારી ધોરણે ઊભી કરેલી આ પ્રગતિશીલ અને માતબર સંસ્થા ભારતભરમાં એ દિશામાં પહેલું પગલું હતું.

એક ઉદ્યોગપતિ મૂડીને વાપરી નાખવા કરતાં મૂડીનું રોકાણ કરવામાં વધારે માને એ રીતે જ શ્રી કસ્તૂરભાઈ પોતાના દાનનો વિનિયોગ કરે છે અને એ માટે શિક્ષણનું ક્ષેત્ર ઉત્તમ ગણે છે. એમાં ધનનું 'ખર્ચ' નહિ પણ 'વાવેતર' થાય છે. શ્રી કસ્તૂરભાઈએ પોતાની તથા પોતાના કુટુંબીજનોની વતી, શિક્ષણક્ષેત્રમાં આશરે એક કરોડ રૂપિયાની આવી સખાવત (વાવેતર) કરી છે; અને અત્યારે પણ એ પ્રવાહ ચાલુ છે. એ જ રીતે મોટાંમોટાં દાન મેળવવામાં પણ તેઓ ખૂબ જ કુશળ છે.

અમદાવાદ એજ્યુકેશન સોસાએટીની સ્થાપનામાં શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ અને સ્વ. ગણેશ વાસુદેવ માવળંકર સાથે એમણે



શ્રી મોરારજીભાઈ દેસાઈ તથા ગગનવિહારી મહેતા સાથે

જે જહેમત ઉઠાવી હતી તે અસાધારણ હતી. એને લીધે જ અમદાવાદ આજે આધુનિક વિદ્યાઓની વિવિધ શાખાઓનું કેન્દ્ર બની શક્યું છે. આમાં એડ્યુકેશન સોસાએટી મારફત અપાએલી સહાય ઉપરાંત એમણે આપેલી સીધી સહાયનો હિસ્સો પણ મહત્ત્વનો છે.

પણ એ ચાલુ વિદ્યાશાખાઓ ઉપરાંત અમદાવાદના તેમજ ગુજરાતના ગૌરવ રૂપ અને તેજસ્વી ધ્યેયલક્ષી વિદ્યાર્થીઓને માટે આશીર્વાદ રૂપ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ મૅનેજમેન્ટ સ્કૂલ ઑવ આર્કિટેક્ચર જેવી વિશિષ્ટ શિક્ષણસંસ્થાઓ સ્થપાઈ એમાં તો શ્રી કસ્તૂરભાઈ શેઠની જ લાગવગ, લાગણી અને સૂઝનો મોટો ફાળો છે. અને વિદ્વાન મુનિશ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી અને પોતાના જ કુટુંબની સખાવતથી સ્થાપેલું 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર' તો ભારતીય તેમજ પ્રાચ્ય વિદ્યાઓના દેશ-વિદેશના અભ્યાસીઓ ને વિદ્વાનોને માટે એક વિદ્યાતીર્થ જ છે. શેઠશ્રી ધર્મ, સંસ્કૃતિ અને તત્ત્વવિદ્યાઓ પ્રત્યે કેવો આદર ધરાવે છે તેની એ જીવંત પ્રતીતિ છે. શિક્ષણ પ્રત્યેની આવી ભક્તિને કારણે જ તેઓ 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નૉલૉજી' જેવી ભારતવ્યાપી સંસ્થાનું અધ્યક્ષપદ શોભાવે છે.

શ્રી કસ્તૂરભાઈ શેઠની જૈન સંઘની નેતાગીરીની વિગતો પણ એવી જ વિપુલ અને ગૌરવભરી છે. પણ એમાં પહેલી વાત એ છે કે તેઓ જૈન ધર્મના ઉપાસક ગૃહસ્થ સંઘના સુકાની હોવા છતાં સાંપ્રદાયિક અભિનિવેષથી મુક્ત છે. વળી, એમની વિચારપદ્ધતિ અને કાર્યપદ્ધતિ ન સુધારવાદી છે, ન રૂઢિચુસ્ત છે. જેનાથી વ્યક્તિની અને સંઘ-સમાજની ઉન્નતિ થાય એવાં વિચારો અને કાર્યો તરફ જ એમની અભિરુચિ રહે છે.

ઈ. ૧૯૧૨ સુધી જૈન તીર્થસ્થાનોના વહીવટ સંભાળતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ એમના પિતાશ્રી હતા. છેલ્લાં ૪૪ વર્ષથી એ જવાબદારી તેઓ ખૂબ શ્રદ્ધા ને કુનેહપૂર્વક સંભાળી રહ્યા છે. શત્રુંજયતીર્થનો યાત્રાકર દૂર થયો, કળાનાં ધામ સમાં પ્રાચીન તીર્થોના જીર્ણોદ્ધારો થયા અને કેટલાંક જૂનાં મંદિરો અને તીર્થસ્થાનો સુરક્ષિત ને સુવ્યવસ્થિત બન્યાં તે એમની જ રાહબરીનાં સુફળ છે.

હરિજનોને મંદિરમાં આવતા ન રોકવા એ મતલબનો નિર્ણય, એ એમની ધર્મની સમજણ, સમયજ્ઞતા અને યોગ્ય પગલું ભરવાની હિંમતની પ્રશસ્તિ બની રહે એવો છે. ધર્માદા ટ્રસ્ટ ઍક્ટને સૌથી પહેલાં એમણે જ આવકાર્યો હતો. જૈન સંઘની એક્તા અને આચારશુદ્ધિની જાળવણી માટે સાત વર્ષ પહેલાં એમણે બોલાવેલું અખિલ ભારતીય શ્રમણોપાસક શ્રી સંઘ સમ્મેલન અને એ પછી સ્થાપવામાં આવેલી શ્રી સંઘ સમિતિ એ જૈન પરંપરાના ઇતિહાસમાં અનોખી ઘટના છે, અને એ કેવળ એમના એકલાના જ ગજાની વાત છે.

અને બાંધકામ તથા જીર્ણોદ્ધાર તરફનો એમનો રસ! એને hobby-ફુરસદનો શોખ–નહિ પણ જીવનનો રસ જ કહેવો જોઇએ. આ રસ એમનો એવો જીવંત છે કે એ માટે તેઓ આહ્લાદપૂર્વક પોતાનાં તન-મન-ધન અર્પણ કરે છે. ધંધુકામાં તૈયાર થએલું 'શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર' આનું એક ઉદાહરણ છે. રાણકપુર, આબુ, કુંભારિયા, તારંગા અને શત્રુંજય તીર્થના જીર્ણોદ્ધારો જોઇને તો અંતર એના માર્ગદર્શક પ્રત્યેના અહોભાવથી ઊભરાઈ જાય. આ વિષયની એમની સૂઝ ને રસવૃત્તિ જોઇને તો એમ જ લાગે કે તેઓ પૂર્વના કોઈ મહાન સ્થપતિના સંસ્કારો ધરાવે છે. કિફાયત ભાવે સારું કામ કેમ કરાવવું એમાં તેઓ સિદ્ધહસ્ત છે.

એમનો સૌથી મોટો ગુણ ઓછામાં ઓછું બોલવામાં ને વધુમાં વધુ કામ કરવામાં છે. સાચા કામથી જે કંઈ મહત્તા મળવાની હોય તે ભલેમળે, એ માટે આડંબર રચવાની એમને ભારે નફરત છે. એમના હસ્તક બેએક કરોડ રૂપિયાનાં દાન થયા છતાં એમાં કીર્તિદાનને ભાગ્યે જ સ્થાન હશે.

કદી કોઈ વાતનો હઠાગ્રહ નહિ, અને 'કર ભલા, હોગા ભલા' એ સૂત્રાનુસાર કોઇનું પણ સારું કરવું, એ તેઓની બધી પ્રવૃત્તિઓનું મૂળ છે.

તેઓને મળવું બહુ સહેલું છે; પણ કામ વગર કે તૈયારી વગર એમની સાથે વાત કરવા જાઓ તો ભોંઠા પડવા જેવું થાય. તેઓ વિચાર કરીને મત બાંધે છે, એટલે એને ફેરવવાનું બહુ મુશ્કેલ હોય છે; અને છતાં વાજબી વાતનો સ્વીકાર કરવા માટે તેઓ મનને ખુલ્લું રાખે છે.

ખાનપાન, ઊંઘ, આરામ અને કામકાજ બધી બાબતોમાં તેઓ ઘડિયાળના કાંટાની જેમ નિયમિત રહે છે. અને અવ્યવસ્થા તો એમને સ્પર્શતી પણ નથી. આ વયે પણ એમના ઉત્તમ શરીર-સ્વાસ્થ્ય અને મનની તાજગીનું મુખ્ય કારણ આ છે. કરકસરને તેઓ મોટો ગુણ માને છે, અને ખર્ચ લેખે લાગતું હોય તો મોટામાં મોટું ખર્ચ કરવામાં પણ ખમચાતા નથી.

શ્રીમંત હોવા છતાં સાદું અને શીલસંપન્ન એમનું જીવન છે, અને એ જ એમના વ્યક્તિત્વને ઉન્નત અને પ્રભાવશાળી બનાવે છે. તેઓએ પોતે જ કહ્યું છે કે: 'ચીવટથી કામ કરવાની ટેવ, પ્રામાણિકતા અને સંતોષથી જીવનઘડતર થાય છે. જીવનમાં સાદાઈ કેળવી, અંગત જરૂરતો ઘટાડી મહેનત કરીએ તો જ આગળ વધી શકાય.'

ગુજરાત અને ભારતના આ શ્રેષ્ઠ મહાજનના અમૃત-મહોત્સવ પ્રસંગે આપણે એમનું અભિનંદન કરીએ.

અનુસંધાન] ટૅકીઓન્સ [પૃષ્ઠ ૧૦૫ થી


થશે, તો આ કણોની શોધ ભૌતિકશાસ્ત્રે એક મહત્ત્વની સિદ્ધિ હશે.

ટૅકીઓન્સનું અસ્તિત્વ આંતરગ્રહી સંદેશાવ્યવહાર માટે તો અતિ ઉપયોગી સાબિત થશે જ, પણ એનાથી ખગોળશાસ્ત્રના અનેક મહત્ત્વના પ્રશ્નોનું નિરાકરણ પણ શક્ય બનશે, તો વળી રોકેટમાં બળતણ તરીકે વપરાતા આયન ઍન્જિનોને સ્થાને ટૅકીઓન્સ-ઍન્જિન પણ બનશે, જેના ઉપયોગથી માનવી અતિ દૂરના ગ્રહો-તારાઓની મુસાફરીએ જઈ શકશે. આ નાના એવા કણોમાં ઘણી બધી શક્તિ સંગ્રહિત થએલી છે. જોકે અથાગ પરિશ્રમ પછી પણ આ વૈજ્ઞાનિકોને હજી ટૅકીઓન્સ મેળવવામાં નિષ્ફળતા જ સાંપડી છે, પણ એના વિષે ડૉ. ફિનબર્ગ કહે છે કે આથી તો માત્ર એટલું જ માની શકાય કે ટૅકીઓન્સ કોઈ પણ વીજભારથી મુક્ત છે, પણ એટલા પરથી એના અસ્તિત્વ અંગેની પોતાની પરિકલ્પના તો ખોટી ન જ ઠરાવી શકાય.

અને આપણે પણ ઇચ્છીએ કે ટૅકીઓન્સથી એમની પરિકલ્પના સત્ય રૂપ ધારણ કરે, જેથી ભવિષ્યમાં આપણી મુસાફરી સમય-કાલના ચોથા પરિમાણમાં શક્ય બને.

એચ. જી. વેલ્સે કરેલી 'ટાઇમ-મશિન'ની કલ્પના સાચી ઠરશે?

કસ્તૂરભાઈ લાલભાઈ પરિવારનું વંશવૃક્ષ



શેક

ડૉક્ટર આવતાં પહેલાં-૩૦

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

દર્દને મટાડવા માટે સામાન્યતઃ શેક અને માલિશ કરવામાં આવે છે. શેક કોરો ને ભીનો એમ બે રીતે થાય છે. ને વેદનાવાળા ભાગ ઉપર શેક કરવાથી લોહીની નળીઓ પહોળી થાય છે અને જ્ઞાનતંતુઓની ખેંચ ઢીલી પડીને વેદના મટે છે. વેદનાવાળા ભાગ ઉપરાંત આસપાસની થોડી વધુ જગ્યા ઉપર પણ શેક કરવાથી વધારે સારું લાગે છે.

ગરમ શેક કર્યા બાદ તુરત જ ત્યાં થોડી વાર ઠંડો શેક કરવાથી શેકની અસર લાંબો સમય રહે છે. અલબત્ત, શરદીમાં કફનો ભરાવો હોય ત્યારે ઠંડા પાણીનો પ્રયોગ કરતાં પહેલાં દાક્તરની સલાહ લેવી.

ગરમ શેક કરવા માટે ચોરસ એકાદ વાર મોટો કાપડનો ટુકડો લઈ તેને બે ત્રણ ગડ વાળી ગરમ પાણીમાં બોળવો. પછી નીચોવીને તેને કોરા કાપડ ઉપર ગડી વાળીને ગોઠવવો, અને કોરા કાપડના છેડા તેના ઉપર ઢાંકી દેવા. આમ ગાદી જેવો એ ગોટો વેદનાવાળા ભાગ ઉપર પહોળો કરીને મૂકવો અને તેના ઉપર કોરો ટુવાલ કે ચાદર ઢાંકવાં. જો શેકનું કાપડ વધુ ગરમ લાગે તો તેને રોગીના શરીરથી સહેજ ઊંચું ઝાલી ફેરવવું અગર તો નીચે બીજું કાપડ રાખી તેના પર તે મૂકવું.

શેકનું આવું પોતું શરીર ઉપર ત્રણથી પાંચ મિનિટ રાખવું. તેને લઈ લેતી વેળા બીજું તૈયાર રાખવું, ને ચામડી લૂછી નાખી તુરત જ ત્યાં મૂકવું.

આવાં ત્રણથી પાંચ વાર શેકનાં પોતાં મૂકવાં. ગરમ શેક પત્યા બાદ ઠંડા પાણીમાં બોળેલું કાપડ મૂકવું. તે ત્રણેક મિનિટ રાખ્યા બાદ લઈ લેવું અને ચામડી લૂછી નાખવી. (તીવ્ર વેદના અને માંસપેશીઓના સંકોચન વખતે ગરમ શેક બાદ ઠંડુ પોતું ન મૂકવું.) શેક બાદ વેદનાવાળો ભાગ ઢાંકેલો રાખવો. શેક વખતે રોગીને ઠંડા પવનથી દૂર ને હૂંફમાં રાખવો.

ગરમ પોતાના જેવી જ અસર થર્મોફોર નામની ઇલેક્ટ્રિક ગાદીથી મળે છે. તેનો શેક ત્રીસ મિનિટથી વધુ ના રાખવો, કારણ કે આટલાં સમયમાં તેની અધિકતમ અસરો મળી રહે છે. વેદના, સોજો, ખેંચ કે અકડાઈ ચાલુ રહે તો દિવસમાં બેત્રણ વાર થર્મોફોરનો શેક કરવો.

સાંધાના મચકોડ અને ઈજા વખતે ઠંડો શેક પણ વેદનાહર નીવડે છે. મચકોડ કે સાંધાની ઈજા વખતે નાની લોહીની નળીઓને ઈજા થવાથી લોહીસ્રાવ થતાં સોજો આવે છે. લોહીની નળીઓ સંકોચાવાથી સોજો કાબૂમાં રહે છે, એટલે આવી ઈજા પામેલા સાંધા ઉપર બરફની થેલી મૂકવી. જો એમ ન થઈ શકે તો ઈજાવાળા ભાગ પર પાણીની ધાર કરવી અથવા ઠંડા પાણીનાં પોતાં મૂકવાં. પાણીનાં પોતાં કે બરફની થેલી પણ સતત ન રાખવાં, પણ સામાન્યતઃ દર બે કલાકે ત્રીસેક મિનિટ સુધી રાખવાં. આવી વધુપડતી ઠંડકથી પેશીઓને ઈજા થતી બચશે અને લોહીનું ભ્રમણ છૂટથી ચાલુ રહી શકશે. શેક પછી સાંધા ઉપર ફલાનીન વીંટાળવું અગર તો ઉપર પોચો પાટો બાંધી તેને હૂંફમાં રાખવા.

કંઠનળી અને ગળાના સોજા પર પાણીનો શેક લાભદાયી છે. એ માટે ત્રણેક ઇંચ પહોળો ને ગળાની આસપાસ આવી રહે એટલો લાંબો કાપડનો પટ્ટો લઈ તેને ઠંડા પાણીમાં પલાળી, નીચોવીને ગળાની આસપાસ લપેટવો; અને તેની ઉપર આવી રહે તેવડો ફલાનીનનો ટુકડો વીંટાળી છેડે સેફ્ટીપિન લગાડવી, જેથી તે સરકી ન પડે. આ પોતું જો પૂરતું હૂંફાળું ન થાય તો ફલાનીનના પાટા ઉપર ગરમ પાણીની થેલીથી થોડી હૂંફ આપવી. આ હીટિંગ કૉમ્પ્રેસ થોડા કલાક કે રાતભર રાખવું.

છાતીમાં થએલો ભરાવો હઠાવવા, જ્ઞાનતંતુની વેદના મટાડવા, સાંધાના વેદનાભર્યા સોજા માટે, નર્વસનેસ માટે (કરોડ ઉપર) અને સોજા વખતે વેદના હઠાવવા ગરમ શેક ઉપયોગી નીવડે છે. ધમાલભરી ને તંગ જિંદગી જીવનારા લોકોને અનિદ્રા, શિરોવેદના, ગરદનનો દુખાવો, પેટની ચૂંક વગેરે જેવાં સતાવનારા રોગ આવા શેકથી મટે છે.

[શેક કરવા માટે 'હૉટ વૉટર બેગ' તો આજે ઘેરઘેર જાણીતી થઈ ગઈ છે. કાચની કે પ્લાસ્ટિકની બાટલીમાં ગરમ પાણી ભરીને યા કાપડના ડૂચા તપાવીને પણ શેક લેવાય છે. કેટલાક કિસ્સામાં રેતી કે મીઠાની પોટલી તપાવીને તથા પ્રસૂતા સ્ત્રીને તપાવેલી ઇંટથી યા ખાટલા તળે તાપ રાખીને પણ શેક આપવાના પ્રયોગો જાણીતા છે. ટૂંકમાં સગવડ પ્રમાણે લોકોએ શેક લેવા માટે અનેક યુક્તિઓ ખોળી કાઢી છે. એ જ રીતે 'આઇસ બેગ'ને બદલે આજે અત્યંત સહજ પ્રાપ્ય પ્લાસ્ટિકની થેલીમાં બરફ મૂકીને પણ કામમાં લેવાય છે. આયુર્વેદે તો અનેક વિશિષ્ટ પ્રકારના શેકની હિમાયત પણ કરી છે. પરંતુ કેટલાક પ્રસંગે શેક નુકસાન પણ કરે છે. એ જ રીતે ક્યારેક ગરમ યા ક્યારેક ઠંડો શેક વર્જ્ય ગણાય છે, એટલે ઉત્તમ માર્ગ ડૉક્ટરોની સલાહ લીધા પછી જ જરૂરત પ્રમાણે ઉપચાર કરવાનો છે.-સં.]



ટિકિટ-સંગ્રહ

માલસામાનની હેરફેર સરળ બની એ પહેલાં જે વિસ્તારમાં સહજપ્રાપ્ય ઈમારતી સામગ્રીના પર જ આધાર રાખવો પડતો હોઈ જુદા જુદા પદાર્થોની ઓછી-વત્તી મર્યાદાને કારણે બ્રિટિશ ગામડનાં જૂનાં ઘરોની બાંધણી સદા વિવિધ અને લાક્ષણિક રહી છે. છેક પંદરમી-સોળમી સદીનાં ઘરો પણ હજી આજે યે ત્યાં જોવા મળે છે. એ ઘરોની રચના પણ વિવિધ પ્રકારે વિકસેલી જોવા મળે છે. ગઈ ૧૧ ફેબ્રુઆરીએ ત્યાં આવાં ગ્રામ-આવાસોને ચિત્રિત કરતી આ ચાર ખાસ ટપાલટિકિટ બહાર પડી છે. જેના પરથી ગૃહનિર્માણના એ વૈશિષ્ટ્યનો ખયાલ આવશે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી–વેમ્બલી)

કલાવૃત્તાં

'ફૅલોશિપ'-પ્રદાન સમયે કલાગુરુ-વન્દના

वासन्तीं सुषमां गायत्
गुर्जरोद्यान-कोकिलः।
प्रबोधयन् कलालक्ष्मीम्
वन्द्यते रविशंकरः॥

श्री गुर्जरे ललित-सृष्टि-विधायकानां
दीक्षागुरू-रविरयं महिमान मेति।
तृप्तिं स्वकीय-तपसो मधु-गौरवं च
तस्मै वदान्य–गुरवे निपुणं नमामः॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

નંદલાલ વસુ, યામિની રાય આદિ જેવા અગ્ર-માન્ય કલાકારો તથા અન્ય કલામનીષીઓને જે બહુમાનથી વિભૂષિત કરવામાં આવ્યા છે તે કેન્દ્રીય લલિતકલા અકાદમીની 'ફૅલોશિપ'ના દરજ્જા સાથે રૂ. ૫૦૦૦નો ચેક તથા કીમતી રેશમી શાલ, ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળને, આ સાથે દર્શાવેલા ત્રાંબાના પ્રશસ્તિ-પત્ર દ્વારા અર્પણ કરવાનો વિધિ (પોતાની અતિ અસ્વસ્થ તબિયતને લીધે તેઓ દિલ્હી જઈ શકે તેમ ન હોવાથી) અમદાવાદમાં ગઈ તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના અધ્યક્ષ શ્રી ચીમનભાઈ પટેલના પ્રમુખપદે યોજાએલા ખાસ સમારંભમાં, કેન્દ્રીય લલિત કલા અકાદમીના અધ્યક્ષ શ્રી મુલ્કરાજ આનંદે સ્વહસ્તે કર્યો હતો; જે પ્રસંગે શ્રી આનંદે તેમ જ દેશના જાણીતા કલાવિવેચક તથા 'લલિત કલા'ના તંત્રી શ્રી કાર્લ ખંડાલાવાળાએ પણ ખાસ આ પ્રસંગે આવીને શ્રી રાવળે કરેલી કલાસેવાને પ્રશસ્તિપૂર્ણ અંજલિ આપી હતી.

આ માસિકના સ્થાપક ને ગુજરાતના આદ્ય અને અગ્રગણ્ય કલાકાર શ્રી રવિશંકર રાવળનો પરિચય 'કુમાર'ના વાચકોને કરાવવાનો હોય નહિ. ગઈ સદીથી શરૂ થએલા અર્વાચીન ગુજરાતના સર્વાંગી નવવિધાનમાં અન્ય સાંસ્કૃતિક ક્ષેત્રોને મુકાબલે ઘણા લાંબા કાળ સુધી શૂન્ય-વત્ રહેલા કલાના ક્ષેત્રમાં તેમણે લગભગ કોરી પાટી ઉપર શરૂ કરીને ચાર દાયકા જેટલા ટૂંકા ગાળામાં ગુજરાતની કલાલક્ષી અસ્મિતામાં જે મોટો જુવાળ આણ્યો તે, એક બંગાળને બાદ કરતાં, ભારતભરમાં અનન્ય છે. માત્ર ચિત્રકળા જ નહિ, પણ કલાસંસ્કૃતિનાં સર્વ પાસાંઓની જાગૃતિ અને વિકાસનું એમણે હેતુલક્ષી કાર્ય કર્યું, તેને જીવંત રાખે એવી શિષ્યોની પરંપરા ઊભી કરી, અને આવતી પ્રજાની ચેતનાની પ્રેરણા અને ઉત્થાનનું પ્રબોધક બની રહે એવું આ માસિક શરૂ કર્યું તથા બે દાયકા સુધી તે ચલાવ્યું, એ કાર્યો ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં સીમાસ્તંભ સમાં છે. શ્રી મુલ્કરાજ આનંદે આ પ્રસંગે ભાવપૂર્વક કહ્યું કે એમના જેવા કલાકારનું મારા હાથે સન્માન થાય છે તેથી મારી જાતને હું કૃતકૃત્ય માનું છું.

શ્રી રવિશંકર રાવળે આ પ્રસંગે આભાર વ્યક્ત કરતાં કહ્યું કે "જે કાળે મેં કલાનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે ચિત્રો કરવાનો ધંધો હીણુંકમાઉ ગણાતો હતો અને મારા સહાધ્યાયી મિત્રો જેઓ ડૉક્ટરો, વકીલો, એન્જિનીઅર કે વેપારી થવાના હતા તેમની હરોળમાં હું પાછળ રહી જઈશ એવો સદા ભય રહેતો. પણ મને એવા બુદ્ધિમાન મિત્રો મળ્યા જેમણે મને કદી પાછળ રાખ્યો નથી અને તેમના સંમાનમાં મારો પૂરો માનમોભો રક્ષ્યો છે.

જીવનભર હું સ્વતંત્ર ધંધો કરતો રહ્યો છું. કામ કે નોકરી માટે મેં કદી લાંબો હાથ કર્યો નથી. જોકે આજીવિકા માટે મારે કળાના સર્વ પ્રકારના પ્રયોગો કરવા પડયા હતા: તસ્વીર-ચિત્રક, ડિઝાઇનર, ગ્રંથચિત્રક, ચિત્રશિક્ષક, કલા

શ્રી રવિશંકર રાવળ

ઓ ગુરુવર્ય,

દશ્ય કલાઓનાં ક્ષેત્રમાં આપે જે મહાન ફાળો પ્રદાન કર્યો છે એથી દેશનું બહુમાન થયું છે. દેશવાસીઓ વિશ્વભરમાં પ્રકીર્તિત થએલી આપની સિદ્ધિઓથી ગૌરવ અનુભવે છે.

આ રાષ્ટ્રીય કલાસંસ્થા, ભારતીય કલાની ક્ષિતિજે નવી કેડીઓ પાડનાર એક પુરોગામી બનવા માટે આપને એના એક 'ફેલો' તરીકે ચૂંટતાં ગૌરવ અનુભવે છે. આપ પ્રત્યેના માનના પ્રતીક તરીકે આ તામ્રપત્ર આપને અર્પણ કરીને અમે આપને અમારી વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

માઘ વદ ૮, ૨૦૨૬ લલિત કલા અકાદમીના સભ્યો

શ્રી રવિશંકર રાવળને અર્પણ થએલા ત્રાંબાના પ્રશસ્તિપત્રની પ્રતિલિપિ

હરિ: ૐ આશ્રમ પ્રેરિત

લલિતકલા-સ્પર્ધા પારિતોષિકો

ગુજરાતમાં સંગીત, નૃત્ય ને ચિત્રકળાને યોગ્ય પ્રોત્સાહન મળે એ હેતુથી હરિ ૐ આશ્રમ તરફથી રૂ. એક લાખના દાનનું ટ્રસ્ટ નીચેની શરતોએ વડોદરા યુનિવર્સિટીને સોંપવાનું નક્કી કરવામાં આવ્યું છે: (૧) એ રકમ યુનિટ ટ્રસ્ટમાં રોકવામાં આવશે જેથી તેના ઉપર ૭ ટકા લેખે વાર્ષિક રૂ. ૭૦૦૦નું વ્યાજ મળશે; (૨) સદરહુ વ્યાજની રકમમાંથી નીચે મુજબની ચાર કલા-શાખાઓમાં વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ નીવડનાર વિદ્યાર્થીઓને ચાર સુવર્ણચંદ્રકો નીચેના નામથી અપાશે: શ્રી રવિશંકર રાવળ ચિત્રકળા પારિતોષિક, શ્રી મૃણાલિની સારાભાઈ નૃત્યકળા પારિતોષિક, સ્વ. શ્રી નારાયણ ખરે સ્મારક કંઠસંગીતકળા પારિતોષિક, શ્રી રવિશંકર (સિતારવાદક) વાદ્યસંગીતકળા પારિતોષિક, (૩) પ્રત્યેક ચન્દ્રક ઉપર 'હરિ ૐ આશ્રમ પ્રેરિત' શબ્દો સાથે ઉપર્યુક્ત નામો કોતરાશે. (૪) ઉપર્યુક્ત ચારે કલાશાખાઓની સ્પર્ધામાં (અ) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના લલિતકલા વિભાગોમાં અભ્યાસ કરતા કે ભૂતકાળમાં પસાર થઈ ગએલા (બ) ગુજરાતમાં વસતા તથા ગુજરાતી ભાષા બોલતા (ક) ગુજરાત બહાર વસતા પણ ગુજરાતી ભાષા બોલતા કલા-વિદ્યાર્થીઓ ભાગ લેવા પાત્ર ગણાશે.

વ્યાખ્યાતા, કલાવિવેચક, સંપાદક, પ્રકાશક—આદિ વિવિધ જવાબદારીઓ મારે અદા કરવી પડી હતી; પણ એ સર્વની પાછળ મારા મનથી હું કળાનો એક ભક્ત અને પ્રચારક હતો.

કલાના ઉત્તમોત્તમ જ્ઞાન અને વિવેચકોના નિકટ પરિચયનું ભાગ્ય મને સાંપડ્યું હોવાથી પ્રજા ને દેશની કલાકૃતિઓમાં વ્યાપ્ત ચિંતન ને મૂલ્યોનું યથાશક્તિ જ્ઞાન હું પામી શક્યો. આજનાં અપરૂપ ને અર્ધવિકસિત કલાસ્વરૂપોના પ્રચંડ વાવંટોળની વચ્ચે પણ એ મૂલ્યો ટકી રહેવાનાં છે એવી મને પૂરી શ્રદ્ધા છે. એટલે આજ સુધી મેં નિષ્ઠા અને અંતરની સૂઝથી મારાં દર્શન ને આદર્શોને લક્ષમાં રાખી મારામાં રહેલાં આનંદ અને ચિંતન પ્રજામાં પ્રકટાવવા અર્થે જીવન ચરિતા થંકરવા જે કંઈ પ્રયત્ન કર્યો છે તેથી હું કૃતકૃત્ય થયો છું.

મારી પાસે તાલીમ લઈ આગળ વધેલા મારા વિદ્યાર્થીઓ આજે દેશના નામી ચિત્રકારો, કાર્ટૂનિસ્ટો, સુશોભનકારો ને કલાનિર્દેશકો તરીકે પ્રસિદ્ધ થયા છે તેથી મારાં ગૌરવ અને યશ સમૃદ્ધ થયાં માનું છું. સરકાર કે મ્યુનિસિપાલિટી જેવી સંસ્થા અથવા વડીલોની સહાય વિના દેશને એવા શ્રેષ્ઠ ચિત્રકારો મળી શક્યા અને પ્રજાએ સહજ મમતાથી મને 'કલાગુરુ' તરીકે બિરદાવ્યો તેનો હું સંતોષ લઉં છું.

જે દુનિયામાં હું રહ્યો અને જીવ્યો, જેની મમતા પ્રેરણા અને કદર પામ્યો, એ દુનિયાને અંતરના ભાવથી વંદન કરું છું."

અનુસંધાન] **નવાં પ્રકાશનો** [પૃષ્ઠ ૧૩૦થી

મનુષ્ય વિરાટ કેમ બન્યો: અશક્ત વામણા પ્રાણીમાંથી મનુષ્ય કેવી રીતે વિરાટ બન્યો એની વૈજ્ઞાનિક રીતે કથની કહેતું સચિત્ર પ્રકાશન. મૂળ લે૦ મિખાઈલ ઈલ્યીન, એલેના સેનાલ, અનુ૦ અતુલ, પ્ર૦ પ્રગતિ પ્રકાશન મૉસ્કો. પૃ. ૨૫૮, પાકું પૂઠું, કિ. છાપી નથી.

અભિલાષ (ચારિત્ર્ય ઘડતર અંક): કેસૂરભાઈ ઍન્ડ મંછારામ પુ. પટેલ સાર્વજનિક વિદ્યાલય, અમરોલી (જિ. સુરત)નાં મહાપુરુષોનાં ચરિત્ર, ને આદર્શ જીવનનાં કલ્પનાચિત્રો દર્શાવતો ઉપયોગી વાર્ષિક અંક. તંત્રી–પ્રકાશક: ભૂપેન્દ્રભાઈ વકીલ, ઉપર્યુક્ત શાળાના આચાર્ય.

અભિલાષ (મહાત્મા ગાંધી શતાબ્દી સ્મૃતિ અંક): ઉપર્યુક્ત શાળાનો, મહાત્મા ગાંધીજીનાં ચરિત્ર અને વ્યક્તિત્વને ઉઠાવ આપતા લેખોનું એવું જ ઉપયોગી સંકલન રજૂ કરતો વાર્ષિક અંક: તંત્રી પ્રકાશક; ઉપર મુજબ.

ઓઝનો જાદુગર: 'અમરચિત્રકથા'માળાના ૪થા અંક તરીકે પ્રગટ થએલી, બાળકો માટેની અમેરિકન ચિત્રવાર્તા; અનુવાદક: આબિદ સુરતી, પ્ર. ઈન્ડિયા બુક હાઉસ, મુંબાઇ-૧. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦–૭૫.

ગાંધી-શતાબ્દી નિમિત્તનાં પ્રકાશનો

યુગપુરુષ ગાંધીજી: શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકે ગાંધી-શતાબ્દી નિમિત્તે કરેલું ગાંધીજીનું મૂલ્યાંકન; પ્ર૦ સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ પૃ. ૨૪, કાચું પૂઠું, ૪૦ પૈસા.

ભારત-ભાસ્કરોદય: સ્વામીશ્રી ભગવદાચાર્યજીએ ગાંધીશતાબ્દી નિમિત્તે એમના જીવન કાર્યને અનુલક્ષીને રચેલું સુદીર્ઘ કાવ્ય; પ્ર૦ શ્રીમતી ચંદનદેવી અધ્યાપિકા, 'માતૃસ્મૃતિ' બંગલો, કાશ્મીરા સોસાએટી, અમદાવાદ-૭, પૃ. ૧૭૫, કાચું પૂઠું, રૂ. ૨–૫૦.

દાંડીકૂચ: સ્વરાજની લડતના એક અતિ ઉજ્જવળ ક્રાંતિકાળનો ઇતિહાસ આલેખતું, કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા અને ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઈ જેવા એ પ્રસંગના સાક્ષી કલમબાજોને હાથે લખાએલું પુસ્તક; પ્ર૦ મહાત્મા ગાંધી જન્મ શતાબ્દી ઉજવણી સમિતિ, ગુજરાત રાજ્ય, માહિતી ખાતું, અમદાવાદ-૧૫, પૃ. ૩૬૦, કાચું પૂઠું, રૂ. ૬.

અસ્તેય: ગાંધીજીના જીવનના પ્રસંગોને આધારે એમનાં અગિયાર વ્રતોમાંનું આ વ્રત એમણે કેવી રીતે જીવનમાં ઉતાર્યું હતું એ દર્શાવતી પુસ્તિકા; લે૦ બબલભાઈ મહેતા, પ્ર૦ મંગલ પ્રભાત, પાલડી, અમદાવાદ-૭; પૃ. ૭૨, કાચું પૂઠું, પચાસ પૈસા.

બાપૂ કે દસ અંજલિયાં: શ્રી અમૃતલાલ વેગડે લખેલા, મહાત્મા ગાંધીજીના કાર્યને ચતુર શૈલીથી મૂલવતા દશ નિબંધોનો સંગ્રહ; પ્ર૦ દર્શનાચાર્ય ગુલાબચંદ જૈન, મદનમહલ, જનરલ સ્ટોર્સ જબલપુર; પૃ. ૫૬, કાચું પૂઠું રૂ. ૧.

બાપૂ—સૂરજ કે દોસ્ત: મહાત્મા ગાંધીજીના વ્યક્તિત્વનો પરિચય કરાવતા મિતાક્ષરી નિબંધો; લેખક-પ્રકાશક ઉપર મુજબ, પૃ. ૫૮, કાચું પૂઠું, રૂ. ૧.

જ્યારે ગાંધીજી નાના હતા: ગાંધીજીના બાળપણના પ્રસંગો આલેખતું દસ્તાવેજી રૂપક; રતિલાલ અધ્વર્યુ, દત્ત સોસાએટી, અમદાવાદ; પૃ. ૬૩, કાચું પૂઠું, રૂ. ૧.

જીવનના પગથારે: ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં પડેલી મુશ્કેલીઓ દર્શાવતું રૂપક; લેખક ને પ્રકાશક ઉપર મુજબ, પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૧

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૯૦ પરથી

જાન્યુ, અંકમાં 'મૃત્યુ સામે ઝઝૂમનાર જીવનવીર' શ્રી ભીમરાવભાઈની જીવનકથા ઘણી જ પ્રેરણાદાયી છે. આજના સમયે જ્યારે નાની વસ્તુઓ અને બનાવો મનુષ્યને વ્યથિત અને વ્યગ્ર બનાવે છે ત્યારે એમના જેવાનું જીવન સહનશક્તિની દીવાદાંડી સમાન બની રહેશે. જોકે વ્યક્તિગત પ્રયાસ ને પ્રયત્ન વિના સ્થિરતા કે સહનશક્તિ સાચવવી એ ઘણું મુશ્કેલ તો છે. પેથેડીન ટૅબ્લેટ્સ એમણે છોડી એ પણ મનોબળ અને ઇચ્છાશક્તિનો પ્રભાવ દર્શાવે છે. એ વિષે એમણે કેવી કાર્યરીતિ અપનાવી તથા કઈ રીતે છોડી તે દર્શાવતે તો આજના ધાંધલિયા જમાનામાં મોટું માર્ગદર્શન પ્રાપ્ત થતે. એમની પાસેથી માહિતી મેળવી છાપવામાં આવે તો ઘણાને એનો લાભ મળી શકે.

(મુંબાઇ) —એક વાચક

જાન્યુઆરી અંકમાં 'ગુજરાતમાં સંખેડાનાં લાખકામ-ઉદ્યોગ' લેખમાં પૅરેગ્રાફમાં ૩ માં 'જૉન ટ્યુગરેન નામના ડચે ઈ. સ. ૧૫૫૬માં પોતાના અહેવાલમાં ભારતમાં થતા લાખકામની વિસ્તૃત માહિતી આપી છે' એમ જણાવ્યું છે; જ્યારે મારી પાસેના Shellac Export Promotion Council તરફથી પ્રકાશિત કૅટલૉગ Indian Lacquered Wareના પૃષ્ઠ ૧ પર 'ડચ મુસાફર J. H. Vane Linschoten ઈ. ૧૫૯૬માં અને અંગ્રેજ મુસાફર ટેરી ઈ. સ. ૧૬૫૫ ભારતમાં આવ્યા અને લાખના વિવિધ ઉપયોગોની માહિતી ભેગી કરી' એમ જણાવ્યું છે. તો જૉન ટ્યુગરેન (૧૫૫૬) અને J. H. Van Linschoten (૧૫૯૬) બંને ડચ મુસાફરોએ ઉપર મુજબનાં વર્ષોમાં માહિતી ભેગી કરી છે કે બંને એક જ છે અને સાલમાં ફેર છે તેનો ખુલાસો કરવા કૃપા કરશો.

(વડોદરા) —કૃષ્ણલાલ સી. મિસ્ત્રી

૫૫૦મો અંક હાથ ચડતાં ગુલાબદાસ બ્રોકરનું પ્રવાસવર્ણન ફ્લૉરેન્સ અને રોમ પર હોઈ અત્યન્ત કંટાળાજનક હોવા છતાં વંચાઈ ગયું.

૧) કોલોસિયમના બે ફોટોગ્રાફમાંનો બીજો રોમના amphitheatreનો નથી; પરંતુ કદાચ ફ્રાન્સના Nimes શહેરનો છે, કારણ કે કોલોસિયમનો અંદરનો ભાગ સાબૂત નથી વચ્ચેનું ચોખ્ખું ચોગાન એમાં છે નહિ.

૨) પ્રિટી પૅલેસ નહિ પણ પિત્તી (Pitti) Palace જોઈએ. પિત્તી પૅલેસના પ્રાંગણમાં માઇકેલ ઍન્જેલોનું 'ડેવિડ' નથી. એની બે નકલો ફ્લૉરેન્સના Palazzo Vechhio (પાલાત્સો વેક્કીઓ–જૂનો મહેલ)ના દરવાજે ને આર્નો નદીને પેલે પાર Piazza Michaelangeloમાં છે. સાચું (original) ડેવિડનું શિલ્પ ફ્લૉરેન્સની પ્રખ્યાત ગૅલેરી અકાદેમિયામાં છે. આપે અન્યત્ર છાપેલ ડેવિડનો ફોટોગ્રાફ અકાદેમિયાના ડેવિડનો છે, અને કોઈ પણ ગૅલેરીના પ્રાંગણનો નથી.

(વડોદરા) —ગુલામમોહમ્મદ શેખ

૫૫૪મા અંકમાં ઉદ્યોગપતિ ના. કા. મહેતાના જીવનમાં એમનાં સંતાનોનાં નામ ને ચિત્રોમાં તેઓશ્રીના જ્યેષ્ઠ પુત્ર શ્રી ખીમજીભાઇને મુદ્દલસ્થાન નથી તેમજ કશો ખુલાસો પણ નથી.

'કુમાર' શુદ્ધ જોડણી અને ઉચ્ચારનું આગ્રહી છે, તો આ લેખમાં આવતાં નામો 'કમલી' તે 'કુમુલી' (Kamuli) અને 'કાવલો' તે 'કાવોલો' (Kawolo) જોઇએ. 'કીનિયા' તે 'કેનિયા' (Kenya) જોઇએ. પાન ૮૬ પરના સારણીસંદોહમાં માઉન્ટ 'કિન્યા' જોડણી કરી છે! 'કિનિયા' અને 'કિન્યા' બન્ને ગલત* છે.

(કંપાલા) —વ્રજલાલ ચૌહાણ

[* અમારી માહિતી 'કીનિયા' અને 'કીનિયાટા' આધારભૂત હોવાની છે. એ ગલત હોવાનાં પ્રમાણોની જાણ કરશો તો આભાર થશે.]

અંક ૫૫૪ના 'છેલ્લા પાના' પર શ્રી ગનીભાઈની એક શેર મથાળે મૂકી છે તે ઉપર છંદ 'અનુષ્ટુપ' લખ્યો છે તે બરાબર છે? છાપભૂલ હોય એમ પણ બને.*

(વિસનગર) —જતીન્દ્ર આચાર્ય

[* એમ જ છે. બીબાં ગોઠવનારે અગાઉનું અનુષ્ટુપવાળું ચોકઠું ઉપયોગમાં લીધું અને સંપાદન વિભાગે ગફલતમાં તે ચકાસ્યા વિના જવા દીધું, જે માટે અમને ખેદ છે.]

૧૯૬૯ના કાવ્યસર્જન માટે શ્રી ભાનુપ્રસાદ પંડ્યાને કુમાર-ચંદ્રક આપવામાં આવ્યો તે ઘણું જ યોગ્ય છે. આમે ય 'કુમાર'માં સુંદર કાવ્યોની મહેફિલ દર માસે જામે જ છે. તેથી ઘણો આનંદ થાય છે જ. કાવ્ય વિષે તમે 'બે શબ્દ' લખવા પ્રેરાઓ છો એ સ્વાભાવિક છે, પણ તેથી કાવ્યનો સાચો રસ માણવાની મજા બગડી જાય છે. કાવ્યની ઓળખ કે સમજ આપવાની લાલચ જતી કરો તો? વાચકોને જ આપમેળે કાવ્યરસ લૂટવા દો તો કેવું સારું?

(અમદાવાદ) —હરિલાલ શાહ

[*પણ બહુમતી વાચકોને એ જરૂરી અને ગમતું હોવાનું અમે જાણીએ છીએ. જેમનો કલારસ એથી છવાતો હોય એમણે એ પ્રત્યે દુર્લક્ષ કરવું રહ્યું.]

હું 'કુમાર'નો નિયમિત વાચક છું. જીવનના દરેક ક્ષેત્રના જ્ઞાનમાં વધારો કરવાના 'કુમાર'ના પ્રયાસો દાદ માગી લે છે. આવો જ આપનો એક પ્રયાસ 'કાયાની કરામત' ખરે જ પ્રશંસનીય છે. એમાં છેલ્લા અંક ૫૫૪માં થએલી ભૂલ પ્રત્યે લક્ષ ખેંચવાની ફરજ સમજું છું.

લેખમાં છેલ્લી લીટીમાં લખ્યું છે: 'જેમાં કાળા તે સિમ્પૅથેટિક અને લાલ તે પૅરે સિમ્પૅથેટિક'–આ ખોટું છે. એમાં 'કાળા તે પૅરાસિમ્પૅથેટિક ને લાલ તે 'સિમ્પૅથેટિક' જોઇએ.

(મુંબાઇ) —(ડૉ.) વીરેન્દ્ર જે. જુઠાણી)

[*ખરી વાત છે અમારી સરતચૂક માટે અમે દિલગીર છીએ, અને આપના આભારી.]

ફેબ્રુઆરી અંકમાં પાન ૫૭ ઉપર બીજી સાહિત્યપરિષદના ફોટામાં પ્રમુખશ્રી હરગોવિંદદાસની ડાબી બાજુએ બેઠેલાં સન્નારીનું નામ સ્વ. કનુબહેન મંજુલાલ દવે છે, જેમણે ટાગોરની ગીતાંજલિનું ગુજરાતી ભાષાંતર કવિશ્રી ટાગોરને તે જ અધિવેશનમાં સુપ્રત કરેલું.

(મુંબાઇ) —રંજિતલાલ હરિલાલ પંડ્યા

ફેબ્રુઆરી અંકમાં 'ખુદાબક્ષ લાયબ્રેરી' વિષેનું વાચન સાચે જ રસપ્રદ થઈ પડ્યું. 'કુમાર'ને ખરેખર ધન્યવાદ. 'મુસ્લિમો ભારતને વફાદાર નથી' એમ કહેનારાઓને આ એકલપડાક નથી?

(મુંબાઈ-૩) —એસ. જી. જીવનજી

શ્રી રવિશંકર રાવળ જે સંસ્મરણો લખે છે એમાં, 'વીસમી સદી'ને લગતાં ખાસ જોઉં છું. મારા પિતાશ્રી પણ છેવટ સુધી એમાં કામ કરતા અને તે સમયમાં એ માસિકની નવીનતાએ જે જબરું આકર્ષણ, બલકે મોહિની ઉત્પન્ન કરી હતી એની અનેક વાતો જાણવા મળતી.

(મુંબાઇ) —નરેન્દ્ર નેત્રમણિલાલ શ્રૉફ

આમ તો 'કુમાર' સાથે પાંચેક મહિનાથી વધુ નાતો બંધાયો છે. 'કુમાર' આટલું વૈવિધ્યવાળું અને તેમાંની સામગ્રી આટલી ઉપયોગી અને મહત્ત્વની હશે તેની નહોતી ખબર. પણ થોડા દિવસ અગાઉ આપની યોજનાના જૂના અંકો સાવ સસ્તા મળવાની લાલચે ૩૩ અંકો ખરીદ્યા ત્યારથી 'કુમાર'નું વ્યસન બંધાયું છે.

'કુમાર'માં રજૂ થતું તેનું આકારસૌષ્ઠવ, કળા વગેરે ખૂબ ધ્યાન ખેંચે છે. ઝીણા અક્ષરો હોવાથી પ્રથમ દૃષ્ટિએ લોકોને કદાચ તે નહિ આકર્ષી શકતું હોય; પરંતુ એક વખત વાંચ્યા પછી તેના બધા જ અંકો વાંચવા જોઈએ એમ થયા વગર રહેતું નથી. પ્રભુને પ્રાર્થના છે કે 'કુમાર' આયુષ્ય લંબાવ્યે રાખે. ગુજરાત સિવાય બીજા પ્રદેશોનાં સામયિકોની સરખામણીએ પણ 'કુમાર' ચડિયાતું છે એની કોણ ના પાડી શકે? ફાઈલો ફેંદવા માંડી છે, એટલે એમાંથી મને જે મળશે એના આધારે મારું વ્યક્તિત્વ બમણું ખીલશે.

(માંડલ) —ખેંગારભાઇ મોરી

સાહિત્યસંપર્ક

એક કરુણ પ્રશસ્તિ

(પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ)

નાનકડી પુત્રી મનીષાના અકાળ અવસાનના આઘાતથી જન્મેલાં પિતૃહૃદયનાં સ્પંદનો કવિ-પ્રાધ્યાપક ગોવિન્દભાઈ પટેલની સાત સો વીસ પંક્તિની એક નાની કરુણ પ્રશસ્તિમાં* પ્રાસાદિક બાનીમાં ઝિલાયાં છે.

કૃતિ ત્રણ ખંડમાં વિભક્ત છે. પ્રથમ ખંડની બસો વીસ પંક્તિમાં પુત્રીના જીવલેણ દર્દનું ને દર્દોપચારનું નિરૂપણ છે. દ્વિતીય ખંડની બસો એકવીસથી પાંચ સો ચૌદ પંક્તિઓ સુધીમાં સદ્ગત પુત્રીની અંતિમ યાત્રા અને અંતિમ સંસ્કારોનું કરુણ બયાન છે, ને ત્રીજા ખંડમાં પુત્રીવિરહથી કવિચિત્તમાં જાગેલા પશ્ચાત્તાપનું ને તદ્જન્ય વિચારવિમર્શનું આલેખન છે.

કૃતિમાં એકંદરે શૈલી પ્રવાહી અને પ્રાસાદિક છે ને ઠેરઠેર વિરહદગ્ધ કવિ-પિતાનાં સાચકલાં ઊર્મિ-આવેગ વ્યક્ત થયાં છે. મૃત પુત્રીને સ્મશાને લઈ જતાં કવિચિત્તની ઊર્મિ:

'અસીમને આંગણ ખેલવાને
પોં'ચી ગઇ'તી તું, પરંતુ અંતરે
ઘોળાયુંઃ આ સીમની બ્હાર તો તું
ઘણી ય વેળા ગઇ'તી, તથાપિ
ત્યારે તું આવી હતી પાછી, હાવાં
નહીં કદી તું ફરી આવવાની.'

કેટલેક સ્થળે લાગણીસભર તાદૃશ્ય ચિત્રો છે:

'પડોશનાં બાળક આવી નાનાં
ઊભાં રહી દ્વાર કને નિહાળતાં,
દબાયલાં વેણ થકી ઉચારી
'બેબી મરી ગૈ', પછી મૌન ધારી
વિલોકતાં એકબીજાની મુદ્રા...'

ક્યારેક અલંકારોનો પણ સમુચિત ઉપયોગ છે:

'ક્ષણો વધી રૂહી જલવતુંલો સમી,' (પૃ. ૧૦)
'હૈયાં હતાં વાદળી શાં ભરેલાં'. (પૃ. ૧૪)
'સુવાડતો હોઉં અનંત પારણે
મૂકી દીધી તેમ ઊંડાણમાં તને.' (પૃ. ૨૪)

વળી, ઉત્કટ આઘાતની પળે જ મનુષ્ય વિમર્શે ચડતો હોય છે. આમાંથી કેટલાક વિચારોની અભિવ્યક્તિ અહીં શૈલીને સૂત્રાત્મક બનાવે છે.

'જાનાર પેઢી ત્યહીં જંપતું હશે,
રે'ના રહ્યાં કેતું અજંપથી શ્વસે!'(પૃ. ૨૦)
'કે જ્ઞાનપે સ્નેહ લિયે વિસામો,
સંસારનો એજ શું દિવ્ય લ્હાવો?'(પૃ. ૩૪)

કાવ્યમાં જેમ આવાં મૌક્તિકો શોભી ઊઠે છે તેમ ક્યાંક નરી ગદ્યાળુતા પણ આવી જતી હોય છે:

'દશા લહી તારી ચિકિત્સકે એ
રુગ્ણાલયે અન્ય ખસેડવા તને
કીધી વ્યવસ્થા, ગયું આવી વાહને,'

'ખોળલા'{જેવા શબ્દપ્રયોગમાં ક્યાંક નાના બાલી છાપ વરતાઈ આવે છે તો સમગ્ર નિરૂપણમાં 'સ્મરણસંહિતા'નું ઇંગિત લાગે છે. છતાં કાવ્યમાં એકધારી વણાએલી લાગણીની સચ્ચાઈ કાવ્યને આસ્વાદ્ય બનાવે છે.

* 'સદ્ગત મનીષાને'—લેખક-પ્રકાશક: પ્રો. ગોવિંદભાઈ પટેલ, ખાલસા કૉલેજ, મુંબાઈ ૧૯

શબ્દકથા: 'લાડો'·'દુલ્હા'·'નવરા'

વરને વિવાહ વેળા 'વરરાજ' કહેવામાં આવે છે; પણ લગ્નગીતોમાં (તેમ જ મર્યાદિત પરિસ્થિતિમાં ચાલુ વ્યવહારમાં પણ) તેને 'લાડો', 'લાડડો' અને વધૂને 'લાડી', 'લાડડી' કહે છે. 'લાડી, વાડી ને ઘોડી', 'લંકાની લાડી ને ઘોઘાનો વર' જેવી કહેવતોમાં પણ એનો પ્રયોગ છે. જે લાડીલો કે લાડકો છે, લાડથી લાલનપાલનને યોગ્ય છે, વિશેષ વહાલો છે, તે 'લાડો.'

હિન્દી 'દુલ્હા' (ને 'દુલ્હિન')ના મૂળમાં સંસ્કૃત 'દુર્લભ', પ્રાકૃત 'દુલ્લહ' છે. પછીથી તેનો અર્થ 'વહાલું' થયો. દેવનો દીધેલ, લાડીલો પુત્ર તેના પ્રસંગવિશેષને અનુલક્ષીને 'દુર્લભ' કહેવાયો. પુત્ર દુર્લભ ગણાતો તેથી 'દૂલો', દુલેરાય' (=દુર્લભરાજ) વગેરે વિશેષ નામો પણ પ્રચલિત થયાં.

મરાઠીમાં વરને માટે 'નવરા' શબ્દ છે. આના મૂળમાં 'નવ વર' શબ્દ છે. 'નવવધૂ' અને 'નવોઢા'ની જોડનો શબ્દ 'નવવર'. (ગુજરાતી 'નવરો' શબ્દને આ 'નવરા' સાથે લેવાદેવા નથી.) પછી 'નવવર'માંથી લગોલગ રહેલા બે વકારમાંના એક વકારનો લોપ થતાં 'નવરા' શબ્દ સધાયો. આવો ફેરફાર (સમાનવર્ણ લોપ) દરેક ભાષાના કેટલાક શબ્દોમાં પ્રવર્તેલો જોવા મળે છે: 'માનસસરોવર' ને બદલે 'માનસરોવર', 'ગુંજારરવ' ને બદલે 'ગુંજારવ', 'અંગગત' ને બદલે 'અંગત', 'નાકકટો' ને બદલે 'નકટો' વગેરે ચાલુ ગુજરાતીમાંથી ટાંકી શકાય.

ઈસવી નવમી શતાબ્દીમાં રચાએલા, પુષ્પદંત કવિકૃત અપભ્રંશ મહાકાવ્ય 'મહાપુરાણ'માં 'નવવર' શબ્દનો પ્રયોગ થએલો છે (૮૩–૨૨–૬):

કંચણ વિરઇઇ રહવરિ ચડિયઉ, ણવવરુ ણિયભાઈહિં અબ્ભિડિયઉ.

[વરરાજા (વસુદેવ) સોને મઢેલા ઉત્તમ રથે ચડયો અને પોતાના ભાઈઓ (સમુદ્રવિજય વગેરે)ની સાથે યુદ્ધમાં ભીડયો.]

શહેરી શિક્ષિતોની આધુનિક ગુજરાતીમાંથી 'વર' અને 'વહુ' એ શબ્દો હવે વધુ અને વધુ સાંકડા બનતા સંદર્ભમાં મર્યાદિત થતા જાય છે. 'આ મારી વહુ છે', 'એ મારા વર છે એવાં પહેલાંનાં પરિચયવાક્યોમાં હવે મોટે ભાગે 'પત્ની' અને 'પતિ' વપરાતા થયા છે—જ્યારે 'વાયફ' અને 'હસબંડ' નથી વપરાતા ત્યારે હળવાશ કે વિનોદમાં 'શ્રીમતી', 'ઘરવાળાં', 'અમારા મિસ્ટર', 'અમારા એ' વગેરેનો પ્રયોગ થાય છે. 'સ્વામી-દાસી' અને 'ધણી-ધણિયાણી'થી આપણે સારી રીતે દૂર નીકળી ગયા છીએ.

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

સાહિત્યિક લેખો અને વ્યાખ્યાનો: ઊંડા ચિંતન અને ગંભીર વિવેચનોને કારણે આપણી ઉજ્જ્વલ પંડિત પેઢીના સમર્થ પ્રતિનિધિઓની જોડે સ્થાન-માન પામવાના અધિકારી વિદ્વજ્જન દી. બ. નર્મદાશંકર મહેતાના સાહિત્યિક લેખો અને વ્યાખ્યાનોનું શ્રી અનંતરાય રાવળે કરેલું અભ્યસનીય સંપાદન. આ પુસ્તકમાંના વિષયોની પસંદગી અને લખાવટમાં સ્વ. દી. બ. નર્મદાશંકર મહેતાની ઊંડી આધ્યાત્મિકતા તેમજ ધર્મ અને તત્ત્વજ્ઞાન અંગેનું એમનું ચિંતન પ્રગટ થાય છે. એમની તેજસ્વી સાધક કલમ અનેકરીતે વાચકના અહોભાવની અધિકારી બની રહેશે. પ્ર. ભાનુપ્રસાદ એમ. દેસાઈ, અગમનિગમ મંડળ ટ્રસ્ટ. ધીકાંટા, અમદાવાદ-૧. પૃ. ૩૮૦, પાકું પૂઠું. રૂ. ૭-૫૦.

ક્રાંતિ અને સાધના: (૧) વ્રતવિચાર: ગાંધીજીનાં સત્ય, અહિંસા, અસ્તેય ઇત્યાદિ અગિયાર વ્રતોનો વિશદ ખયાલ આપતું પુસ્તક, પૃ. ૧૮૫ (૨) જીવનદર્શન: રમણ મહર્ષિ, સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ આદિનાં જીવનકાર્યની માહિતી આપતું પુસ્તક, પૃ. ૧૯૫; (૩) વિવિધ સમસ્યાઓ: ભૂદાન, લોકશાહી સમાજવાદ, શાંતિસેના, સર્વોદયવાદ આદિની તાત્ત્વિક વિચારસરણી રજૂ કરતું પુસ્તક, પૃ. ૨૦૪ ત્રણેના લેખક-પ્રકાશક: હરીશ વ્યાસ, નવરંગપુરા, અમદાવાદ-૯, કાચું પૂઠું, દરેકના રૂ. ૩.

'અળેલા જીવ'ની સમીક્ષા: શ્રી પન્નાલાલ પટેલની એ જાણીતી નવલકથાની, વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે ઉપયોગી થઈ પડે એવી, છતાં માર્ગદર્શિકા (ગાઈડ) જેટલી નીચી ભૂમિકાએ ન ઊતરી જતી સમીક્ષા; લે૦ સર્વશ્રી લાભશંકર ઠાકર, મનહર મોદી, ચિનુ મોદી; પ્ર૦

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

—[૬]—

કરાવનાર · જલન માતરી



અજોડ નઝમકાર
સૈફ પાલનપુરી

મુશાયરો ચાલુ થઈ ગયો હોય એવામાં જો ભરાવદાર શરીર ને હસતા ચહેરા સાથે એકાએક એક શાયરને સ્ટેજ પર બેસવા જતા શ્રોતાઓ જોઈ જાય ને એમને તાળીઓના ગડગડાટથી આવકારે તો જાણી લેવું કે 'સૈફ પાલનપુરી' આવી પહોંચ્યા છે.

હમેશાં હસતો ચહેરો એ સૈફની આગવી નિશાની છે. જીવન-માં જે રીતે હસતા રહે છે એ જ રીતે કવિતામાં પણ એ હસતા જ રહે છે. નઝમ લખવામાં એમનો જોટો નથી. એમની કવિતા વાંચતી વખતે એવું જ લાગે કે પોતે સામે જ બેઠાબેઠા બોલી રહ્યા છે. કવિતા જેટલી જ સુંદર એમની પાસે રજૂઆત છે. મુશાયરાના કુશળ સંચાલક તરીકે તો એમની નામના છે. પ્રત્યેક મુશાયરામાં નવી કૃતિઓ સાથે 'ખાનગી પત્ર' અને 'ઝરૂખો' તો શ્રોતાઓના આગ્રહને વશ થઈ તેમને સંભળાવવા જ પડે છે.

મૂળ નામ સૈફુદ્દીન ખારાવાલા. 'સૈફ' તો છે તખલ્લુસ (સૈફ એટલે તલવાર). વતન પાલનપુર. જન્મ તા. ૩૦–૮–૧૯૨૩. અત્યાર સુધી એમની ૯ નવલકથાઓ ઉપરાંત 'ઠપકો' વાર્તાસંગ્રહ ને 'ઝરૂખો' કાવ્યસંગ્રહ પણ પ્રગટ થયા છે. એમના કેટલાક શેરોનો આસ્વાદ લઈએ :

કદી વસ્તી મહીં ભૂલા પડયા છો?
હૃદય જેવા હૃદય સાથે લડયા છો?
મહોબ્બત શું છે? શું સમજાવું તમને?
કદી કો' વારતહેવારે રડયા છો?

∞

તમે બે વાત પૂછો છો અને લૂછો છો બે આંસુ,
પરંતુ જિંદગીના એથી સધિયારા નથી બનતા.
દિલાસો આપનારાઓ, હું તમને કેમ સમજાવું?
કે કાજલ એકઠું કરવાથી અંધારાં નથી બનતાં.

∞

કાળા વાદળના જિગરમાં યે સુજનતા આપી,
અને પથ્થર જેવા પથ્થરમાં યે ગૂંગા આપી;
આવાં દિલવાળાં બધાં દશ્યોને મૂગાં રાખ્યાં,
અને માનવને પ્રભુ, હાય! તેં વાચા આપી?

∞

હસી પણ પડું છું વિના કારણે હું,
જુદો અર્થ એનો ન કોઈ ઘટાવે;
વિવિધતાને ખાતર એ કરવું પડે છે,
બલા ક્યાં સુધી કોઈ આંસુ વહાવે?

∞

લ્યો આજ તો નિર્ણય થઈ જાયે,
દુશ્મનને સભામાં બોલાવો;
એનામાં હશે જો કંઈ યે ગજું,
મિત્રોની જગા પુરાઈ જશે.

∞

હવે તો 'સૈફ' ઇચ્છા છે કે
મૃત્યુ દ્વાર ખખડાવે,
ઘડીભર તો મને લાગે
કોઈના આગમન જેવું!

∞

પાગલ છો; ચાંદનીને કહો છો કે 'જા નહિ';
કંઈ એનો તો વિચાર કરો: રાત જાય છે.

∞

હશે એકાંતમાં શી એમની હાલત ખુદા જાણે,
બધાંની હાજરીમાં જેઓ શરમાઈ નથી શકતાં.

∞

ભૂંસી શકું હું એટલી ફુરસદ મળી જ ક્યાં?
રેખાઓ બાકી હાથની બહુ પાતળી હતી.
બે-ચાર શ્વાસ લઇને જે બાળક મરી ગયું
એની કને ખુદાની કોઈ બાતમી હતી.

∞

વર્ષોના ઈન્તેજારની આદતનું શું થતે?
સારું થયું કે રાત વીતી આગમન વિના.
નિષ્ફળ પ્રણયમાં કોઇને સામેલ શું કરું?
કહેતો ફરું છું પ્રીત કરી'તી મેં મન વિના.

∞

ઘણા લાંબા સમય પહેલાંની ચોરાએલી વસ્તુ છે,
ઉતાવળમાં એ જાણે બહાર ફેંકાએલી વસ્તુ છે;
અજાણ્યા કોક હૈયે જોઉં છું જ્યારે નિખાલસતા
મને લાગે છે એ મારી જ ખોવાએલી વસ્તુ છે.

રેગ્યુલર સપ્લાયર, ઝવેરીવાડ, અમદાવાદ ૧, પૃ. ૧૦૪, કાચું પૂઠું, રૂ. ૨–૫૦.

શીલસંચય: થામણાની કેટલીક વ્યક્તિ-ઓનાં જીવંત રેખાચિત્રો દ્વારા શ્રી બબલભાઈ મહેતાએ વિવિધ શક્તિવાળા ને ગુણધર્મવાળા લોકસમૂહનું કરાવેલું દર્શન રજૂ કરતો સંગ્રહ; બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. પૃ. ૧૦૯, કાચું પૂઠું, રૂ. ૨–૨૫

કેટલાક લેખો: ગુજરાતની સદર અદાલતના ન્યાયમૂર્તિ શ્રી નાનુભાઈ શેલતે યુવાવસ્થાથી અત્યાર સુધીમાં લખેલા કેટલાક નોંધપાત્ર ગુજ-રાતી લેખોના આ સંગ્રહને અંતે પોતાના ન્યાયા-ધીશ તરીકેનાં સંસ્મરણોના મૂળ અંગ્રેજીનો એક અંશ પણ ગુજરાતીમાં એમણે મૂક્યો છે. એમના લખાણમાંથી એક અભ્યાસનિષ્ઠ અને વિદ્યાવ્યાસંગી પુરુષની મૂર્તિ ઊપસતી આવે છે. પ્ર૦ રોહિતકુમાર ના. શેલત, નાનપુરા, સૂરત; પૃ. ૧૭૨, પાકું પૂઠું, રૂ. ૫.

સ્ટ્રક્ચરલ ટેમ્પલ્સ ઑવ ગુજરાત: ૧૬મી સદી સુધીમાં ગુજરાતમાં બંધાએલાં પ્રાચીન મંદિરોના સ્થાપત્યની ઐતિહાસિક અન્વેષણા કરતો ડૉ. કાંતિલાલ એફ. સોમપુરાનો પી એચ.ડી. માટેનો અંગ્રેજીમાં લખાએલો મહા-નિબંધ. પ્ર. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯. પૃ. ૮૭૫, ૨૬૧ ચિત્રો, પાકું પૂઠું, રૂ. ૨૫.

મહાગુજરાતના મુસલમાનો (ભા. ૧–૨): ગુજરાતી સાહિત્યના પીઢ મુસ્લિમ લેખક સ્વ. કરીમ મહમદ માસ્તર પાસે તૈયાર કરા-વવામાં આવેલું મહાગુજરાતના મુસલમાનો અંગે સરળ શૈલીમાં માહિતી-પ્રચુર અને ઉપ-યોગી પ્રકાશન, જેમાં લેખકે ગુજરાતના મુસ્લિ-મો વિષે શક્ય તેટલી મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક અને સાંસ્કૃતિક માહિતી એકત્રિત કરી છે. પશ્ચિમ હિંદમાં અરબો પહેલવહેલા આવ્યા ત્યારથી શરૂઆત કરીને એમના પેટાવિભાગો જેમજેમ વિસ્તરતા ગયા તેમતેમ જુદીજુદી જ્ઞાતિઓ કેવી રીતે અસ્તિત્વમાં આવતી ગઈ એને લગતી ઇતિહાસબદ્ધ વિગતો ખૂબ જ બારીકાઈથી પહેલા ભાગમાં રજૂ કરી છે; અને બીજા ભાગમાં ઇસ્લામ ધર્મ, એના રીતરિવાજો રમતગમતો વગેરેની છણાવટ કરી છે. પ્રકાશક: પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા; પૃ. ૬૧૮, પાકું પૂઠું, રૂ. ૧૩.

મધ્યયુગી ભારત ખંડ ૨: ભારત ઉપર મધ્યકાળમાં અમલ કરી ગએલી મુસ્લિમ સલ્તનત પર પ્રકાશ ફેંકતો અધિકૃત અભ્યાસ-ગ્રંથ; લે. ડૉ. છોટુભાઈ નાયક, પ્ર. ગુજરાત યુનિ-વર્સિટી, અમદાવાદ; પૃ. ૪૯૧, પાકું પૂઠું, રૂ. ૧૦.

આગરા ઘરાના: ભારતીય સંગીતની એક સુપ્રસિદ્ધ અને અતિપ્રાચીન પદ્ધતિ પર અધિ-કારી કલમે લખાએલો સંશોધનાત્મક ગ્રંથ; લે. રમણલાલ મહેતા, પ્ર૦ મ. સ. યુનિવર્સિટી વડોદરા, પૃ. ૨૪૫, પાકું પૂઠું, રૂ. ૧૨.

સંગીતની સરગમ: શ્રી વદનલાલ માણેક-લાલ મજમુદારે વર્ષો સુધી સ્વરનો જે સાથ માણ્યો છે તેના પરિપાકરૂપે ૮૦ વર્ષની વયે તેમણે દેશી સંગીતની સરગમનો આ નાનકડો જ્ઞાનકોષ લખી પ્રકાશિત કર્યો છે. પ્રકાશક પોતે. સાર્વજનિક દવાખાના ઉપર, દડગવાડ, નવસારી; પૃ. ૧૨૦, પાકું પૂઠું, રૂ. ૩.

મજૂરમાંથી મિનિસ્ટર: જિંદગીની શરૂ-આત એક મિલની કચેરીમાં ઝાડુ મારવાના

જર્મન પ્રજાની ખાસિયતો, સ્વભાવ, શૉખ વગેરે કેટલાં વિવિધ-વિચિત્ર છે તે દર્શાવતી આ પ્રમોદક સારણી જેવી, ભારતીય પ્રજાજીવનનો આડંબર વસતિગણત્રીના તથા અન્ય ધંધારોજગાર આદિના અહેવાલો પરથી કોઈએ શ્રમ અને અભ્યાસપૂર્વક તૈયાર કરવી જોઈએ.

૧% પુરુષો ગૉલ્ફ રમે છે.
૨% માથે લાલ વાળવાળા છે.
૩% લોકપ્રિય પુસ્તકોની અખબારી યાદીને આધારે પુસ્તકો ખરીદે છે.
૪% સ્ત્રીઓ અંગકસરતની શોખીન છે.
૫% લોકોને સ્વીડન જઈને રહેવાનું ગમે.
૬% લોકોને શિયાળો વધુ ગમે છે.
૭% ને ત્યાં પ્રજાપ્રિય ખારી બિસ્કીટ હોય જ.
૮% લોકોની આંખ લીલી કીકીવાળી છે.
૯% પુરુષો રોજ કંઈ ને કંઈ ગ્રંથવાચન કરે છે.
૧૦% લોકો ઘેર કૂતરાં પાળે છે.
૧૧% ક્રિસ્ટમસ-વૃક્ષનો શણગાર કરતા નથી.
૧૨% એકાદ રમતગમત-ક્લબના સભ્ય હોય છે.
૧૩% નાસ્તામાં ઈંડાં લે જ છે.
૧૪% પત્ની કરતાં નાની ઉંમરના છે.
૧૫% રાજકારણી નેતાઓના મોટા ચાહક છે.
૧૬% લોકો હાઈસ્કૂલ સુધી ભણેલા છે.
૧૭% દિવસ-રાત ઘોંઘાટથી ઘેરાએલાં રહે છે.
૧૮% પોતાની તબિયતને અચ્છી માને છે.
૧૯% કામદારો ઇજનેર બનવા ઇચ્છે છે.
૨૦% ટેલિવિઝન પર સૉકર (ફૂટબૉલ)ની રમત જોવી ચૂકતા નથી.
૨૧% કુટુંબો પાસે હાઈ-ફાઈ રેડિયોસેટ છે.
૨૨% માને છે કે શિશ્વ પર ચંદ્રનો પ્રભાવ પડે છે.
૨૩% પરિણીત સ્ત્રીઓ કામધંધો પણ કરે છે.
૨૪% લોકો ભૂખરી આંખવાળા છે.
૨૫% પુરુષો હજી 'ટૉપ-હૅટ' પહેરે છે.
૨૬% કામદારો વારંવાર 'ઑવર ટાઈમ' કરે છે.
૨૭% લોકો પીપરમિન્ટ ખરીદતા રહે છે.
૨૮% લોકો શુક્રવારે માછલી ખાવાના જ.
૨૯% પ્રસંગોપાત્ત ચશ્માં વાપરે છે.
૩૦% ઘણીવાર મોંઘો 'શૅમ્પેઇન' દારૂ પીએ છે.
૩૧% સ્ત્રીઓને બરફ પર સ્કેટિંગ કરવું ગમે છે.
૩૨% લોકોએ ગયે વર્ષે એકે ચોપડી વાંચી નથી.
૩૩% જાતીયશિક્ષણ આપતી ફિલ્મને પસંદ છે.
૩૪% લોકોને જ મિત્ર-પડોશીઓ છે.
૩૫% લગ્નના ભવ્ય સમારંભ યોજતા નથી.
૩૬% ક્યારેક જ દારૂ પીએ છે.
૩૭% સ્ત્રીઓ રાજકીય અહેવાલોને અનુસરે છે.
૩૮% મુરબ્બાના શોખીન છે.
૩૯% માને છે કે માણસ ગ્રામવિસ્તારમાં વધુ સુખથી રહી શકે છે.
૪૦% કારીગરો દરરોજ 'બીઅર' પીવાના જ.
૪૧% સ્ત્રીઓ ઘેર જ કપડાં સીવી લે છે.
૪૨% લોકો પુનર્જન્મમાં માને છે.
૪૩% સ્ત્રીઓ રાંધણકળાનું પુસ્તક વાપરે છે.
૪૪% લોકો કૅથૉલિક-પંથી છે.
૪૫% લોકો જાહેરખબરોમાં માને છે.
૪૬% લોકો ડબ્બા-પેક શાકભાજી વાપરે છે.
૪૭% જર્મન નાગરિકો પુરુષ છે.
૪૮% જર્મનો 'પૉકેટ બુક્સ' ખરીદી વાંચે છે.
૪૯% લોકોને ઘેર બગીચો છે.
૫૦% પુરુષો રાજકીય અહેવાલોને અનુસરે છે.
૫૧% લોકો પ્રોટેસ્ટન્ટ-પંથી છે.
૫૨% કોઈ જ ક્લબ, કે મંડળના સભ્ય નથી.
૫૩% લોકોને વારંવાર માથું દુઃખતું હોય છે.
૫૪% બહુધા ટી. વી. જોતાં જોતાં ઊંઘી જાય છે.
૫૫% કામદારોના કૂપરી માટે ઊંચો અભિપ્રાય છે.
૫૬% લોકો ભાડાના મકાનમાં રહે છે.
૫૭% સવારે સરળતાથી જાગી જાય છે.
૫૮% વિદ્યાર્થી લેફ્ટ્રૉનિક સંગીત વિશેષ છે.
૫૯% લોકો ઘરમાં દવાઓ રાખે જ છે.
૬૦% સ્ત્રીઓ પ્રેમને ખાતર પરણી છે.
૬૧% લોકોનું બાળપણ સુખમાં વીતેલું.
૬૨% પુરુષો માથા માટે શૅમ્પુ વાપરે છે.
૬૩% લોકો તાજું દૂધ પીએ છે.
૬૪% લોકોને સુખાંત ફિલ્મો જોવી ગમે છે.
૬૫% જર્મનોને દૂધ વિનાની જ ચા ગમે છે.
૬૬% ખેડૂતો બાઇસિકલ વાપરે છે.
૬૭% લવાજમ ભરીને અખબાર મંગાવે છે.
૬૮% સ્ત્રીઓ ક્રીમ વાપરે છે.
૬૯% લોકોના જ મોંમાં કુદરતી દાંત હોય છે.
૭૦% કામદારોને કારખાનાનાં પર્યટનો ગમે છે.
૭૧% સ્ત્રીઓ જ રોજ સાબુથી મોં ધૂએ છે.
૭૨% તૈયાર પુડિંગ-પાઉડર વાપરે છે.
૭૩% પુરુષો પાસે નહાવાનો પોશાક છે.
૭૪% કુટુંબો બૅંકમાં સેવિંગ ખાતું ધરાવે છે.
૭૫% જર્મનો પાસે એકાદ બે છત્રી હોવાની.
૭૬% પતિને ફરી એ જ સ્ત્રીને પરણવું ગમે.
૭૭% લોકોને સાઈકલ ચલાવતાં આવડે છે.
૭૮% પુરુષો વ્હિસ્કી દારૂ પીતા નથી.
૭૯% પતિ-પત્ની એક જ ધર્મપંથનાં હોય છે.
૮૦% છીંક આવતી વખતે 'આવજો' કહે છે.
૮૧% ઘરમાં રસોઈ-પુસ્તકો હોય છે.
૮૨% અઠવાડિક રજાઓમાં કંટાળતા નથી.
૮૩% પત્નીઓને નાચવું ગમે છે.
૮૪% પુરુષો બીઅર પીએ છે.
૮૫% પુરુષોને સેન્ટ વાપરતી સ્ત્રીઓ ગમે છે.
૮૬% પુરુષો લગ્નસંસ્થાને જરૂરી માને છે.
૮૭% પરિણીત યુગલો પડોશીઓ હતાં.
૮૮% કારીગરોનાં ઘરોમાં અલગ શયનખંડ છે.
૮૯% સ્ત્રીઓને ધમાધમીની ફિલ્મો પસંદ નથી.
૯૦% ઘરમાં પોતીકું રસોડું હોય છે.
૯૧% પોતાના ક્રિસ્ટમસ વૃક્ષને ઝગમગાટ-દિનફ્રેઈલ સુશોભનોથી શણગારે છે.
૯૨% સ્ત્રીઓ 'વૉલ્ટ્ઝ' નૃત્ય કરે છે.
૯૩% સ્ત્રીઓ 'વૉડકા' દારૂ પીતી નથી.
૯૪% લોકો ગાદી-ખોળ જડેલું ફર્નિચર વાપરે છે.
૯૫% લોકો માખણ વાપરે છે.
૯૬% સ્ત્રીઓ પાસે પોતાની છત્રી હોવાની જ.
૯૭% લોકોએ તંદુરસ્તીનો વીમો ઉતરાવેલો છે.
૯૮% પુરુષો હજામની દુકાને જાય છે.
૯૯% ઘરમાં બૂટપૉલિશ વપરાય છે.
૧૦૦ %ને પેટ ફૂંદી છે.

માં મળેલો. દાદાને મથુરા ને આગ્રામાં જમીન-જાગીર હતી, તેથી આગ્રાની મક્તબમાં અરબી અને ફારસીનો અભ્યાસ કર્યા બાદ દસ વર્ષની વયે એ ત્યાંની કૉલેજમાં દાખલ થયા, અને ત્યાંના પાંચ વર્ષના શિક્ષણ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થી તરીકે રાજ્યની છાત્રવૃત્તિ મેળવવા ઉપરાંત એમણે પત્રકારત્વનો શૉખ પણ કેળવ્યો. એ શક્તિ વિકસાવવા માટે તે લાહોર ગયા, અને ત્યાંના વિખ્યાત પત્ર 'કોહેનૂર'ના સંસ્થાપક અને તંત્રી મુન્શી હરસુખરાયના પરિચયમાં આવ્યા અને પોતાની સૂઝબૂઝથી એમને અનેક નવાં સૂચનો આપી પ્રભાવિત કર્યા. એ પત્રને પોતાની કલમથી એમણે ઊંચી કક્ષાએ આણી દીધું અને વાચકસમાજનો પણ પ્રેમ સંપાદન કર્યો. થોડા વખત પછી એમણે પોતાનું જ પત્ર કાઢવાનો મનસૂબો કર્યો અને ઈ. ૧૮૫૭માં લાહોર-અલીગઢથી દૂર, ઉત્તર પ્રદેશમાં લખનૌ મુકામે છાપખાનું નાખી 'અવધ અખબાર' નામનું પત્ર શરૂ કર્યું. પણ ત્યાં તો કમનસીબે સત્તાવનનો વિપ્લવ ફાટી નીકળ્યો, અને આર્થિક વિટંબણાઓમાં પણ તે આવી પડ્યા. પરંતુ એથી લેશમાત્ર હાર ન ખાતાં કુનેહ અને કરકસર તથા પરિશ્રમ અને ખંત ખેડીને એમણે છાપાની તેમજ ધંધાની જે અભૂતપૂર્વ જમાવટ કરી દીધી તેનો અણસાર આપણે ઉપર જોયો. એ 'અવધ અખબાર' તો હમણાં ઈ. ૧૯૫૦માં એમના વારસોએ ધંધાની વહેંચણી કરી ત્યાં સુધી ૯૩ વર્ષ જેટલો લાંબો કાળ ચાલ્યું.

અખબારની સાથે એમણે અન્ય સાહિત્ય પણ પ્રકટ કરવા માંડ્યું. એમાં ધર્મ, દર્શન, કોષ, ઇતિહાસ, વિજ્ઞાન અને તત્કાલીન નામી સાહિત્ય-

આ સંસ્થાના
સ્વ હામી
ચૈતન્યપ્રસાદ દીવાનજી



ઈ. ૧૯૪૨ની આખરે ૧૯ વર્ષના 'કુમાર'ના તંત્ર-સંચાલન બાદ શ્રી રવિશંકર રાવળે નિવૃત્તિ લઈને આ સંસ્થા બંધ કરવાનો સંકલ્પ કર્યો ત્યારે સંસ્કારસેવાનું કાર્ય કરી રહેલી આ પ્રવૃત્તિ ચાલુ રહેવી જ જોઈએ એવા આગ્રહ અને પ્રયત્નપૂર્વક તેને માટે જરૂરી ભંડોળ તથા અન્ય વિધિઓ પાર ઉતારવામાં અગ્રણી અમારા મિત્ર અને અમદાવાદના સંસ્કારજીવનમાં આગળપડતો ભાગ લેનાર શ્રી ચૈતન્યપ્રસાદ મોતીલાલ દીવાનજીના ગઈ તા. ૩ માર્ચ ૧૯૭૦ના રોજ લાંબા સમયના હૃદયરોગથી ૭૨મા વર્ષે થએલા અવસાનની નોંધ પ્રગાઢ દુઃખ અને આઘાત સાથે લઈએ છીએ.

કચ્છના દીવાનપદની યશસ્વી કારકિર્દીથી 'દીવાનજી'ની અટક પ્રાપ્ત કરનાર, અમદાવાદની સાઠોદરા નાગર જ્ઞાતિના એક અગ્રણી, અને એ શહેરની મ્યુનિસિપાલિટીના પ્રમુખપદ તેમજ અન્ય દરજ્જેથી માતબર સેવા બજાવનાર શ્રી મોતીલાલ લાલભાઈને ત્યાં, ઈ. ૧૮૯૮ના ડિસેમ્બરની ૨૦મીએ એમનો જન્મ થયો હતો. અમદાવાદમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ઉપરાંત કુમાર વયમાં સંસ્કૃતના મહાવિદ્વાન રામકૃષ્ણ શાસ્ત્રી પાસે સંસ્કૃતનો એમણે ખાસ અભ્યાસ કરેલો. ૧૯૧૯-૨૦ની અસહકારની હાકલથી સરકારી કૉલેજનો ત્યાગ કરી મહાત્મા ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠમાંથી તેઓ સ્નાતક થએલા, અને અમદાવાદના ગભશ્રીમંત નાગરિક સર ચીનુભાઈ માધવલાલના અવસાન બાદ તેમના નિકટના સંબંધી તરીકે તરુણ વયથી જ એ કુટુંબની તેમ જ શહેરની સંસ્કારપ્રવૃત્તિઓમાં આગળપડતો ભાગ લેતા રહેલા. સાહિત્ય, કાવ્ય, લલિતકલાઓ અને તત્ત્વજ્ઞાનના ચાહક પોષક અને અભ્યાસી હોવા ઉપરાંત ક્રિકેટના પણ અચ્છા જાણકાર હતા અને ગુજરાતનાં સાહિત્ય-સંસ્કારની ઊંડી દાઝ એમને હૈયે હતી. ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતાના આદર્શ સાથે સ્વ. રણજિતરામના હાથે સ્થપાએલી અને એ દિશામાં ૬૫ વર્ષથી કામ કરતી આવેલી અમદાવાદની એ ક્ષેત્રની આદિ સંસ્થા 'ગુજરાત સાહિત્ય સભા'ના મંત્રીપદની છેલ્લા ચાર દાયકાની પોતાની સેવા દરમ્યાન એમણે જ પહેલી 'ગુજરાત ઇતિહાસ પરિષદ' અને 'રંગભૂમિ પરિષદ'નાં આયોજન કરેલાં, અને રણજિતરામ સુવર્ણચન્દ્રક તથા વાર્ષિક વાઙ્મય સમીક્ષા જેવી એ સંસ્થાની પ્રશસ્ય પ્રવૃત્તિઓ આગ્રહપૂર્વક ચાલુ રાખવામાં એમનો ફાળો મોટો છે. રાષ્ટ્રીય લડતની શરૂઆતથી જીવનના અંત સુધી તે ખાદી અને સ્વદેશીના આગ્રહી રહેલા.

એમની વિદાયથી આ સંસ્થાની એક મોટી હૂંફ વિલીન થઈ ગયાનું અમને દુઃખ છે. એમના દીર્ઘકાળના મિત્ર અને 'કુમાર'ના સંસ્થાપક શ્રી રવિશંકર રાવળની આ નીચેની અંજલિમાં સહભાગી થઈ એમને અમે પરમ શાંતિ ઇચ્છીએ છીએ.

—બ. ર.

ભાઈશ્રી ચૈતન્યપ્રસાદ દીવાનના અવસાને મને ખૂબ જ વિક્ષુબ્ધ કરી દીધો છે. એ સુદૃઢ-સૌન્દર્ય-વિદ્યા-સંપન્ન શ્રીમંત મિત્રમાં અનન્ય સ્વદેશપ્રેમ ને ભરપૂર ભાવનાભક્તિ હતાં. મારાથી છ વર્ષ નાના હોઈ તેમનાથી અનેક પ્રકારે કલાસાહિત્યની સેવા અખંડ ચાલુ રહેશે એવી મારી આશા એકાએક લોપ પામી છે. સ્વ. ડૉક્ટર હરિપ્રસાદ તેમને 'કદાન નાયક' કહેતા કારણ કે સંસ્કૃતિના સર્વ ક્ષેત્રોમાં તેમની ઉત્તમ ઉત્કંઠા પ્રકટ થતી. પોતાના વિશાળ ગ્રંથાલય અને વિદ્વાનોના સતત સંપર્કથી સંસ્કૃત ઉપરાંત ઉર્દૂ સાહિત્યના પણ એ અભ્યાસીની રસવૃત્તિ સદા ચેતનવંતી લાગતી. કલાપ્રદેશે તેમનો જ ઉત્સાહ મને તેમના સંસ્કારમંડળમાં ખેંચી ગયો હતો અને મારી કલાભાવનાને પોષક પ્રવાસો, પુસ્તકો અને મુલાકાતોની સગવડો પ્રાપ્ત કરી આપવા તે સદા તત્પરતા દાખવતા.

કલાની સાધના અને પ્રચારના મારા સર્વ પ્રયત્નોમાં અને પ્રસંગોમાં તેમનું પ્રોત્સાહન અને સહાય અવશ્ય મળતાં અને હું જ્યારેજ્યારે વિદેશી મિત્રો પાસે ગુજરાત પરત્વે વિનમ્રતા દાખવતો ત્યારે તે પુણ્ય પ્રકોપ કરતા કે ગુજરાત કોઈ રીતે પછાત નથી; આપણે બીજા દેશોના સમોવડિયા છીએ એવું ગૌરવ બતાવજો. તેમની જ સલાહ અને ભલામણથી હું અનેક વિદ્યાર્થીઓ અને કલાકારોને સહાયતા અપાવી શક્તો. એમનામાં કલા વિષે ઊંડી સૂઝ પ્રકટ થઈ હતી અને કલાભ્યાસના ઉત્તમ વિરલ ગ્રંથો પણ તેમણે પોતાના માટે વસાવ્યા હતા. ૧૯૪૩માં મેં દમના ઉપદ્રવે હતાશ બની 'કુમાર' બંધ કરવાનો સંકલ્પ કર્યો ત્યારે તેમની જ નિશ્ચયાત્મક સલાહ ને માર્ગદર્શનથી 'કુમાર' લિમિટેડ સંસ્થા બન્યું, જે આજે પણ ગુજરાતની સેવા માટે અસ્તિત્વમાં છે.

એ અવિસ્મરણીય મિત્રને આ વિનમ્ર અંજલિ છે.

—ર. મ. રાવળ

કારોની કૃતિઓ તથા સંસ્કૃત, હિંદી, ઉર્દૂ, ફારસી ને અરબી ભાષામાં અનેક પ્રકાશનો મળી પોતાના જીવનકાળ દરમિયાન એમણે ચાર હજાર કરતાં યે વિશેષ નાનાં-મોટાં પુસ્તકો પ્રકટ કર્યાં. વિદ્વાન લેખકો અને ઉત્તમ લહિયાઓ માટેની એમની શોધ હમેશાં ચાલતી જ રહેતી. મુનશી અમીરુલ્લા 'તસલીમ', પંડિત રતનનાથ 'સરશાર', પં. દયાશંકર 'નસીમ', અને અબ્દુલ હાતિમ 'શરાર' જેવા નામી કલમબાજોનું તંત્રી મંડળ 'અવધ અખબાર' ધરાવતું. તે પછી આવ્યો, મિરઝાં 'હૈરત' દહેલવી, સૈયદ જલીબ, મુનશી પ્રેમચંદ, મુનશી દ્વારકાપ્રસાદ 'ઉફુક' અને નૌબતરાય 'નઝર' જેવાનો ફાળો. ઉર્દૂના મહાકવિ ગાલિબનાં પ્રકાશનો એમણે જ કરેલાં, અને બંદી બાદશાહ બહાદુરશાહ ઝફરે છેક રંગૂનથી પોતાની કૃતિઓ એમને છાપવા મોકલી હતી. બારસો જેટલા માણસો એમના છાપખાનામાં કામ કરતા, અને કહેવાય છે કે તેમનું પ્રેસ એ સમયે પારી(સ)ના આલ્પાઈન પ્રેસ પછી દુનિયાનાં મોટામાં મોટા પ્રેસ તરીકે બીજા નંબરનું ગણાતું. મહાભારત, રામાયણ, કુરાન વગેરે જેવા ધર્મગ્રંથોનાં કામ તો કારીગરો રોજ નાહીધોઈને પવિત્ર થયા પછી જ બેસે એવો એ ત્યાં શિરસ્તો હતો, અને પ્રેસમાં પગરખાં પહેરીને જવાની બંધી હતી. એમને ત્યાં એટલું બધું કામ રહેતું કે કાગળ ખૂટી પડતા, તેથી એ માટે એમણે લખનૌમાં 'અપર ઇંડિયા પેપર મિલ' સ્થાપીને ભારતમાં એ નવા ઉદ્યોગનો આરંભ કર્યો હતો. લાહોર અને કાનપુરમાં પણ એમના પ્રેસની શાખાઓ ચાલતી.

આજથી એક સદી પહેલાં આવો વિશાળ પ્રકાશનઉદ્યોગ ચલાવવો અને દૂરદૂર સુધી એના વિતરણને સંગઠિત કરવું એ જેવાતેવાનું કામ નથી. અફઘાનિસ્તાન, અરબસ્તાન, ઈરાક, તુર્કસ્તાન ને છેક મિસર સુધી એમનાં પુસ્તકોની માગ હતી. તુલસીકૃત રામાયણ, અરબી કુરાન, ગુરુમુખી જનમસાખી જેવા ગ્રંથો ઉપરાંત ફારસી, હિંદી ને સંસ્કૃત સાહિત્યનો જે વિશાળ ખજાનો એમણે ખુલ્લો કરી નાખ્યો એનો ભારતભરમાં જોટો નથી.

પ્રકાશન ઉપરાંત અનેક સામાજિક કાર્યોમાં પણ તેઓ સક્રિય રસ

લેતા. કૅનિંગ કૉલેજ અને જ્યુબિલી કૉલેજની સ્થાપનામાં સૌથી વધુ હિસ્સો એમનો જ હતો. લખનૌ મ્યુનિસિપાલિટીના શરૂના ઇતિહાસ સાથે તેઓ સંકળાએલા હતા. અલીગઢ, આગ્રા અને દૂરદૂરની શિક્ષણ-સંસ્થાઓને પણ તેઓ સહાય કરતા. બ્રિટિશ સરકારે એમને 'કૈસરે' હિંદ તથા 'સી. આઈ. ઈ.' (કમ્પૅનિયન ઑવ ધી ઇન્ડિયન એમ્પાયર)ના ખિતાબથી નવાજેલા. તા. ૧૯ ફેબ્રુઆરી ૧૮૯૫માં એમનું અવસાન થયું.

મેથી

આપણી રસોઈમાં મસાલા તરીકે વપરાતી મેથીમાં પોષક ખોરાકનાં દ્રવ્યો, ટૉનિક ઔષધોના જેવાં ખનિજ-વિટામિન અને રોગ-નિવારક દ્રવ્યો છે. મેથી વાયુનું શમન કરે છે, કફ અને તાવનો નાશ કરે છે.

ખોરાકની દૃષ્ટિએ એમાં કઠોળ જેટલું સ્નાયુ સંવર્ધક પ્રોટીન, હાડકાં બાંધનાર ચૂનો અને લોહીમાં રક્તકણ વધારનાર લોહ તો અન્ન, કઠોળ, શાકભાજી ને ઘણાં ફળો કરતાં પણ વધુ છે. તેવાં જ સારાં 'સી' સિવાયનાં વિટામિનો છે. શરીરના કરોડો જીવનકોષોને જરૂરી પોટૅશ્યમ પણ સારા પ્રમાણમાં છે. આ ખનિજ હૃદયને હિતકારી અને લોહીમાં ઍસિડ આલ્કલીનું પ્રમાણ જાળવવામાં મદદ કરે છે. એમાં કોલાઈન નામનું વિટામિન તો ખૂબ છે, જે કલેજાનું આરોગ્ય જાળવે છે.

મેથીમાં પ્રોટીન ઘણું છે. આથી ઇજિપ્તમાં મકાઈના પાઉમાં ૧૦૦ ગ્રામે પાંચ ગ્રામ મેથીનો લોટ નાખવામાં આવે છે. આપણે પણ આપણા રોટલા-રોટલી-ભાખરીના લોટમાં કાચી મેથીનો લોટ નાખીએ તો ખોરાકનું પોષણમૂલ્ય વધે. ગુજરાતના ખ્યાતનામ કેળવણીકાર અને ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ શ્રી લાલભાઇ દેસાઈ ૭૫ વર્ષના છે; સવાર-સાંજ મળી પાંચેક માઈલ ફરે છે; આ ઉંમરે પણ જુવાન જેવું માનસિક ને શારીરિક સ્વાસ્થ્ય ધરાવે છે. તેઓ વર્ષો થયાં ઘણું ખરું સાંજે જુવારના લોટમાં એક ચમચો કાચી મેથીનો લોટ અને ઘીનું જરા મોણ દઈ બનાવેલો રોટલો ખાય છે. મોટી વયનાંને મેથી શક્તિપ્રદ છે. ધાવણાં બાળકવાળી માતાને પુષ્ટિપ્રદ અને ધાવણ વધારનારી છે.

ખોરાકમાં કડવા રસની પણ જરૂર છે. કડવો રસ રેચક, વિઘ્ન ને જ્વરઘ્ન છે અને માંસમજ્જાને દૃઢ કરે છે. કેટલાંક કુટુંબમાં જુવાન વર્ગને મેથીનો વઘાર ગમતો નથી તે ઠીક નથી. માતાએ બાળક નાનાં હોય ત્યારથી મેથીવાળી વાનીઓ ખાવાની તેમને ટેવ પાડવી જોઈએ અને જરા કડવી રસોઈની વાની જમવાનો સ્વાદ કેળવવો જોઈએ.

મેથી પલાળવાથી અને ફણગાવવાથી તેમાંની કડવાશ ઓછી થાય છે. અને તેમાં 'સી' વિટામિન પેદા થાય છે. આ રીતે પણ મેથીનો ઉપયોગ કરી શકાય. આજે ચોખા-અડદની દાળ પલાળી તેની મદ્રાસી વાનીઓ ઇડલી-ઢોંસા બનાવાય છે તેમાં ખમીર પેદા થતું હોઈ ખોરાક સુપાચ્ય બને છે. ખમીરની ખટાશને લીધે એમાં નાખેલી મેથીની કડવાશ ઘટશે. ઈડલી-ઢોંસા પુષ્ટિપ્રદ બનાવવા એમાં મેથી નાખવી જોઈએ. રોજની તુવેરની દાળ ઓરતાં ચાંગળું મેથી નાખવી જોઈએ.

શિયાળામાં રોજ સવારમાં અરધો તોલો મેથીનો લોટ, એટલા જ પ્રમાણમાં ઘીગોળ ભેળવી ખવાય. વાયુની પ્રકૃતિવાળા તેમાં ૦ા તોલો સૂંઠ કે ગંઠોડાનું ચુર્ણ ભેળવે આ રીતે ખાધેલી મેથી નિયમિત લેતાં ભૂખ ઊઘડશે, ઝીણો તાવ મટાડશે, ખોરાક પાચન કરશે, ઝાડો સાફ લાવશે, લોહીની શુદ્ધિ કરશે, કમર અને સાંધા દુખતા હશે તો મટાડશે. નિયમિત જીવન ગાળનાર મિતાહારીને આવો ફાયદો થવાનો જ.

ઘરગથ્થુ ઔષધ તરીકે મેથી નીચેની રીતે વાપરી શકાય.

(૧) રાત્રે દોઢ તોલો મેથીનો લોટ પાશેરેક દૂધમાં પલાળી રાખી સવારે તે તોલા દોઢતોલા ગરમ ઘીમાં ભેળવી, દોઢેક તોલો ગોળ મેળવી ત્રણેક અઠવાડિયાં ખાવાથી ધાવણાં બાળકની માતાને દૂધ વધશે.


(૨) ઝાડા સાથે લોહી પડતું હોય તો મેથીની ભાજીના રસમાં દોઢેક તોલો દ્રાક્ષનો રસ ભેળવી પીવાથી ફાયદો થશે.

(૩) મધુમેહના દરદી રાત્રે તોલોએક મેથી પલાળી સવારે તે સારી રીતે મસળી એ પાણી ગાળીને પીશે તો ધીરે ધીરે પિશાબની સાકર ઘટશે.

(૪) એકાદ તોલો મેથી તવી પર રતાશપડતી શેકી, ખાંડી, પાણીમાં ઉકાળી, તે પાણી ગાળી ઠંડુ પડયે પીવાથી લોહીવાળો મરડો મટશે.

(૫) મોળા દહીમાં અરધો પોણો તોલો કાચી મેથી ભેળવી તે દહીં સાથે મેથી ગળી જવાથી પેટમાં ગરબડ થતી હશે તે મટશે.

(ગુજરાતમિત્ર) — જ. ઓ. કાનુગા




ઍપોલો-૧૨ની વળતી સફરમાં લેવાએલું આ ફોટોચિત્ર જેવું દૃશ્ય અગાઉ કદી ઝડપાયું નથી. એ છે ચંદ્ર તરફથી જોતાં દેખાતું 'સૂર્યગ્રહણ', જેમાં સૂર્યની આડે પૃથ્વી આવી ગએલી છે. (યુ. એસ. યૂન્ઝ)

આ માસ (માર્ચ) ઇતિહાસમાં





તા. ૩, ૧૮૫૩ : ઝવેરાતથી યે અતિ-ગણી મૂલ્યવાન ગણાતી ચિત્રકૃતિઓના સર્જક વિખ્યાત ચિત્રકાર વિન્સેન્ટ વાન ગૉઘનો નેધરલૅન્ડ્ઝના ગ્રુટઝુન્ડર્ટ ગામે જન્મ. જાજ્વલ્યમાન રંગભભકથી ભરેલાં ચિત્રોની એની દૃષ્ટિ ને શૈલી આગવી જ હતી. રૂઢિગત વિષયો છોડી એણે કરેલાં પ્રાકૃતિક દશ્યો (જુઓ ઉપર), ગ્રામજનોની અને પોતાની તસવીરો, પદાર્થચિત્રો તથા રોજિંદા જીવનનાં આલેખનોમાં ખરું કલા-બળ દેખાય છે.



તા. ૧૦, ૧૮૭૬ : ઍલેક્ઝાંડર ગ્રૅહામ બેલને ટેલિફોનની શોધમાં સફળતા મળી. અમેરિકામાં એ. ઈ. ડૉલબીઅર અને ડૅનિયલ ડ્રૉબાધે પણ એ શોધનો દાવો કરેલો, અને પ્રો. એલિશા ગ્રેએ તો ત્યાંની પેટન્ટ ઑફિસમાં બેલના જેવી જ પોતાની શોધની નોંધ પણ કરાવેલી, પણ એમાં એ થોડા કલાક માટે જ મોડો પડેલો. આખરે ઍલેક્ઝાંડર ગ્રૅહામ બેલને જ ટેલિફોનના શોધક તરીકે આ તારીખે સત્તાવાર મંજૂરી મળી.



તા. ૧૫, ઈ. સ. પૂર્વે ૪૪ : જુલિયસ સીઝરનું ખૂન. લગભગ ભગ્નાવસ્થાએ પહોંચી ચૂકેલી રોમન લોકશાહીમાં સૈન્યના બળે એ મહાન સામ્રાજ્યની બધી સત્તા હાથ કરીને જુલિયસ સીઝરે તે સુધારવા ખેતી વિકસાવી, પરદેશીઓને રોમન નાગરિકત્વ આપ્યું, જાહેર પુસ્તકાલય સ્થાપ્યું, રોમન પંચાંગ સુધાર્યું, નવા કાયદાઓ ઘડ્યા અને ફરી એક વાર પ્રતિષ્ઠા ને ગૌરવ અપાવવા માંડ્યું; પણ એ બધો વિકાસ એણે પોતાની સત્તાના જોરે સાધેલો. તેથી લોકશાહીમાં માનનાર ચોખલિયાઓ ને તેના વિરોધીઓએ એને સેનેટમાં બોલાવીને દગાથી તેનું ખૂન કર્યું.



તા. ૨૯, ૧૮૫૭ : સત્તાવનની પહેલી ગોળી : અંગ્રેજોને હિંદુસ્તાનમાંથી હાંકી કાઢવા માટેની ગુપ્ત યોજનામાં અંગ્રેજો પાસેની ઘણી હિંદી પલટન પણ ભળેલી. એમાંથી બરાકપુરની ૩૪ નંબરની પલટને ચરબીવાળા કારતૂસો ન સ્વીકારતાં એ નાફરમાની માટે એને વિખેરી નાખવા ૨૯ માર્ચે મેદાન પર બોલાવવામાં આવી. ત્યારે એક સિપાઈ મંગળ પાંડે જાત પરનો કાબૂ ખોઈ બેઠો અને આગળ ધસી જઈ સાર્જન્ટ મેજર હ્યુસન પર ગોળી છોડી તથા લેફ્૦ બૉઘને તલવારથી પૂરો કર્યો, અને પકડાઈ ન જવાય એ સારુ પોતાની છાતીમાં જ ગોળી મારી; પણ એ મર્યો નહિ. જન૦ હીયર્સે એને કેદ કર્યો અને કૉર્ટ માર્શલે ૮મી એપ્રિલે તેને ફાંસી આપી.



તા. ૩૦, ૧૮૬૭ : પ્રેસિડેન્ટ લિંકનના વિદેશમંત્રી વિલિયમ સેવર્ડના પ્રયાસથી અમેરિકાએ ૭૨,૦૦,૦૦૦ ડૉલરની કિંમતે રશિયા પાસેથી આલાસ્કા ખરીદી લીધો. ત્યારે તો તદ્દન બિનઉપયોગી એવી એ ખરીદીને લોકોએ મૂર્ખાઈ ગણી હતી, પણ ત્યાં સોનું મળી આવતાં જે ધાડાં ઊતરી પડ્યાં એ (ગૉલ્ડ રશ)થી ત્યાંની વસતિ વધી. પછી તો કોલસો, ત્રાંબું, સામન માછલી, ફળ, ચામડાં, સીસું, પ્લૅટિનમ, ચાંદી, જસત વગેરેની પેદાશની પણ મોટી આવક વધી છે. ઈ. ૧૯૫૮ની ૭ જુલાઈએ અમેરિકન સંયુક્ત રાજ્યોમાં એને ૪૯મા રાજ્યનો સ્વતંત્ર દરજ્જો પણ મળ્યો.

રહિમન દેખ બડેન કો લઘુ ન દીજે ડાર,
જહાં કામ આવે સૂઈ, કહા કરે તલવાર?
—રહીમ

ઇંગ્લંડના રાજા જ્યૉર્જ પહેલાના ન્યાયાધીશે એક ખૂનના આરોપીને ન્યાયની પવિત્રતા જાળવવા ફાંસીની સજા તો ફરમાવી, પણ પછી રાજાને અપીલ કરી કે 'આરોપી અમારો કુટુંબીજન હોઇને અમારા ખાનદાનની નામોશી બચાવવા તેને માફી બક્ષવી; જે એકલો રાજાનો જ અધિકાર હતો.' રાજાએ અપીલ સાંભળી હુકમ કર્યો: 'આ ન્યાયાધીશ પોતાના ખાનદાનનું કલંક અમારા ખાનદાનને ચોંટાડવા માગે છે; માટે આરોપીને તત્કાલ ફાંસી આપવી.'




આ અંકની માધુકરીમાં જેમનું ચરિત્ર આપ્યું છે તે મુન્શી નવલકિશોરના માનમાં ગઈ ૧૯ ફેબ્રુઆરીએ ભારતે બહાર પાડેલી ખાસ ટપાલટિકિટ. જેમાં નીચે એમની ખ્યાતિના કારણરૂપ પ્રિન્ટિંગ પ્રેસનું સૂચક આલેખન છે.

અનેકાર્થી શબ્દ: 'ઘેડ'=ગડી કે સળ, નાનો ઘડો, ઢોચકું; ગિર તરફનો લીલોતરીવાળો પ્રદેશ; કૂવામાંથી પાણી ખેંચવા માટેની ઘટમાળ-ઘડાનો રેંટ; નદીના છેયાથી ભરપૂર કાંઠો; દરિયામાં નદી મળતાં પુરાઇને બનેલી બંદર પાસેની જમીન-ભાઠું; લૂમ કે જથ્થો.


કહેવતોના અર્થ: 'સોળ હાથની સાડી, પણ અરધા ટાંગ ઉઘાડી.' દક્ષિણી સાડીના પહેરવેશના દૃષ્ટાંત પર રચાએલી આ કહેવત, ઘણી મહેનત કે નાણું ખર્ચવા છતાં પણ કાર્ય પૂરું ન સધાતાં અધૂરું રહે, કરેલી મહેનત કે ખર્ચેલું નાણું એળે જાય એ દર્શાવવા વપરાય છે.

ગણિતગમ્મત: કોઈ પણ એકસરખા છ આંકડા આવે ત્યારે તેને ૭ વડે અચૂક ભાગી શકાશે. ૯૯૯૯૯૯÷૭=૧૪૨૮૫૭ અને એ રીતે બધા જ અંકની બાબતમાં.


લાંબામાં લાંબું વાક્ય: આપણે ત્યાં 'કાદંબરી'માં બાણે લખેલાં લાંબાં વાક્યો જાણીતાં છે. પણ દુનિયાના સાહિત્યમાં વિક્ટર હ્યુગોએ નવલકથા "લા મિઝરાબ્લ"ના પ્રારંભમાં જ લખેલું ૪૨૩ શબ્દનું વાક્ય લાંબામાં લાંબું ગણાતું હતું. એ વિક્રમ ભારતના આસામી લેખક લક્ષ્મીનાથ બેઝબરુઆએ તોડ્યો છે. ૧૯૨૪માં પાટનગર ગૌહાટીમાં ભરાએલા સંમેલનના પ્રમુખપદેથી આપેલા એમના વ્યાખ્યાનમાંના ૫૩૪ શબ્દના એ વાક્યમાં ૪૧ અલ્પવિરામ, ૯ અર્ધવિરામ બે બ્રેકેટેડ ખંડ અને બે અવતરણ-ખંડો આવે છે.



કલાકણિકા: યુદ્ધનાં શસ્ત્રાસ્ત્રોને પણ માનવી કલાથી સજાવ્યા વિના નથી રહ્યો. એનાં અનેક ઉદાહરણો પૈકીની આ તલવારની મૂઠ પર જયપુરની મીનાકારીમાં ફૂલવેલની ગૂંથણી વચ્ચે મથાળે હાથીનું મસ્તક અને વચ્ચે સૂર્યવંશી રાજપૂતોનું પ્રતીક સૂર્ય છે.



શત્રુંજય પરનાં જૈન મંદિરો (ફોટોકલાકાર: આર. આર. ભારદ્વાજ) સૌરાષ્ટ્રની સમથલ ધરતી પર આકાશમાં તરતા પુષ્પક વિમાન પેઠે સોહી રહેલા શત્રુંજય પર્વત પરના મંદિર-નગરનાં 'એક હજાર ને એક' જેટલાં કહેવાતાં દહેરાં એકસાથે આવરી લેવાં એ વિમાનની સહાય વિના અશક્ય છે, પણ એની બહુલતાને ફોટોકલાકારે અહીં સરસ રીતે રજૂ કરી છે. ક્ષિતિજમાં મળી જતી ધરતીની આછી પશ્ચાદ્ભૂને પડછે આ મંદિરોના સ્થાનની ઊંચાઈ વધુ સ્પષ્ટ બને છે, તો સવારના કુમળા સૂર્યપ્રકાશથી રચાતી તેજછાયા એની ગીચતા અને આકારઘનતા સાથે સ્થાપત્યકળાને વધુ ચોટદાર બનાવે છે. વિહંગ-દૃષ્ટિકોણમાં દેખાતી વૃક્ષડાળ અને કોટની દીવાલ ચિત્રમાં ઊંડાણ પૂરવા સાથે તેની પાછળનાં દહેરાંના કદનું પ્રમાણભાન પણ આપે છે. ચિત્રના દૃષ્ટિકોણ જેમ ફોટોગ્રાફરની કલાસૂઝ દાખવે છે તેમ ચિત્રના તેજછાયાના બધા વિસ્તારમાં ઊતરેલી સંપૂર્ણ વિગત એના ફોટોકસબનો પુરાવો આપે છે.



વિચિમાલા · ફોટો અશ્વિન મહેતા

શ્રી અશ્વિન મહેતાએ હમણાં નિસર્ગતત્ત્વો અને છાયાપ્રકાશની લીલાથી રચાતાં ભાત-શોભનમૂલક અને લયાન્વિત શૈલીનાં ફોટોચિત્રો સર્જ્યાં છે. એમાંનું આ ચિત્ર અન્ય જેટલું અરૂઢ શૈલીનું નથી. ક્ષિતિજ પરથી ધસી આવતાં મોજાંથી માંડીને કિનારાની રેતી પર જે ફેનિલ-ભાત રહી જાય છે ત્યાં સુધીના સમગ્ર પટ પર રચાતી ગતિશીલ જલરાશિની જીવંત લીલાને વચ્ચેની ખાલી જગ્યામાં લીધેલા બાળક વડે કલાકારે કેવી સચેતન અને સપ્રમાણ બનાવી દીધી છે!